
મે-જૂન ૨૦૦૯
વર્ષ ૩ અંક ૩

# ખોજ

## જીવન એક અવિરત ખોજ



आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

-ऋग्वेद

*Whence this creation has come*
*He who is its surveyor in heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*-Xenophanes*

*A Greek bard, 570-475 B.C.*

# ખોજ

## જીવન એક અવિરત ખોજ

મે - જૂન ૨૦૦૯
વર્ષ ૩, અંક ૩

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુક્લ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

કવરપેજ પર Cato Institute દ્વારા પ્રકાશિત જેમ્સ ટૂલીના પુસ્તક The Beautiful Treeનું મુખપૃષ્ઠ સાભાર.


| | | |
|---|---|---|
| સંપાદકીય | | ૪ |
| પત્રો | | ૫ |
| પ્રતિભાવ - ચર્ચા | | |
| ચૂંટણી અંગે | અશ્વિન ન. કારીઆ | ૭ |
| ચૂંટણી પરિણામો : સંકેતો અને પડકારો | અંબરીષ મહેતા | ૧૦ |
| ઈન્ડિયા .. .. .. મેરી જાન.. .. .. | રામચંદ્ર ગુહા | ૧૩ |
| મનમોહનસિંઘનું ખાસ કામ | શેખર ગુપ્તા | ૧૯ |
| ધ બ્યુટીફુલ ટ્રી | જેમ્સ ટૂલી | ૨૧ |
| બાળકોનો શિક્ષણ અધિકાર ખરડો | અશ્વિન ન. કારીઆ | ૩૪ |
| ઈસ્લામ : દાઢી, બુરખો કે જ્ઞાનપ્રાપ્તિની ઝંખના? | જાવેદ આનંદ | ૩૫ |
| આખરે ડૉ. બિનાયક સેનને જામીન | તૃપ્તિ પારેખ | ૩૭ |
| ....તો માર્કસ જી-૨૦ દેશોને શી સલાહ આપત? | દિનેશ શુક્લ | ૩૯ |
| પુસ્તક પરિચય : ગાંધી, અલવિદા ? | જયંતી પટેલ | ૪૧ |
| વાર્તા : વિવેક | કર્દમ ર. મોદી | ૪૫ |


લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી. એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com
truptiparekh1@hotmail.com

‘ખોજ’માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

૧૫મી લોકસભા માટેની ચૂંટણી આવી અને ગઈ. દેશની જનતાએ મનમોહનસિંઘના નેતૃત્ત્વવાળી કોંગ્રેસ ગઠબંધનની સરકારને બીજાં પાંચ વર્ષ સુધી સરકાર ચલાવવાનો સ્પષ્ટ જનાદેશ આપ્યો. ત્રિશંકુ લોકસભાની સ્થિતિમાંથી બચી જવાના ખ્યાલે દેશ આખાએ રાહત અને હાશકારાની લાગણી અનુભવી.

આ જીત લોકોની વધતી અપેક્ષાઓ સંતોષવાના પડકાર સાથે આવી છે. નવી સરકાર જે અનેક પડકારોનો સામનો કરી રહી છે તેમાંનો એક ઘણો અગત્યનો પડકાર ખાડે ગયેલા શિક્ષણક્ષેત્રની કાયાપલટ કરીને ૨૦૧૫ સુધીમાં દેશના બધાં બાળકોને ગુણવત્તાવાળું શિક્ષણ મળી રહે તે પાક્કું કરવાનો છે.

શિક્ષણની વાત આવે ત્યારે સૌ એમ જ માનીને ચાલે છે કે ઉચ્ચ અને મધ્યમ વર્ગના લોકો તો જાણે પોતાનાં બાળકોને ખાનગી સ્કુલોમાં ભણાવી શકે છે, પરંતુ ગરીબ લોકો પાસે તો પોતાનાં બાળકોને સરકારી સ્કુલોમાં મોકલવા સિવાય બીજો કોઇ આરો-ઓવારો નથી. બીજી બાજુ, સરકારી શિક્ષણ તો સાવ ખાડે ગયેલું છે એ તો આપણે સૌ જાણીએ છીએ - કાં તો સ્કુલો જ ન હોય, હોય તો શિક્ષકો આવતા જ ન હોય અને આવતા હોય તો પણ બાળકોને ભણાવવાને બદલે ભળતી જ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોય ! આ સંજોગોમાં ગરીબ બાળકો તો બધાં કાયમ માટે શિક્ષણથી વંચિત જ રહી જાય એવી સ્થિતિ પેદા થઇ છે.

પરંતુ આ સ્થિતિમાં શહેરો કે ગામડાના ગરીબ વિસ્તારોમાં ખરેખર શું ચાલી રહ્યું છે, લોકો પોતાનાં બાળકોને ભણાવવા ઇચ્છે છે કે નહીં અને હા, તો એ માટે શું કરી રહ્યા છે, તે વિશે ભાગ્યે કશું જોવા સાંભળવા મળે છે. ત્યાં અચાનક જ થોડા દિવસ પહેલાં ઇન્ટરનેટ પર અંગ્રેજ શિક્ષણવિદ જેમ્સ ટૂલીના પુસ્તક 'The Beautiful Tree - A personal journey into how world's poorest people are educating themselves' નો પરિચય થયો અને એનાં પહેલાં બે પ્રકરણો પણ વાંચવા મળ્યાં. આ પુસ્તકમાં એમણે ભારત જ નહીં પણ નાઇજીરિયા, ઘાના, કેન્યા, ચીન જેવા વિકાસશીલ દેશોમાં પણ સરકારી શિક્ષણની બિસ્માર હાલતની સ્થિતિમાં ગરીબ લોકો માથે હાથ દઇને બેસી રહેવાને બદલે કઇ રીતે પોતાનાં બાળકોને મહિને ૫૦ થી ૨૦૦ રૂ. સુધીની ફી ભરીને ખાનગી સ્કુલોમાં મોકલી રહ્યા છે અને એ માટે એમનામાંથી જ કેટલાયે લોકોએ કોઇ પણ જાતની સરકારી કે બહારી સહાય વગર કઇ રીતે ગલીએ ગલીએ સસ્તી ખાનગી સ્કુલો ઊભી કરી છે તેનું તાદૃશ ચિત્ર રજૂ કર્યું છે, એની સાથે જ શિક્ષણવિદો કે નીતિનિર્ધારકો કઇ રીતે આ આખી બાબતની નોંધ જ નથી લેતા, લે ત્યારે પણ રડ્યો ખડ્યો ઉલ્લેખ કરીને પછી સાવ અવગણે છે અને ઘણા તો 'આ તો ગરીબોના શોષણ માટેની શિક્ષણની હાટડીઓ જ છે' એમ કહીને એને ઊતારી પાડે છે તેનું પણ સચોટ ચિત્ર રજૂ કર્યું છે. પોતાનાં બાળકોને સારું શિક્ષણ મળે તે માટે ગરીબોએ પોતે પોતાના અભિક્રમથી આ સુંદર વૃક્ષ ઊગાડ્યું છે. તેના વિકાસ આડેના અવરોધો (નિયંત્રણો) દૂર કરવામાં આવે અને તેને સંકોરીને પોષણ આપવામાં આવે તો તે આનાથી પણ વધારે સારી રીતે ફૂલીફાલી શકે. પરંતુ એ કરવાનું તો દૂર રહ્યું, મોટાભાગના શિક્ષણવિદો અને નીતિનિર્ધારકો તો આ વૃક્ષને મૂળિયાં સમેત ઊખેડી નાખવાની જ પેરવીમાં હોવાનું લાગી રહ્યું છે !

આ અંકમાં જેમ્સ ટૂલીના આ પુસ્તકનાં પહેલાં બે પ્રકરણનો ભાવાનુવાદ રજૂ કરીએ છીએ, જેમાં હૈદ્રાબાદની ઝૂંપડપટ્ટીઓમાં ફૂલેલીફાલેલી અનેક ખાનગી સ્કુલોની કરીબી ઝાંખી મળે છે. ■

**- સંપાદક**

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

ખરે જ, દાદ દેવી જોઇએ. આ વખતનો 'ખોજ'નો અંક હમણાં પ્રવાસેથી આવીને છેલ્લા બે દિવસમાં વાંચ્યો. બધા જ લેખો કાંઇ ને કાંઇ પ્રદાન કરી ગયા. તેમાં સંપાદકીય જહેમત પણ ખાસ્સી જણાઇ આવે છે. ઘણી માહિતી, ઘણું વૈચારિક ખેડાણ, ઠીકઠીક ચિંતન. એક જાગરૂક સામયિકમાં આ બધું હોય જ. અને મુખ્ય તો નિસબત. પ્રબુદ્ધ જનની સમાજ પ્રત્યેની નિસબત. હાર્દિક અભિનંદન!

વિચારોમાં એકમતી હોવાની કોઇ જરૂર નથી. વિચારવલોણું ચાલ્યા કરે, એ ઇષ્ટ છે. મુક્ત બજાર અંગેની ચર્ચા જાણે સાતમા કોઠામાં પ્રવેશી છે. પ્રત્યક્ષ પરિસ્થિતિ જ કદાચ સાચી સમજ કેળવી જશે. તૃપ્તિના બધા જ લેખો સરસ - પુસ્તક પરિચય સુધ્ધાં. ધન્યવાદ!

*- કાન્તિ શાહ, વલસાડ*

'ખોજ'નો જોડિયો અંક મળ્યો. બે અંક ભેગા હોવાને કારણે ખાસ્સો દળદાર થયો છે. વિષય-વૈવિધ્ય સારું છે. અંકનો મુખ્ય થીમ, મારી દૃષ્ટિએ, આર્થિક કટોકટી છે, જે વિષેના ત્રણ લેખો છે. એમાં ચર્ચા સારી છે પણ થોડી ટેકનિકલ છે. અંબરીષભાઈએ સમજાવવાનો પ્રયાસ કર્યો છે પણ અર્થશાસ્ત્રનું પૂર્વજ્ઞાન ન ધરાવનારને સમજવું મુશ્કેલ પડે તેમ છે.

કેટલાક પ્રાસંગિક લેખોને સ્થાન આપીને ખોજમાં બેલેન્સ કરવાનો પ્રયાસ આવકાર્ય અને પ્રશંસનીય છે. લોકસભાના ઉમેદવારોને જવાબદાર કેવી રીતે બનાવી શકાય તે વિષેની ચર્ચાને રોહિત પ્રજાપતિ અને તૃપ્તિબહેન શાહે 'કીક' મારી છે. આવતા અંકોમાં તે વિષેની ચર્ચામાં વધુ મિત્રો ભાગીદાર થાય એવી અપેક્ષા. ૨૦૦૯ની ચૂંટણી ટાણે આ બધા મુદ્દાઓનો વિમર્શ થાય એ પૂરતું નથી. પરિણામો પછી પણ તે બધાની ચર્ચા ચાલુ રહેવી જોઈએ.

*-દિનેશ શુકલ, અમદાવાદ*

પ્રથમ અંકથી અદ્યાપ્ર 'ખોજ'નો વાચક-ગ્રાહક રહ્યો છું એટલે સ્વાભાવિક છે કે 'ખોજ' મને ગમે છે.

આ અંકમાં આર્થિક કટોકટી વિશે સરસ છણાવટ વાંચવા મળી. વડોદરાનું શુક્રવારી બજાર વિશેનો લેખ સરસ માહિતી આપતો જણાયો. 'ગુજરાતની અસ્મિતા : મારી નજરે' - આ પુસ્તક પરિચય વાંચીને પ્રસ્તુત પુસ્તક મંગાવવાની પ્રેરણા પ્રાપ્ત થઈ. માહિતી પણ મળી. દરેક અંકમાં પુસ્તક પરિચય સમીક્ષા પ્રસિદ્ધ કરવા નમ્ર સૂચન.

*- બાબુલાલ ગોર, ભુજ*

રાજેશ મિશ્રાનો 'મોડાસા હીપેટાઈટીસ બી ઘટના' પરનો લેખ વાંચ્યો. ઘણો જ આનંદ થયો. હું છેલ્લાં ૧૫ વર્ષથી private practice કરું છું. MBBS છું અને 'આર્ચ' માંગરોલના દવાખાનામાં Intership કર્યા બાદ શીખવા મળ્યું હતું કે ઈન્જેકશન-બોટલની દર્દીની સારવાર માટે એક ટકો માત્ર જરૂર હોય છે. અને એ સિદ્ધાંત અનુસાર જ સારવાર કરવામાં મને કોઇ તકલીફ થઇ નથી. પણ અત્યારના સંજોગોમાં તકલીફ એ છે કે દર્દીઓની માનસિકતા આ RMP કે લેભાગુ ડોક્ટરોએ બદલી નાખી છે. કારણ કે તેમને દિવસમાં ચાર પાંચ બાટલા ના ચઢાવે તો પૈસા મળતા નથી. મારા દવાખાનાની બાજુમાં જ એક RMP ડોક્ટર છે, જે દિવસમાં ૫ કે ૬ બોટલ ચઢાવે જ છે. અને આજે મેં ૧૫ વર્ષમાં માંડ ૨ બોટલ ચઢાવ્યા હશે. તેથી તદન એકપક્ષીય વાત કરવાનો કશો અર્થ નથી. મોડાસામાં HbSAG ફેલાવાનું મૂળભૂત કારણ પટેલ ડોક્ટર્સ કરતાં પણ આવા લેભાગુ ડોકટર્સ કે જેઓ સારવાર કરતાં પહેલાં બોટલ/ઈન્જેકશન આપે છે તે હશે, કારણ કે ત્યાર બાદ જ દર્દી qualified ડોક્ટર પાસે આવે છે, જેની નોંધ લેશો.

*- ડૉ. કલ્પેશ ગોહેલ , આણંદ*

માહે જાન્યુ-એપ્રિલ ૨૦૦૯નો અંક મળતાં હર્ષની અને આભારની લાગણી વ્યક્ત કરું છું. અશ્વિનકુમાર કારીઆ લિખિત લેખ 'નૈતિકતાના સૈનિકો, એક નઝર ઇસ ઔર ભી કીજીએ' વિશે માત્ર ધાર્મિક માપદંડ કે મૂલ્યાંકન થઇ ન શકે તે મુદ્દા પર વિશેષ પ્રકાશ પાડવા બદલ અભિનંદન પાઠવું છું. 'મઝહબ નહીં સિખાતા આપસ મેં બૈર રખના' લેખ રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

અંબરીષ મહેતાને 'આર્થિક કટોકટી' લેખ દ્વારા વર્તમાન યુગની નાણાંકીય સમીક્ષાની વિસ્તૃત જાણકારી આપવા બદલ ધન્યવાદ પાઠવું છું. 'ગરીબ પણ છૈયે કેટલાં બધાં!' ઇલા ર.ભટ્ટનો લેખ હૃદયસ્પર્શી રહ્યો.

***- રસિકલાલ વ્યાસ, ભાવનગર***

જાન્યુ-એપ્રિલ ૨૦૦૯નો સંયુક્ત અંક મળતાં ખુશીની લાગણી વ્યક્ત કરું છું. 'ખોજ' અમારા સાહિત્યદર્શન પુસ્તકાલયના વાચકોનું પ્રિય સામયિક છે. 'મઝહબ નહીં સિખાતા આપસ મેં બૈર રખના' કૃતિ વાંચી. બંને કોમના લોકોમાં ભાઇચારો વધે અને એકબીજા તરફથી નફરત દૂર કરવા વાર-તહેવારે એકબીજાને મુબારક આપવા સ્નેહમિલન જેવા પ્રોગ્રામ બનાવી વિશ્વાસ પેદા કરવો. ભારતમાં વતનપ્રેમની ભાવના પેદા કરવી એ સૂત્ર મુસલમાન ભાઇઓએ અપનાવવાં જોઇએ! લેખકશ્રી ઇસ્માઇલ ગાંધીનો સુંદર લેખ 'ખોજ'માં આપવા બદલ અભિનંદન પાઠવું છું! 'ગરીબ પણ છૈયે કેટલાં બધાં!' ઇલાબેનની કૃતિ વાંચી. ગમી. આજકાલ શ્રમજીવી સમુદાયની જરૂરિયાતોનું પૂરતું ધ્યાન અપાતું નથી એ દુઃખદ ઘટના ગણાય. 'ખોજ'ની તમામ કૃતિઓ વાંચી ગયો. માહિતીસભર કૃતિઓ પીરસવા બદલ તંત્રીશ્રીને ધન્યવાદ.

***- હર્ષદભાઇ વ્યાસ, ભાવનગર***

ભાવનગરના રંગવાલા હકીમ એચ.નો પત્ર અને સંપાદકીય ટિપ્પણી વાંચ્યા પછી પહેલું એ કે ''પ્રો. મહેબૂબ દેસાઈના જે લેખ સામે એમણે ઉપાડો લીધો છે...'' વાકયમાં 'ઉપાડો' શબ્દ સંપાદકીય કલમને શોભતો નથી. એમાં એક જાગૃત અને સક્રિય વાચક અને પ્રતિભાવ આપવા સુધી પ્રેરાયેલ હકીમ રંગવાલાનું અપમાન છે - વાચક જે પ્રતિભાવ આપવા સક્રિય બને છે તેનું અપમાન છે. આ શબ્દ પાછો ખેંચવો જોઈએ. થોડી ભાષાશિસ્ત.. Please !

પત્રના બીજા ફકરામાં ઉઠાવેલ મુદ્દો બૌદ્ધિકોની સેળભેળિયા ભૂમિકાને પડકારે છે - વિચારપત્રોનાં પક્ષપાતી વલણો તરફ આંગળી ચીંધે છે. વિચારપત્રો માટે આ આત્મ નિરીક્ષણની તક છે !

પ્રો. મહેબૂબ દેસાઈનો લેખ હકીમને લખવા પ્રેરે છે. નિશાન મહેબૂબ દેસાઈ નથી, 'ખોજ'નો અભિગમ તેમનું નિશાન છે એમ મને લાગ્યું છે.

ધર્મ વિષયક આવા લેખો 'અખંડ આનંદ' કે 'જનકલ્યાણ' કે 'નવનીત સમર્પણ' જેવામાં છપાય તો હકીમને કશું કહેવાનું નથી. તે લેખો યથાસ્થાને છે. વિચારપત્રો પાસે હકીમની અપેક્ષા ઊંચી છે.

ભાવનગરનો વાચક/શ્રોતા ચર્ચા કરવા પ્રેરાય તે જ રળિયામણી ઘડી છે. બાકી અહીં તો શ્રવણભક્તિનો મહિમા છે-'વાદે વાદે જાયતે'...નો નહિ.

તા.ક. પ્રો. દેસાઈનો લેખ ખૂબ સરસ હતો.

***- અજય પાઠક, ભાવનગર***

'ખોજ'ના માર્ચ-એપ્રિલના અંકમાં વર્ષાબેન દ્વારા આદરેલી આ અત્યંત જરૂરી પ્રવૃત્તિ માટે તેમને લાખ્ખો વંદન. લાખ્ખો બહેનો-બાળકોનાં આશીર્વાદ મળે અને સમગ્ર સમાજમાં શાંતિ સ્થપાય, તેવી આ ઉમદા પ્રવૃત્તિ છે. તમે કેવી રીતે કામ કરો છો, કેટલાં સખીમંડળો આમાં જોડાયાં છે, સૌથી પહેલાં આ વિચાર કોને આવ્યો, તમારી પદ્ધતિ કઈ છે, કેટલો વ્યાપ વધ્યો છે, કેટલી સફળતા મળી છે, તમારું આગામી આયોજન શું છે, મને કશી ખબર નથી. પણ સમ્રગ દુનિયામાં કરવા જેવી આ ઝુંબેશ છે. કમ સે કમ, સમગ્ર ગુજરાતમાં તો કરો જ કરો.

***- સુરેશ સોની, સાબરકાંઠા***

'ખોજ'નો માર્ચ-એપ્રિલ ૨૦૦૮ નો અંક મળ્યો. બધા જ લેખો વાંચવા-વિચારવા લાયક છે. 'અમારી દીકરીઓને પાછી આપો' લેખ અંતરને માત્ર સ્પર્શી જ નહીં, વીંધી ગયો! 'વિકાસના નામે આ શું થઇ રહ્યું છે?' તથા 'વાયબ્રન્ટ ગુજરાતના વિકાસનો વરવો ચહેરો' જેવા લેખો નવી દૃષ્ટિથી જોવા માટે વાચકને ફરજ પાડે છે અને ત્યારે સમજાય છે કે કહેવાતા વિકાસ પાછળ કેટલી કરુણતા છુપાયેલી છે!

'રેશનાલિઝમના ગુજરાતી પર્યાયની ખોજ' વિશે ઉમેરવાનું કે, 'વિવેકબુદ્ધિ' શબ્દ સર્વસામાન્ય ને સર્વમાન્ય વર્ષોથી સ્વીકારાયેલો છે. શ્રી રમણભાઇ પાઠકના કહેવા પ્રમાણે ખરે જ શ્રી જયંતીભાઇ પટેલ 'વિવેક' શબ્દથી ગેરમાર્ગે દોરવાયા હશે તેમ લાગે છે. વિવેક શબ્દનો અન્ય અર્થ 'વિવેકભાન' તરીકે અહીં લેવાનો છે. એટલે કે સારાસારનો વિવેક એ અર્થમાં. આમ, મારી દૃષ્ટિએ 'વિવેકબુદ્ધિ' શબ્દ બધા જ દૃષ્ટિકોણથી બરાબર બંધ બેસે છે અને તદ્દન યોગ્ય જ છે. શ્રી પાઠક સાહેબને વિનંતી કે તમારે દરેક બાબતમાં ખુલાસો કરવાનું જરૂરી હોવું જોઇએ નહીં, કારણ 'એવરીબડી સીઝ વીથ હીસ ઓન ચોઇસ.' કોઇ ગેરસમજ કરે તો તેથી બધા જ વાચકો તેવી ગેરસમજથી દોરવાઇ જાય તેમ બનતું નથી. અસ્તુઃ

***- દોલતરાય નથુભાઇ પરીખ, બિલીમોરા***

# 'ચૂંટણી ટાણે' અને 'લોકસભાના ઉમેદવારો નાગરિકને જવાબદાર બને'

અશ્વિનકુમાર ન. કારીઆ

'ખોજ' માર્ચ-એપ્રિલ ૨૦૦૯ અંકમાં તૃપ્તિ પારેખના 'ચૂંટણી ટાણે' શીર્ષક હેઠળ પ્રગટ થયેલ લેખના અનુસંધાને વાત કરવાનું મન છે. આ લેખનો મુખ્ય સૂર એ છે કે રાજકારણીઓ નિયમોને અળગા રાખીને ચાલે ત્યારે આપણે કેમ ચૂપ બેસી રહીએ? દેશના પ્રત્યેક નાગરિકની જિંદગી, ગરિમા, મિલકતનું રક્ષણ, તમામ નાગરિકોના વ્યક્તિ-સ્વાતંત્ર્યનો આદર; ટૂંકમાં કાયદાના શાસનની આણ માથે રાખવી. આપણા રાજ્ય સહિત સમગ્ર દેશમાં કાયદા ઘડતર, તેની પ્રક્રિયા અને અમલમાં કાયદાના શાસનના સિદ્ધાંતનું પૂરું પાલન થયેલ જણાતું નથી. હમણાં જ સમાપ્ત થયેલ ચૂંટણીમાં રાષ્ટ્રના મુખ્ય પક્ષો ગુનેગારોને પોતાના પક્ષમાં ખેંચવા હરીફાઈ કરતા હતા. શું પ્રજાને સ્વચ્છ ઉમેદવાર (પ્રતિનિધિ)નો અધિકાર પણ નહીં?

'કાયદાનું શાસન' એટલે નિયમ મુજબ જ શાસનનો વ્યવહાર તેટલી સમજ અપૂરતી છે. બંધારણ અનુચ્છેદ ૧૪ હેઠળ તો કાયદાનું સમાન રક્ષણ અને કાયદા સમક્ષ સમાનતા તેમાં ગર્ભિત છે. આપણા રાજ્ય શાસનનાં ત્રણ અંગો–કારોબારી, સંસદ અને ન્યાયતંત્ર. ત્રણે અંગોમાંથી એકેય અંગ કાયદા શાસનની અવગણના કરવામાંથી બાકાત નથી. ડીગ્રી વધતી ઓછી હોઈ શકે છે. દેશના પ્રાણપ્રશ્નો આરોગ્ય, ગંદકી, ગરીબી, ભ્રષ્ટાચાર, અંધશ્રદ્ધા, રાજકારણનું અપરાધીકરણ, વાહનવ્યવહાર, મિલકતની ખરીદી, વેચાણ, પાણી, રાજ્યો વચ્ચે પાણીની વહેંચણી જેવી બાબતોમાં આપણે ત્યાં કાયદાઓ ઘડવા તરફ રાજ્ય બેદરકાર છે અને કાયદાઓ કદાચ ઘડેલ હોય તો તેના નબળા અમલને કારણે તેનો કોઈ પ્રભાવ નથી. ધુમ્રપાન પ્રતિબંધ કાયદો તેનું સાદું ઉદાહરણ છે. ગત ૨ ઓક્ટો. ના રોજ સરકારે લાખો રૂપિયાની ખર્ચેલ જાહેરાતનું પરિણામ શૂન્ય છે. રાજ્યનું વર્તન એવું રહ્યું છે કે જાણે જાહેરાતો છપાવવાથી જ કાયદાનો અમલ થઈ ગયો હોય! એક તરફ જરૂરી કાયદાઓનો અભાવ, બીજી તરફ કાયદાઓનો નબળો અમલ અને ત્રીજી તરફ બિનજરૂરી કાયદાઓની હારમાળા છે. જમીન અંગે કેન્દ્ર સરકાર તેમજ અનેક રાજ્ય સરકારના પોતાના કાયદાઓ હોવા છતાં, ખેતમજૂરો, ગ્રામજનો, મધ્યમવર્ગને પોતાની રોજીરોટી માટે જમીનનો ટુકડો મળતો નથી કે પોતાનું મકાન બાંધવા માટેનું સ્વપ્ન અધૂરું જ રહે છે. બીજી તરફ રીલાયન્સને હજારો એકર જમીન રાતોરાત મળી જાય છે. નેનો માટે ટાટાને ત્રણ જ દિવસમાં જમીન વિધિના કાગળિયા થઈ ગયા!

રેલવે સ્ટેશન કે બસ સ્ટેશનની પૂછપરછની બારી પર બેઠેલ માણસ મુસાફરોને તોછડા જવાબ આપે છે, શિક્ષકો બરાબર ભણાવતા નથી, તોફાનો વખતે પોલીસો પોતાની ફરજ બરાબર બજાવતા નથી, પરીક્ષાઓમાં બેફામ ચોરીઓ થાય છે, સરકારી કચેરીઓમાં કામ થવાના બદલે કામ ટાળવાનું વિશેષ અનુસરવામાં આવે છે. સરકારનું કોઈ ખાતું ભ્રષ્ટાચારથી બાકાત નથી. કાયદાથી પ્રતિબંધિત હોવા છતાં બાળમજૂરો ડગલે ને પગલે જોવા મળે છે, કાયદાથી મનાઈ હોવા છતાં શિક્ષકો ટ્યુશન વર્ગો ચલાવે છે, બોર્ડ અને યુનિ. પરીક્ષાના પ્રશ્નપત્રો આરામથી બજારમાં મળે છે, દરેક નાના-મોટા નગરમાં તેમજ હાઈવે પર રોજના ડઝનબંધના હિસાબે અકસ્માતમાં નિર્દોષ માનવીઓ કાળનો કોળિયો બને છે, નિર્દોષ દેખાવકારો પર પોલીસ-ગોળીબાર થાય છે - આ તમામના પાયામાં કાયદાશાસન તરફ પ્રજા તેમજ શાસનતંત્રની અવગણના જવાબદાર છે. ટૂંકમાં સમજાવીએ તો,

૧. અનેક જરી-પુરાણા અસંગત થઈ ગયેલા કાયદાઓ આજે કોઈ રીતે સુસંગત ન હોવા છતાં કાયદાપોથીમાં ચાલુ છે.

૨. જે વિષયો બાબતે કાયદાઓ ઘડાવા જોઈએ તેમાં શૂન્યાવકાશ અને જેની જરૂર ન હોય તેવા કાયદાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

૩. સંસદ કે વિધાનસભામાં કાયદાના ઘડતરની પ્રક્રિયામાં પૂરતી અને પુખ્ત વિચારણાનો અભાવ દેખાય છે.

૪. કાયદાના નબળા અમલને કારણે લોકોને કાયદાશાસન તેમજ ન્યાયતંત્રમાં વિશ્વાસ બેસતો નથી. પોલીસ દમદાટી આપીને નિર્દોષ લોકોને ભયમાં મૂકે છે, જેલના સળિયા પાછળ ધકેલે છે અને ભ્રષ્ટાચાર આચરે છે.

૫. સરકારી કચેરીઓ, ન્યાયતંત્ર, શહેર સુધરાઈ, પંચાયત તંત્ર, શાળા-કોલેજોના વહીવટમાં કાયદાઓ ભાગ્યે જ પળાય છે. કોમી રમખાણો, ટ્રાફિક વ્યવસ્થા, હજ સબસિડી, શાળા-કોલેજને માન્યતા, જુદાજુદા ગ્રેડના કર્મચારીઓ વચ્ચે પગારની અસમાનતા, સામાજિક ન્યાય, બિનસાંપ્રદાયિકતા બાબતે

રાજયનો વ્યવહાર વ. માં બંધારણ અથવા જે તે કાયદાના હેતુઓ ભાગ્યે જ જળવાય છે.

૬. વકીલો, તબીબો, શિક્ષિતો સહિત પ્રજાના વિવિધ વર્ગો પોતાને લાભકર્તા કાયદાઓથી અજાણ છે.

૭. ગુજરાત રાજ્યમાં એક બે અપવાદ સિવાય કાયદાનું શિક્ષણ તદ્દન કથળેલી અને જર્જરિત સ્થિતિમાં છે. તેમાં સુધારો કરીને ગતિશીલતા લાવવાની જરૂર છે.

૮. દરેક કાયદાની સમયાંતરે સમીક્ષા થવી જોઇએ. સમીક્ષા કરતી વખતે અસરકર્તા હિતોને સ્થાન આપવું જોઇએ.

૯. કોઇપણ ખરડો રજૂ થતા અગાઉ પ્રજાનાં હિતો, અવાજને લક્ષમાં લેવાં જરૂરી છે. સંબંધકર્તા જૂથોના અભિપ્રાયો ધ્યાનમાં લીધા બાદ જ ખરડો ગૃહમાં રજૂ થવો જોઇએ.

૧૦. ખરડો રજુ થતા અગાઉ તેના અમલ તેમજ ફરિયાદ નિવારણતંત્ર વિશે પૂરતી વિચારણા થવી જોઇએ. ખરડો કાયદો બને તેની સાથે જ તેના અમલનું તંત્ર અસરકારક રીતે ગોઠવાયેલ હોવું જોઇએ.

ચૂંટણી સમયે જે રીતે Election Watch માનવ અધિકારોના રક્ષણ માટે આંતરરાષ્ટ્રિય સ્તરે એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ, રાષ્ટ્રિય સ્તરે રાષ્ટ્રિય માનવ અધિકાર પંચ, નાગરિક સ્વાતંત્ર્ય સંગઠન (PUCL) જેવી સંસ્થાઓ કાર્યરત છે, તેવી રીતે કાયદાના શાસનને ખબરદાર રાખવા માટે રાજય સ્તરની સંસ્થા રચવાની આ લેખકને જરૂર લાગે છે. જેના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ હોઇ શકે છે.

૧. પ્રજાના વિવિધ વર્ગો, જૂથો, મંડળો, શાળા-કોલેજોમાં બંધારણ, પર્યાવરણ, દહેજ, માહિતી અધિકાર, જેવા ઉપયોગી કાયદાઓ વિશે વાર્તાલાપો યોજવા. આ હેતુ માટે વિવિધ જૂથો તાલીમ આપીને તૈયાર કરવાં.

૨. અસંગત- જરીપુરાણા કાયદાઓની યાદી બનાવી તે રદ કરવા યોગ્ય સત્તામંડળ સમક્ષ રજૂઆત કરવી.

૩. જુદા-જુદા કાયદાઓની સમીક્ષા કરી તેમાં લોકોપયોગી સુધારા સૂચવવા.

૪. વિવિધ કાયદાઓ સંબંધમાં વકીલ મંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ અન્ય પ્રજાકીય મંડળો સાથે સંવાદ યોજીને સૂચનો મેળવવાં.

૫. લોકવિરોધી, લોકોને નુકસાનકર્તા કે ભ્રષ્ટાચારને પ્રોત્સાહક કાયદાઓ સામે અન્ય લોકોના સહકારથી વિરોધ કરવો.

૬. કાયદાના શિક્ષણ સંબંધમાં તાલીમ વર્ગો યોજવા.

૭. શિક્ષણ સુધારા, ચૂંટણી સુધારા, ન્યાયતંત્રમાં સુધારા, પોલીસ તંત્રમાં સુધારા માટે સંબંધિત સત્તામંડળો સમક્ષ રજૂઆતો કરવી.

૮. કાયદા શિક્ષણનું સ્તર ઊંચે લાવવું

૯. સંબંધિત જૂથો સાથે ચર્ચા વિચારણા કરીને જરૂરી વિષયો સંબંધમાં કાયદા ઘડવા માટે રજૂઆતો કરવી.

૧૦. કાયદામાં સુધારણા અને સંશોધનને ઉત્તેજન આપવું

[જેમને આ બાબતે વૈચારિક આદાન-પ્રદાનની ઇચ્છા હોય તેમને લેખકનો સંપર્ક કરવા સહર્ષ આમંત્રણ છે. ફોન નં.૯૪૨૮૬૭૮૪૪૦]

ખોજના આ જ અંકમાં 'લોકસભાના ઉમેદવારો નાગરિકને જવાબદાર બને' લેખ બહુ વિગતપૂર્ણ અને અભ્યાસલક્ષી છે. તેમની એક એક વાતને સમર્થન આપવાનું મન થાય. કારણ કે કેન્દ્રિય હોય કે રાજ્ય સ્તરે પરંતુ વહીવટના દરેક ક્ષેત્રમાં નાફરમાની, બેજવાબદારી અને અરાજકતાનો જ અનુભવ થાય છે.

લોકપ્રતિનિધિઓ (સંસદ કે રાજય વિધાનસભા)ની નફ્ફટાઈપૂર્વકની બેજવાબદારીના પાયામાં મને આપણી ખામીભરેલ ચૂંટણીપદ્ધતિ અને લોકોની ઉદાસીનતા જણાય છે. પ્રસ્તુત લેખમાં જણાવાયું છે કે આ દેશમાં ૩૦ થી ૬૦ ટકા લોકો કયારેય મતદાનમાં ભાગ લેતા નથી. અત્યાર સુધીની ૧૫ ચૂંટણીઓમાં સૌથી વધુ મતદાન ૬૨.૫ ટકા નોંધાયું છે. આપણા બંધારણમાં મતવિસ્તાર માટે પુખ્ત મતાધિકારના ધોરણે પ્રતિનિધિ ચૂંટવાની જોગવાઈ છે. જ્યારે લોકપ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અને તે હેઠળના નિયમો મુજબ ચૂંટણીમાં સૌથી વધુ મત મેળવનાર ઉમેદવાર વિજેતા જાહેર થાય છે. બંધારણીય જોગવાઈ અને કાયદાકીય જોગવાઈ વચ્ચે સુમેળ નથી. એક મતવિસ્તારમાં સામાન્ય રીતે ઓછામાં

ઓછા ૭ ઉમેદવારો ચૂંટણી લડતા હોય છે. તેમાં સરેરાશ ૬૦ ટકા મતદાન ગણીએ તો વિજેતા ઉમેદવારને ભાગ્યે જ ૫૦ ટકા કે તેથી વધુ મત મળેલ હોય છે. કેટલાક ઉમેદવારોને ૨૫ ટકા કે તેથી પણ ઓછા મત નોંધાયેલ હોવા છતાં તેમને વિજેતા જાહેર કરાય છે. કારણ કે તેમને સૌથી વધારે મત મળેલા હોય છે. આમ આપણા મોટાભાગના ઉમેદવારો બહુમતીથી નહીં, વધુમતીથી ચૂંટાય છે. તેમને એ પણ ખબર હોય છે કે કયા જૂથનું તેમને સમર્થન છે. દા.ત. સૌરાષ્ટ્રમાં કણબી પટેલો હારજીતમાં નિર્ણાયક બળ છે. ઉત્તર ગુજરાતમાં ચૌધરી અને ઠાકોર જ્ઞાતિનાં જૂથો હારની બાજી જીતમાં અને જીતની બાજી હારમાં પલટી શકે છે. આ ખામીભરી પદ્ધતિના કારણે જ આપણે ત્યાં વોટબેંકો સર્જાઈ છે. માત્ર આ વોટબેંકને સાચવી લેવાય એટલે ઉમેદવાર જીતી જાય. વર્ષો અગાઉ માધવસિંહ સોલંકીએ KHAM (ક્ષત્રિય, હરિજન, આદિવાસી, લઘુમતી) થિયરી અપનાવી હતી અને તેના જોરે જ કોંગ્રેસના અનેક ઉમેદવારો ચૂંટાતા હતા. ભાજપ હિન્દુત્વની લોબી જાળવી રાખે છે અને ચૂંટાય છે. હવે ૨૦ ટકા કે ૩૦ ટકા સમર્થનથી ચૂંટાયેલ સંસદ સભ્ય કે વિધાનસભ્ય એ ખૂબ સારી રીતે સમજે છે કે તેણે કોનાં હિતો જાળવવાનાં છે. પછી તે બીજાં જૂથોની પરવા કેમ કરે ? સચિવાલયમાં કેટલી વાર પ્રધાનો પણ પોતાની પાસે રજૂઆત કરવા આવેલ પ્રતિનિધિમંડળને સ્પષ્ટ સંભળાવે છે : ''તમારા ગામમાંથી અમને વોટ જ કયાં મળ્યા છે ?''

આપણે ત્યાં મતદાન ફરજિયાત નથી. તેથી વર્તમાન પ્રથાના બદલે નિયમ એવો હોવો જોઈએ કે મતપેટીમાં પડેલ કુલ મતોના ઓછામાં ઓછા ૫૧ ટકા મત મેળવેલ ઉમેદવારને જ વિજેતા જાહેર કરવો જોઈએ. ૨૦ ટકા, ૩૦ ટકા કે ૪૦ ટકા મતોથી ચૂંટાયેલ પ્રતિનિધિ પોતાના સમગ્ર મતવિસ્તારનું ધ્યાન રાખે (એટલે કે જવાબદાર બને) તેવી અપેક્ષા જ અસ્થાને છે.

આપણે મકાન, અનાજ, ઘરવખરી, ફરનીચર કે કોઈ પણ વસ્તુ ખરીદતી વખતે હિસાબ રાખીએ છીએ / ગણતરી કરીએ છીએ. કોઈ ભૂલ હોય તો દુકાનદાર સાથે ચોખવટ કરીએ છીએ. મતદારો કોઈક અપેક્ષાથી પ્રતિનિધિને ચૂંટીને (સંસદ, વિધાનસભા, શહેર સુધરાઈ, ગ્રામ પંચાયત) મોકલે છે. એટલે કમ સે કમ પાણીની તંગી કે પછી મોડાસામાં હાલ ચાલતો હિપેટાઈટીસ બી કે અગાઉ સુરતમાં થયેલ પ્લેગનો રોગચાળો, કચ્છ જેવો ધરતીકંપ, બોડેલી જેવો એસ.ટી. અકસ્માત, ૨૦૦૨ જેવાં તોફાનો સમયે પ્રતિનિધિ વહારે આવશે તેવી અપેક્ષા સહજ અને વાજબી છે. સંસદ કે વિધાનસભામાં પાંચ વર્ષ દરમિયાન એકપણ પ્રશ્ન ન પૂછનાર અને મૂંગા બેસીને ખેલ જોનાર પ્રતિનિધિને શા કાજે ચાલુ રાખવો જોઈએ ? તેને પરત બોલાવવાનો હક્ક આપણને હોવો જોઈએ. કર્મચારી કોઈ ભૂલ કરે તો તેને ઠપકો મળે, તેને ઘરભેગો પણ કરાય. આવો જ નિયમ લોકપ્રતિનિધિ બાબતમાં લાગુ જોઈએ.

કોઈપણ ક્ષેત્રમાં કામે રાખનાર માટે લાયકાત અને અનુભવ, તેની રીતભાત, બધું જ લક્ષમાં લેવામાં આવે છે. અહીં તો માથાફરેલ કે સિદ્ધ થયેલ ગુનેગારને પણ ચૂંટણી લડવાની છૂટ છે. આ ન પોસાય. લોક ઉદાસીનતાનાં બીજાં અન્ય કારણો હશે. પરંતુ એક કારણ એ પણ છે કે મને આ એકપણ ઉમેદવાર પસંદ નથી, તેથી મારે શા માટે મત આપવા જવું ? ચૂંટણીપંચે છેલ્લે છેલ્લે કેન્દ્ર સરકારને મતપત્રકમાં આ જોગવાઈ ઉમેરવા સૂચવ્યું હતું, પરંતુ તે વખતે ઘણું મોડું થઈ ગયું હતું. એક બાબત આપણે સમજી લેવી જોઈએ કે કેન્દ્ર સરકાર કે કોઈ રાજકીય પક્ષને આવા ચૂંટણી સુધારા દાખલ કરવામાં સહેજે ય રસ નથી.

આચારસંહિતામાં એક મુદ્દો એ પણ ઉમેરવા જેવો છે કે ચૂંટણીની આચારસંહિતા દરમિયાન કોઈપણ વ્યક્તિ પ્રધાન તરીકે ચાલુ રહી શકે નહીં. કારણ કે તેનાથી બંધારણની સમાનતાનો ભંગ થાય છે. પ્રધાન તરીકે મળતી ગાડી, કચેરી, બંગલો, અંગત મદદનીશ, ફોન વગેરે તમામ સવલતો પ્રધાનને બંધ થઈ જવી જોઈએ તથા અન્ય ઉમેદવારો સમકક્ષ તેઓ મુકાવા જોઈએ.

ગુજરાત વિધાનસભાના બ્રહ્મકુમાર ભટ્ટ, સનત મહેતા, કુંદનલાલ ધોળકિયા, મનોહરસિંહજી જાડેજા, બટુક વોરા, મહેન્દ્ર મશરુ, ડૉ વસંત પરીખ, ફતેઅલી પાલેજવાળા, ડૉ. જીવરાજ મહેતા, બાબુભાઈ વાસણવાળા, વગેરે ઊજળાં નામો ગણાવી શકાય. ડૉ. વસંત પરીખ અને બટુક વોરા પોતાની કામગીરી અને પોતાને મળતાં ભથ્થાઓનો હિસાબ પણ પ્રજા સમક્ષ રજૂ કરતા. ૧૯૪૭માં સૌરાષ્ટ્ર રાજ્યની રચના થઈ ત્યારે સચિવાલય બન્યું ન હતું. રાજકોટ પથિકાશ્રમના એક ખંડમાં મુખ્ય પ્રધાન ઢેબરભાઈ સાદડી પર બેસીને તંત્રનું સંચાલન કરતા હતા અને રજૂઆત માટે કોઈ પણ ગ્રામજનને સીધા જ મુખ્યપ્રધાનને મળવાની છૂટ હતી. ભાઈશ્રી રોહિત પ્રજાપતિ અને તૃપ્તિબેન શાહે સૂચવેલ નીતિનિયમોમાં પગારધોરણો, તાલીમ, અભ્યાસ, નિવાસ, લોકસંપર્ક વગેરે સૂચનોનો અમલ થવો જ જોઈએ. લોકપ્રતિનિધિ જવાબદાર બનશે તો જ લોકતંત્ર જવાબદાર બનશે અને ત્યારે જ જનતાને પ્રજાસત્તાક બન્યાનો આનંદાનુભવ થશે. ■

***(૧, શ્રીઆંગણ એપાર્ટમેન્ટ્સ, એલ.જે. કોલેજ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫)***

# ચૂંટણી પરિણામો : સંકેતો અને પડકારો

અંબરીષ મહેતા

નરી તાજ્જુબી, ખલુ આશ્ચર્યમ્ ! ૧૫મી લોકસભા માટેની ચૂંટણીનું આવું પરિણામ આવશે એવી તો કોંગ્રેસને પણ આશા નહીં હોય ! ત્રિશંકુ લોકસભાની સ્થિતિમાંથી બચી ગયાના ખ્યાલે દેશ આખાએ રાહત અને હળવાશની લાગણી અનુભવી. દેશની 'અબૂધ' અને 'નિરક્ષર' જનતાએ મીડિયા-પંડિતોને ફરી એકવાર ખોટા પાડ્યા અને અણીના સમયે આબાદ કોઠાસૂઝ દેખાડી.

આગલા દિવસ સુધી બધે એ જ વાતો ચાલતી હતી કે કોઇ પણ પક્ષ કે ગઠબંધનને સ્પષ્ટ જનાદેશ નહીં મળે અને એ સ્થિતિમાં હીન કક્ષાની રાજકીય સોદાબાજીને જ છૂટ્ટો દોર મળશે. કોણ કોનો અંદરથી કે બહારથી ટેકો લઇને ૨૭૨ બેઠકોના આંકડા સુધી પહોંચીને સરકાર બનાવી શકે એના અનેક પરમ્યુટેશન્સ અને કોમ્બીનેશન્સ પણ થવાં લાગેલાં. રાજકીય પક્ષોએ પણ જે કોઇ ટેકો આપી શકે એ તમામ સાથે વાતચીત શરૂ કરી દીધેલી. એન.સી.પી.ના પ્રફુલ્લ પટેલે કહેલું કે સ્થિતિ એટલી તો પ્રવાહી છે કે બધા એકબીજા સાથે વાતચીત કરી રહ્યા છે. બીજે દિવસે સવારે ૧૦-૩૦ સુધીમાં તો એ બધી ગણતરીઓ ઊંધી વળી ગઇ. કોંગ્રેસના યુ.પી.એ. ગઠબંધનને ૨૬૦ બેઠકોની સ્પષ્ટ નહીં તો કમ્ફર્ટેબલ બહુમતી સાથે સરકાર બનાવવાનો સ્પષ્ટ મેન્ડેટ મળ્યો. ત્રીજા અને ચોથા મોર્ચાનો સફાયો થઈ ગયો અને એન.ડી.એ.ની લાગલગાટ બીજીવાર હાર થઈ.

આમાં સૌથી તાજ્જુબીની બાબત તો એ છે કે ચૂંટણી દરમિયાન તો રાષ્ટ્રીય સ્તરે આવી કોઇ દેખીતી લહેર કે હવા ન હોવા છતાં આવાં પરિણામ આવ્યાં છે. સૌ આ વખતની ચૂંટણીને કોઈ રાષ્ટ્રીય મુદ્દા વગરની સાવ ફીક્કી અને નિરસ તેમજ વિવિધ પ્રાદેશિક ચૂંટણીઓના સરવાળા જેવી જ ગણી રહ્યા હતા. રાજ્યે રાજ્યે સ્થિતિ પણ અલગ અલગ હતી. અને એક રાજ્યના મતદારોને બીજા રાજ્યોના મતદારો શું કરશે તેનો ખાસ અંદાજ પણ નહોતો. અને છતાં દરેક રાજ્યના મતદારોએ સ્થાનિક સ્થિતિના આધારે પરંતુ રાષ્ટ્રીય સ્થિતિને નજર સામે રાખીને જે પસંદગીઓ કરી તેમાંથી રાષ્ટ્રીય સ્તરે આવી સ્પષ્ટ કલેક્ટીવ ઇચ્છાશકિત પ્રગટ થઈ ! અને આ ચૂંટણી અનેક પ્રાદેશિક ચૂંટણીઓનો માત્ર સરવાળો હોવાની વાત સરાસર ખોટી પૂરવાર થઈ. લોકશાહીની નઝાકત અને શાંત તાકાતનો આનાથી વધારે સારો પરચો વળી બીજો ક્યો હોઈ શકે ?

આવું કઇ રીતે થઈ શક્યું તેનાં કારણો અને સૂચિતાર્થો વિશે ઘણું લખાયું છે અને હજી લખાશે. અહીં કેટલાંક વ્યાપક નિરીક્ષણો કરવાની જ ગણતરી છે. એક અર્થમાં જોઇએ તો આ ચૂંટણી એક વોટર-શેડ જેવી છે. દેશના રાજકારણમાં ૧૯૮૯થી મંડલ અને મંદિરના નામે જાતિ અને સંપ્રદાય આધારિત સંકીર્ણ ઓળખની રાજનીતિનો જે દોર ચાલ્યો તેનાં પાણી હવે ૨૦ વરસે પાછાં વળી રહ્યાં છે. એને અતિક્રમીને દેશના નાગરિક તરીકેની વ્યાપક ઓળખ સાથે ગવર્નન્સ આધારિત નવી રાજનીતિ આકાર લઈ રહી હોવાના સ્પષ્ટ સંકેતો દેખાઇ રહ્યા છે. ઇન્ડિયન એક્ષપ્રેસના તંત્રી શેખર ગુપ્તાએ આ વાત સરસ રીતે મૂકી છે - ભૂતકાળની શિકાયતો આધારિત રાજનીતિને સ્થાને ભવિષ્યની આશા-અપેક્ષાઓ આધારિત રાજનીતિ આકાર લઈ રહી છે. પછી થોમસ ફ્રીડમેનને ટાંકીને તેઓ કહે છે કે લોકોના સપનાઓનું સહિયારું વજન ભૂતકાળના ભાર કરતાં વધારે છે.

ઘણાને આ વાત વધારે પડતી આશાવાદી કે કદાચ વિશફુલ થીન્કીંગ જેવી પણ લાગે. અને અલબત્ત, આ પરિવર્તન પૂરેપૂરું થઈ ગયું છે અને સંકીર્ણ વોટબેંકોની રાજનીતિ સાવ ખતમ થઈ ગઈ છે એમ તો જાણે નહીં કહી શકાય. પરંતુ આ પરિવર્તન આકાર લઇ રહ્યું છે એ તો માનવું જ પડે. એ વગર આ પરિણામોને સમજી શકાય એમ નથી.

આ જ કારણે નકારાત્મક્તા, પૂર્વગ્રહ, દ્વેષ કે ભૂતકાળના જખ્મો આધારિત ઝૂંબેશ ચલાવનારા સૌએ ભારે પછડાટ ખાધી. અને ઘમંડ અને તકસાધુતા દેખાડનારાઓના તો એથી યે વધારે બૂરા હાલ થયા. એટલે જ તો ૪૦ બેઠકો મેળવવાની પણ ત્રેવડ નહીં હોવા છતાં પોતાને આગામી વડાપ્રધાન તરીકે જોનારાઓ, કે પોતાના જ પૂતળાં બનવવામાં રચ્યાપચ્યા રહેનારાઓ કે માંડ થોડી બેઠકોના જોરે કોઇ પણ જાતની જવાબદારી વગર દેશની આર્થિક અને વિદેશ નીતિઓ પોતાના નિયંત્રણમાં

રાખવાના ખ્વાબ જોનારાઓનો સફાયો થઈ ગયો. આ જ કારણસર ત્રીજા મોરચાના બધા પક્ષોને લોકોએ જાણે કે વીણી વીણીને શિકસ્ત આપી.

જે પક્ષો પોતાની બાંધી સંકીર્ણ મતબેંકો ઉપર વધારે પડતા મુસ્તાક હતા એ બધાએ પણ માર ખાધો. માયાવતીએ યુ.પી.માં એ જ ભૂલ દોહરાવી જે લાલુપ્રસાદે બિહારમાં કરેલી. એમણે દલિતોના મત તો જાણે એ હદ સુધી પોતાની મુઠ્ઠીમાં છે એમ માની લીધું કે જેને કારણે મુલાયમસિંહના રાજમાં ફૂલેલીફાલેલી ગુન્ડાગર્દીના ત્રાસથી લોકોને મુક્ત કરવાના એમના જે વચનને કારણે તેઓ વિધાનસભાની ચૂંટણી જીતેલા એ વચનને જ કોરાણે મૂકી દીધું અને ઠેર ઠેર પોતાનાં પૂતળાં મૂકાવવામાં જ વ્યસ્ત થઈ ગયા. એમને હજી સુધી એ ખ્યાલમાં જ નથી આવ્યું કે કાર્યક્ષમ રાજ્ય, જે લોકોને હિંસા અને પૈસા પડાવવવાની સ્થાનિક ગુન્ડાગર્દી સામે રક્ષણ આપી શકે, એ લાંબા ગાળે એમના જ હિતમાં છે. લાલુના મતદારોએ તો એમને ૧૫ વર્ષનો સમય આપ્યો. માયાવતીના મતદારો તો એનાથી યે ઓછો સમય આપશે એનો પરચો તો આ ચૂંટણીમાં જ એમને મળી ગયો. તેવું જ મુસ્લીમ મતદારોમાં પણ જોવા મળ્યું. તેમણે કદાચ પહેલી વાર પોતાની પાસે પણ એક કરતાં વધારે વિકલ્પો છે એમ મહેસૂસ કર્યું અને ડાબેરીઓ, મુલાયમસિંહ કે લાલુ જે એમ માનીને જ ચાલતા હતા કે એમના મત તો એમના ખિસ્સામાં છે એ સૌએ એમાં મોટી થાપ ખાધી. ડાબેરીઓએ અમેરિકા સાથેનો ન્યુક્લીયર કરાર મુસ્લીમ વિરોધી હોવાની જે કારી અજમાવી જોઈ એ પણ ચાલી નહીં. ઊલ્ટાનું પશ્ચિમ બંગાળમાં તો બીજાં રાજ્યોની સરખામણીમાં મુસ્લીમોની સ્થિતિ વધારે ખરાબ હોવાનું જે ચિત્ર સાચાર કમિટિના અહેવાલમાં બહાર આવ્યું તેની ખાસ્સી નોંધ લેવાઈ.

તે જ પ્રમાણે નવા ઊભરી રહેલા હિંદુ મધ્યમ વર્ગે પણ એકંદરે સંકીર્ણ સાંપ્રદાયિક વફાદારીઓથી ઉપર ઊઠીને જ મતદાન કર્યું હોય એમ જણાય છે. એનું ઉદાહરણ તો ૨૬/૧૧ના મુંબઇ પરના આતંકવાદી હુમલા સમયેની તેમની પ્રતિક્રિયામાં જોવા મળ્યું. ત્યારે એક બાજુ આ વર્ગ જાણે કે સમસ્ત રાજકીય વર્ગ સામેનો રોષ અને અવિશ્વાસ પ્રગટ કરવા સડકો પર ઊતરી આવેલો. તો એની સાથે જ એ ઘટનાને સાંપ્રદાયિક રંગ ન ચઢે એ માટે પણ સજાગ રહેલો. ઘટના પછી તરત જ એના આધારે દિલ્હીની ચૂંટણીમાં રાજકીય રોટલી શેકી લેવાની જે વરવી કોશિશ ભાજપે કરેલી તેને પણ સ્પષ્ટ જાકારો આપેલો. એટલું જ નહીં, આ મુદ્દે પાકિસ્તાન પર દબાણ લાવવાની બાબતમાં પણ ભાજપના હાકોટા-પડકારાને બદલે મનમોહનસિંઘે જે સ્વસ્થ અભિગમ અપનાવ્યો તેણે જ લોકોને વધારે અપીલ કરી. અમેરિકા સાથેના ન્યુક્લીયર કરારના ભાજપના વિરોધ પાછળ પણ દેશહિત નહીં પરંતુ એ રીતે પણ જો મનમોહનસિંઘ સરકાર તૂટી પડતી હોય તો તૂટવા દેવાની સાંકડી રાજકીય ગણતરી જ કામ કરતી હતી એ વાત પણ કોઇનાથી અછતી નહોતી. એના ચુસ્ત સમર્થકો પણ તેની આ ભૂમિકાથી ખાસ્સા નારાજ હતા.

તે જ પ્રમાણે નકારાત્મક પ્રચાર અને નરી આક્ષેપબાજીથી પણ લોકો દોરવાયા નહીં. ઊલ્ટાની એની અવળી અસર થઈ. ભાજપની મોટામાં મોટી ભૂલ જ એ રહી કે એણે મનમોહનસિંઘ જેવી વ્યક્તિને એના હુમલાનું મુખ્ય નિશાન બનાવી અને એમને 'અત્યાર સુધીના સૌથી નબળા વડાપ્રધાન' કહીને ઊતારી પાડ્યા. માત્ર ચૂંટણી વખતના પ્રચારમાં જ નહીં પરંતુ એમની સરકાર બની ત્યારથી છેલ્લાં પાંચ વર્ષના ગાળામાં જવાબદાર વિરોધ પક્ષની ભૂમિકા નિભાવવાને બદલે તેણે આ જ કામ કર્યા કર્યું. પરંતુ તેના આ આક્ષેપો સાવ ખોટા હતા અને છે એ વાત લોકો બરાબર સમજતા હતા. એથી વિપરીત આતંકવાદી હુમલા અને આર્થિક કટોકટીના અસુરક્ષાના આ માહોલમાં ભાજપના હાકોટા પાકોટાને બદલે એમનું પુખ્ત અને સૌમ્ય નેતૃત્વ જ લોકોને વધારે ભરોસાપાત્ર જણાયું છે.

ભાજપ માટેનો પાયાનો સવાલ જ એ છે 'હિંદુત્વ' આધારિત સાંપ્રદાયિક ધ્રુવિકરણની વિઘટનકારી રાજનીતિ એને ગુજરાત કે પીલિભીત જેવામાં કદાચ સ્થાનિક જીત અપાવી શકે છે, પરંતુ રાષ્ટ્રીય પક્ષ માટે જરૂરી વ્યાપક સમર્થન નથી અપાવી શકતી. એનું કારણ એ છે કે ભારતની રાજનીતિ મૂળે મધ્યમમાર્ગી અને સમન્વયકારી છે, જેમાં કોઇ પ્રકારનો અતિરેક લાંબા સમય સુધી ટકી શક્તો નથી. દિલ્હીના સેન્ટર ફોર પોલિસી રિસર્ચના પ્રતાપ ભાનુ મહેતાએ નોંધ્યું છે તેમ ભારતની સંસ્કૃતિ માટે હઝારી પ્રસાદ દ્વિવેદીએ જે કહેલું તે એની રાજનીતિ માટે પણ એટલું જ સાચું છે 'ભારતમેં લોકનાયક વો હી હો સકતા હૈ જો સમન્વય કર સકે'. આ મૂળ વિભાવના પર જ તો કોંગ્રેસ ઊભી થયેલી, વચ્ચે એ એનાથી ચલિત થઈ ત્યારે દંડાઈ. હવે કદાચ ફરી એ માર્ગે પાંછી આવી રહી છે.

ભાજપના નેતાઓએ આ પાયાના સવાલ અંગે આત્મચિંતન કરીને પુનર્વિચાર કરવાનું હંમેશા ટાળ્યું છે. આ વખતની હાર પછી અરુણ જેટલી, સુધીન્દ્ર કુલકર્ણી, યશવંત સિંહા કે જશવંતસિંઘ જેવાઓએ જાહેર લેખો કે મુલાકાતોમાં જે કહ્યું છે તેનાથી આ અંગે કંઇક અંશે આત્મચિંતનની પ્રક્રિયા શરૂ થઈ હોય એવા અણસાર મળે છે. પરંતુ આ પ્રક્રિયા કેટલી આગળ વધી શકશે એ તો સમય જ કહેશે. ભાજપની

ાયાની મુશ્કેલી એ છે કે 'હિંદુત્વ'ની આ વાત તો એની જનની જેવી છે, જે એની મૂળ ઓળખ સાથે એટલી તો વણાઈ ગયેલી છે કે એનાથી ઉપર ઊઠવાનું એના માટે અશક્ય નહીં તો અત્યંત મશ્કેલ તો જરૂર છે. નિરીક્ષકમાં પ્રકાશભાઈએ નોંધ્યું છે તેમ બાજપાઇ જેવા બાજપાઇએ પણ એમ કહેલું કે અમારી અસલી પહચાન તો હિંદુત્વ જ છે, એના વગર અમારું કોઇ વજૂદ નથી. સવાલ એ છે કે બાજપાઇના સમયમાં જે ન થઈ શક્યું તે શું હવે આજે થઈ શકશે ?

આ ચૂંટણીમાં મનમોહનસિંઘની 'ઇન્કમબન્ટ' સરકારને ફરીથી જે સ્પષ્ટ જનાદેશ મળ્યો એણે 'એન્ટી ઇન્કમબન્સી'ની એ વાતને પણ ખોટી પાડી કે છબી કે કામગીરી ગમે તેટલી સારી કેમ ન હોય, તો પણ ફરી સત્તા નહીં મળે. ગુસ્સે ભરાયેલ મતદાર બધાને ફેંકી દેશે. પરંતુ પુખ્ત મતદાર શાંતિથી વિચાર કરશે અને સારી કામગીરીને બિરદાવે છે. આ જ ચૂંટણીમાં ઘણાં રાજ્યોમાં એ જોવા મળ્યું છે -યુ.પી.માં કોઇ પણ ગઠબંધન વગર એકલા હાથે ચૂંટણી લડીને કોંગ્રેસ અપેક્ષાથી પણ વધારે સારો દેખાવ કરી શકી, પણ એના પડોશી રાજ્ય બિહારમાં માંડ એક બેઠક મળી. કારણ એ જ કે ત્યાં વરસો પછી પહેલી વાર નિતિશકુમારની સરકાર સારી કામગીરી કરી રહી છે. ઓરિસ્સામાં પણ એ જ જોવા મળ્યું.

મોટા ભાગના લોકો કોંગ્રેસની આ જીતનો યશ સોનિયા અને રાહુલની એકલા લડી લેવાની રણનીતિને આપે છે. પરંતુ એમાં મનમોહનસિંઘની ઊજળી છબી અને કામગીરીનો ફાળો નાનો નથી. એમની સરકારના પ્રખર ટીકાકારોએ પણ એ તો સ્વીકારવું જ પડે કે અનેક નબળાઇઓ છતાં સરકારની કામગીરી એકંદરે ઘણી સારી હતી. આ ચૂંટણી વ્યાપક અસંતોષના માહોલમાં નહોતી થઈ રહી એ માટે એમની કામગીરીને જ યશ આપવો પડે. એટલું જ નહીં, મોટાભાગના લોકોએ એમના કાર્યકાળમાં આવકમાં વધારો જોયો, વૈશ્વિક સ્તરે મંદીના માહોલમાં પણ અર્થતંત્રમાં સતત પાંચ વર્ષ સુધી સરેરાશ ૭ ટકાનો વિકાસ દર જોવા મળ્યો, કૃષિક્ષેત્રમાં પણ નોંધપાત્ર વિકાસ સધાયો, ખેતપેદાશોના ન્યૂનતમ ભાવો પણ સારા મળ્યા, ખેડૂતોનાં દેવાં નાબૂદ કરાયાં, જરૂરિયાતમંદ વિસ્તારો માટે રોજગારીની ખાતરી આપતો કાયદો (NREGA) પસાર કરાયો, માહિતીના અધિકાર માટેના કાયદા (RTI) એ સરકારી વહીવટીતંત્રને થોડું વધુ પારદર્શી બનાવવાની શરૂઆત કરી, પેઢીઓથી મિલકતના અધિકારથી વંચિત રહેલા આદિવાસીઓના જંગલ જમીન અને પેદાશો પરના અધિકારને માન્યતા આપતો વન અધિકાર કાયદો પસાર કરાયો, વગેરે. તે જ પ્રમાણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ન્યુક્લીયર કરારના સંદર્ભમાં ડાબેરીઓના ઘોર વિરોધ છતાં અને સરકાર ગબડી પડવાની તલવાર તોળાતી હોવા છતાં તે અંગે મક્કમ વલણ બતાવીને કે ૨૬/૧૧ના મુંબઈના આંતકવાદી હુમલા પછી બિનકાર્યક્ષમ ગૃહપ્રધાન કે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીને તત્કાલ ખસેડી દઈને અને ત્યારપછી આંતરરાષ્ટ્રીય ડિપ્લોમસી દ્વારા પાકિસ્તાનને ખૂલ્લું પાડીને જે કુનેહ અને મક્કમતાપૂર્વક સરકાર આગળ વધી એ બાબત પણ લોકોને વધારે અપીલ કરી ગઇ. આમ, આ જીતનો રાજકીય પાયો ભલે સોનિયા અને રાહુલે નાખ્યો હતો, પરંતુ સરકારની ઊજળી કામગીરીના અભાવમાં એ શક્ય નહીં બન્યું હોત. સોનિયા અને રાહુલ બંને આ વાત બરાબર સમજે છે અને એ મનમોહનસિંઘને તેઓ જેના અધિકારી છે એવા માન-આદર અને વિશ્વાસ પૂરા પાડી રહ્યાં છે.

આ જનાદેશ, અલબત્ત, લોકોની વધતી અપેક્ષાઓ પૂરી કરવાના નવા પડકારોની સાથે જ આવ્યો છે. આવા જનાદેશની મુશ્કેલી એ છે કે ત્યાર પછી કામ નહીં કરી શકવા માટે તમારી પાસે કોઇ બહાનાં બચતાં નથી. મનમોહનસિંઘ આ વાત ભલીભાંતી સમજે છે એવું અત્યારે તો લાગી રહ્યું છે.

ચૂંટણી પરિણામ પછી કોંગ્રેસ પાર્લામેન્ટરી પાર્ટીને સંબોધન કરતાં એમણે જે કહ્યું તે આ પડકારો અંગે તેઓ કેટલા સજાગ છે તેની ઝાંખી પૂરી પાડે છે. તેમણે કહ્યું કે ''આ 'ઐતિહાસિક જીત' પોતાની સાથે 'વધતી અપેક્ષાઓના પડકાર' સાથે આવી છે. પક્ષ અને સરકાર સામેનો મોટો પડકાર જ લોકોની આ વધતી જતી અપેક્ષાઓ સંતોષવાનો છે અને એ માટે સરકારે મંડી પડવું પડશે... રાહુલ ગાંધીથી ઉત્સાહિત થયેલ યુવા વર્ગે કોંગ્રેસને થોકબંધ મતો આપ્યાં છે. પણ આ યુવા વર્ગ ધીરજ રાખશે નહીં. 'હોતા હૈ, ચલતા હૈ' ની અકર્મણ્યતાને તેઓ ચલાવી નહીં લે.. તેઓ કાર્યક્ષમ અને ઉત્તરદાયી સરકારની અપેક્ષા રાખે છે. તેથી દરેક મંત્રાલયે કરવાનાં કામો માટેની સમય-મર્યાદા નક્કી કરાશે અને એનાં કાર્યોનું ત્રૈમાસિક મૂલ્યાંકન કરવામાં આવશે... આપણી પહેલી પ્રાથમિકતા ગવર્નન્સ સુધારવાની છે. એટલો જ અગત્યનો પડકાર આર્થિક વિકાસ કરવાનો અને નવી રોજગારીની તકો ઊભી કરવાનો છે... આ પરિણામો 'સંમિલિત અને સમ્યક વિકાસ' માટેનાં છે... વૈશ્વિક મંદીને કારણે બહારી મૂડીનિવેશ અને રોજગારી પર અસર થઇ છે. આપણે એને ઊલટાવવાની છે... સાથે જ, આપણા પાડોશી દેશો આંતરિક ઘર્ષણ આંતકવાદ અને આત્યંતિક બળોથી ત્રસ્ત છે. આપણી સરકારે આતંકવાદ અને આત્યંતિક બળો સામે સજાગ અને અસરકારક રહેવું પડશે. આંતરિક સુરક્ષાને પણ પ્રાથમિકતા આપવી પડશે. એટલું જ જરૂરી કોમી સંવાદિતા અને શાંતિની છે.'' આ જીત પછી પણ કોંગ્રેસના દિલ અને દિમાગ સહી ઠિકાને પર હોવાનું અત્યારે તો લાગી રહ્યું છે. આગળ શું થાય છે એ તો સમય જ બતાડશે. ■

# ઈન્ડિયા .. .. .. મેરી જાન...
# ફિફટી .. .. .. ફિફટી.. .. ..

**રામચંદ્ર ગુહા**

**'શીખો અલગ રાજ સ્થાપશે, તે વ્યાપક વિકેન્દ્રીકરણ અને 'ભારત એક દેશ' નામના વિચારના ટુકડેટુકડા થવાની શરૂઆત હશે. કેમ કે તે દેશ છે જ ક્યાં? યુરોપ જેવો અનેક વિવિધતાવાળો એક ઉપખંડ છે; જેમ એક સ્કોટ એક ઇટાલિયનથી સાવ જ જુદો છે; તેવું જ એક પંજાબી એક મદ્રાસીથી સાવ જ જુદો છે. અંગ્રેજોએ ભારતને એક કરવાની કોશિશ કરી પણ કોઇ કાયમી સફળતા ના મળી. ભારત એક ખંડ સમાન છે, અલગ અલગ દેશો જેવા પ્રાંતો; વળી, એક દેશ બનાવી જ કેવી રીતે શકે?'**

**૧૯૪૭, અંગ્રેજ સરસેનાપતિ ઔચીનલેક**

**' જેવા નહેરુ ગયા, લશ્કરી સરમુખત્યારશાહી રાજ આવી જશે, નવાસવા સ્વતંત્ર થયેલા દેશોમાં આવું જ થયું છે; કેમ કે આ દેશોમાં લશ્કર જ એક સંગઠિત તાકાત દેખાય છે.'**

**૧૯૬૧ આલ્ડસ હક્સલી, ઈંગ્લેન્ડના વિદ્વાન લેખક**

**'ભારતને એક લોકતાંત્રિક માળખામાં વિકસાવવાનો મહાન પ્રયોગ ફેઇલ થઇ ગયો છે, ભારતીયો ચોથી લોકસભા માટે મતદાન કરશે પણ તે ચોક્કસ જ છેલ્લી સામાન્ય ચૂંટણીઓ હશે'**

**૧૯૬૭ ધ લંડન ટાઇમ્સ**

મે ૨૦૦૪, ભારતે ચૌદમી લોકસભા માટે મતદાન કર્યુ અને સાવ જ અણધારી રીતે કોંગ્રેસના નેતૃત્વ નીચે યુપીએ સરકારે શાસન સંભાળ્યું. મોટાભાગના એમ જ માનતા કે ભાજપા બીજી વખત બાજી મારી જશે તો કયાંક ધાસ્તી પણ હતી કે હિંદુત્વવાદી એજન્ડા પ્રબળ થશે. દેશના સ્તરે આ પરિણામો, અદના આદમીનો અમીરી સામે બળવો, બિનસાંપ્રદાયિકતાની જીત કે દેશના જનમાનસ પર ગાંધી-નહેરુ પરિવારની અતૂટ પકડની સાબિતી એમ અનેક રીતે જોવાયા. વિશ્વ-ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો ભારતના મતદાતાએ આને કે તેને મત આપ્યો તે ગૌણ બાબત છે. મહત્ત્વની હકીકત એ છે કે ભારતના મતદાતાએ મત આપ્યો (હવે તો પંદરમી લોકસભા માટે થનગને છે. ૧૯૫૨ની પ્રથમ લોકસભા ચૂંટણીઓને, આખી દુનિયાએ 'ઇતિહાસના સૌથી મોટા જુગાર' તરીકે ગણાવી હતી અને તે પછીથી તો આજદિન સુધીમાં ભારતની લોકશાહીના મરણની અનેક આગાહીઓ, અનેક શ્રદ્ધાંજલીઓ લખાઇ છે! વારંવાર સવાલો થયા; ગરીબ, વિભાજિત અને અનેક રીતે અલગથલગ પડી આવતો દેશ મુક્ત અને ન્યાયી ચૂંટણીઓની પ્રણાલી કેવી રીતે જાળવી શકશે? અને તે છતાં ભારતે જાળવી બતાવેલ છે.

૧૯૫૨ની પ્રથમ લોકસભા ચૂંટણીમાં માત્ર ૪૫ ટકા મતદાન થયું. દર ચૂંટણીએ મતદાનની ટકાવારી વધતી જ રહી છે. આજે દર પાંચે ત્રણ માણસ મત નાંખે છે. વિધાનસભાની ચૂંટણીઓમાં વધારે મતદાતાઓ ઊમટે છે (અને પંચાયતોની ચૂંટણીઓમાં તો તેથી વિશેષ). થોડી વધુ બારિકીથી જોઇએ. પ્રથમ ચૂંટણીમાં માંડ ૪૦ ટકા બહેનોએ મતદાન કર્યુ જ્યારે હાલમાં ૬૦ ટકાથી વધુ બહેનો મતદાન કરે છે. વળી, બહેનો પુરુષો જે ઉમેદવારને મત આપે તેને જ મત નાંખી આવે છે તેમ માનવું જરૂરી નથી. આદિવાસી, દલિતો, દબાયેલા અને સમાજના હાંસિયે મુકાયેલાં સમૂહો વધુને વધુ મતદાન કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં તો દલિતો, ઉચ્ચવર્ણીય સમુહો કરતાં હંમેશા જ વધું મતદાન કરતા જોવા મળે છે. રાજકીય સમીક્ષક યોગેન્દ્ર યાદવ નોંધે છે કે ભારત એકમાત્ર એવી લોકશાહી હશે કે જેમાં સમાજજીવનના ઊપલા પગથિયે બેસેલા સમૂહો કરતાં નીચેના પગથિયેના સમૂહો વધારે મતદાન કરે છે.

ભારતીયોનો મતદાનનો ક્રેઝ જુનુન અલગ જ ચીજ છે. અહી એક જ

મતદાતા ડબલ વોટીંગ કરવાની સિફતમાં હોય છે, તો નક્સલવાદીઓની અનેક ધમકીઓ છતાં બિહારમાં મતદાન થાય જ છે. ઉત્તર-પૂર્વી રાજ્યો કે જ્યાં ભારતીય સંઘની સત્તા ઢચુપચુ હાલતમાં હોય છે ત્યાં પણ વિદ્રોહીઓ મતદાન થતું રોકી શકતા નથી. આ બાબતે, દેશના મુખ્ય ચૂંટણી અધિકારી સચોટ આકલન કરે છેઃ 'ભલે ને એક દિવસ માટે હોય, મતદાનના દિવસે દેશના આ હિસ્સાઓ ભારતનો ભાગ બની રહે છે. ભારતીય ગણરાજ્યની એકસૂત્રતા, સંગઠિતતાના કામમાં ચૂંટણીપંચનો આ નાનો સરખો ફાળો છે.' લોકશાહીના હાર્દરૂપ એવી ચૂંટણીઓનું અવનવું ભારતીયકરણ થયું છે. મોહનલાલ, ભોપાલના આ વેપારી દરેક સંભવિત વડાપ્રધાન સામે ઊભા જ હોય, જાતે ભેટ આપેલ લાકડાનો મુકુટ અને હાર પહેરી શેરીએ શેરીએ ફરી વોટ માંગે. દરેક વાર ડિપોઝીટ ગુમાવી ભોંયે પછડાય, તેથી જાતે જ ઉપનામ ધારણ કરેલ ધરતીપકડ, પોતાનો આ અભિક્રમ સમજાવે છે કે 'હું આમ કરું છું કેમ કે લોકોને ખબર પડવી જોઇએ કે લોકશાહી દરેક માટે સરખી રીતે સર્જાયેલી છે.'

ભારતની વસ્તી અને મતદાતાઓની જમાત જોતાં કદાચ અન્ય કોઇપણ લોકશાહી કરતાં ભારતમાં સૌથી વધારે લોકોએ મતદાનનો હક વાપર્યો હશે. આપણા પાડોશી ચીન સાથે સરખાવીએ તો ભારતની આ સફળતાનું મહત્ત્વ સારી રીતે સમજાય. ચીન જંગી વસ્તી વાળો વિશાળ દેશ હોવા છતાં ભારતની તુલનાએ ધર્મ કે વંશ આધારે ખૂબ ઓછો વિભાજિત છે, વધારે પૈસાદાર પણ છે. પરંતુ હજુ સુધી ચીનમાં એક પણ વાર ચૂંટણી થઇ નથી. ચીન ભારત કરતાં અનેક ગણી રીતે ઓછો મુકત સમાજ છે. અહી નાગરિકો મુકત અવરજવર કરી શકતા નથી. એક ગામ કે સ્થળ બદલી બીજે જવું હોય તો રાયની પરવાનગી લેવી પડે છે. યારે ભારતમાં છાપાંઓ -મીડિયા- મરજી મુજબ છાપી શકે છે, નાગરિકો પોતાના મનની વાત કહી શકે છે, યાં મન ફાવે ત્યાં જઇ વસી શકે છે, અને એક જગાથી બીજી જગાનો પ્રવાસ તો મન મૂકીને કરે છે. ઝડપથી એકબીજા સાથે સંકળાતા જતા વિશ્વમાં, ભારત અને ચીનની સરખામણી વિદ્વાનોની ગોષ્ઠિનો પ્રિય વિષય છે, તો સામાન્ય જનચર્ચામાં પણ તે ઝળકતો થયો છે. ભારતના મુકાબલે ચીન આર્થિક મોરચે મેદાન મારી જાય છે પણ રાજકીય મોરચે પછડાય છે. ભારત આ બાબતે ખાંસવાની એક પણ તક જતી કરતો નથી. ૨૦૦૬ ની વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં ભારતના પ્રતિનિધિ મંડળ તેના સ્ટોલ પર, લેખિત પ્રચાર સાહિત્યમાં અને બોલવાની જ્યારે પણ તક મળે ત્યારે 'ભારત - વિશ્વની સૌથી વધારે ઝડપે વિકસતી લોકશાહી' તરીકે ઓળખાવતા.

લોકશાહીના હાર્ડવેરને નજરમાં રાખીએ તો આપણે આપણાં જાતવખાણ જ કરવાં જોઇએ. દરેક ભારતીય પાસે મૂલ્યવાન, મૌલિકતાનો, આગવા વિચારો ટીકાટિપ્પણીઓ સર્જવાનો અને રજૂ કરવાનો- અભિવ્યકિતનો- હક છે, મુકત રીતે હેરફેર કરવાનો હક છે અને દરેક પાસે મહામૂલો મત છે. પણ લોકશાહીના સોફ્ટવેર, એ આપણી ઉધાર બાજુ છે. મોટાભાગના રાજકીય પક્ષો કોઇ ને કોઇ કૌટુંબિક પેઢીઓમાં ફેરવાયા છે, મોટાભાગના રાજકારણીઓ ભ્રષ્ટ છે, મોટી સંખ્યામાં ગુનેગારો રાજકારણીઓ બની બેઠા છે, સ્વતંત્ર દિલદિમાગ ધરાવતા સનદી અધિકારીઓની સંખ્યા ઘટી રહી છે અને તે જ રીતે પૂર્ણતઃ ન્યાયને હૈયે રાખતા ન્યાયાધીશોની !

શું ભારત ખરા અર્થમાં લોકતાંત્રિક છે કે પછી શરમજનક લોકશાહી ? આ સવાલ પર મારે એક જૂના હિન્દી ફિલ્મના કોમેડીયન જહોની વોકરની પ્રિય ઉક્તિનો આશ્રય લેવો પડે છે. ફિલ્મમાં વારંવાર સવાલ થાય જેમ કે, તને ગમતી અને તું જેના પ્રેમમાં ગળાડૂબ છે તેની સાથે તારું લગ્ન થશે કે કેમ ? જહોનીનો કહે,' બોસ, ફિફટી ફિફટી !' શું ભારત ખરે જ લોકતાંત્રિક છે? મારો જવાબ છે, બોસ, ફિફટી ફિફટી ! ચૂંટણીઓ અને મતઅધિકારની વાત હોય કે મુકત હેરફેર, મુક્તપણે ફાવે ત્યાં રહેવા વસવાની છૂટની વાત હોય કે વિચારો વ્યકત કરવાના અધિકારની વાત હોય તો બેશક, મહદ્અંશે, ભારત લોકતાંત્રિક છે પણ જો રાજકારણીઓ અને રાજકીય સંસ્થાઓના કારભારની વાત હોય તો બેશક મોટાભાગે લોકતાંત્રિક ના કહી શકાય.

પરંતુ ભારતનું આ ફિફટી ફિફટી લોકતાંત્રિક હોવું તે પોતે જ લોકશાહીની પરંપરાગત સમજણ, પ્રણાલી અને ઈતિહાસને લપડાકરૂપ છે. ખરે જ, ભારત પોતાના આગવા અનુભવે લોકશાહીના ઇતિહાસ અને પરંપરાગત સમજણને નવેસરથી લખી રહ્યું છે. ૨૦૦૪નાં ચૂંટણી પરિણામોની સમીક્ષા કરતા સુનીલ ખિમાણીએ નોંધેલું છે : ૨૫૦૦ વરસ પહેલાં એથેન્સનાં નગરોમાં જન્મેલી લોકશાહીએ લાંબી સફર કાપી છે અને આજે અવનવા વૈવિધ્યસભર રાજકીય અનુભવો અને કાર્યયોજનાઓની સાક્ષી બને છે. ભારતની ચૂંટણીઓ લોકતાંત્રિક ચૂંટણીઓમાં સૌથી વિશાળ ફલકની કવાયત છે, જેનો માનવજાતના ઇતિહાસમાં જોટો જડે તેમ નથી. લોકશાહી અને લોકતાંત્રિક ચૂંટણીઓનો વિચાર મૂળે પશ્ચિમી તે ખરું પણ આ વિચારની ભ્રમણશીલ જીવનયાત્રાએ એટલું તો નક્કી કરી જ દીધું છે કે (આ) પાશ્ચાત્ય રાજકીય વિચારનો ઇતિહાસ હવે માત્ર પશ્ચિમના રાજકીય અનુભવ આધારે લખી શકાશે નહી. સ્વતંત્ર ભારતના ઇતિહાસે, પાશ્ચાત્ય અનુભવ આધારિત લોકશાહીની થિયરીમાં સંશોધન અને ઉમેરણ કર્યાં છે. સૌથી મોટો પડકાર તો પશ્ચિમના અનુભવ આધારિત રાષ્ટ્રવાદના વિચારને ભારતીય લોકશાહીએ ફેંક્યો છે.

પશ્ચિમના દેશોની કોઇપણ સફળ રાષ્ટ્રવાદી લડતની વાત કરો, આ દરેક લડતના હાર્દમાં કોઇ એક એવું કારણ છે કે જે રાષ્ટ્રને એક ભારે બાંધી

રાખે; કાં તો બધાંને પ્રિય એક સહિયારી ભાષા, કાં તો સર્વમાન્ય સહિયારી ધાર્મિક આસ્થા, કાં સહિયારી ક્ષેત્રીય માતૃભૂમિ ભાવના કે પછી કોઇ સહિયારો દુશ્મન જ કેમ ના હોય. ઉપરના કોઇ એક કે એકથી વધુ એવા કોઇ ને કોઇ, જનસમુદાયને એક ગાંઠે જોડનાર ગુંદર વિના રાષ્ટ્રવાદી લડતો સફળ થઇ નથી. બ્રિટીશ રાષ્ટ્રે ઠંડા ટાપુ પર ભરાઇ પડેલા મોટાભાગના પ્રોટેસ્ટન્ટ ધાર્મિક આસ્થાવાળા અને તે પણ ફ્રાન્સને ધિક્કારતા હોય તેવાને એ લાગણીએ એકસૂત્રે બાંધ્યા; તો વળી, ફ્રાન્સમાં સહિયારી ભાષા, ધાર્મિક આસ્થા સાથે તાકાતથી જોડાયેલ, અમેરિકામાં સહિયારી ભાષા અને સહિયારી ધાર્મિક આસ્થા મુખ્ય પ્રેરક બળ બની રહ્યા અને તેમાં સંસ્થાનવાદી બ્રિટન તરફના સહિયારી કટુતાનું ઉમેરણ થયું. પૂર્વી યુરોપનાં નાનાં નાનાં રાષ્ટ્રોની- પોલ્સ પોલેન્ડ, ચેક્સ ઝેકોસ્લાવીઅન, લીથુવાન્યન- બાબતમાં પણ સહિયારી ભાષા અને સહિયારી ધાર્મિક આસ્થાએ એક કડીએ બાંધતા ગુંદરનું કામ કર્યું અને તેમાં ઉમેરાયો દમનકર્તા જર્મન અને રશિયન સામ્રાયની ગુલામગીરીનો ઘૃણાસ્પદ ઐતિહાસિક અનુભવ.

ઉપરના અને બીજા અનેક દાખલાઓથી તદ્દન ઊંધું, ભારત રાષ્ટ્ર પાસે કોઇ એક સહિયારી ભાષા કે સહિયારી ધાર્મિક આસ્થાનો વારસો નથી. ભારતમાં બહુમતે ભલે હિંદુઓ હોય પણ તે હિન્દુ રાષ્ટ્ર નથી. ભારતનું બંધારણ કોઇ એક ધર્મ કે આસ્થાને વરેલું કે તેના પક્ષપાતમાં નથી. તેથી પણ વધારે અગત્યનું તો એ છે કે સહિયારી ધાર્મિક આસ્થા કે ભાષા ભારતની રાષ્ટ્રવાદી ચળવળના પ્રેરક પાયારૂપે ક્યારેય હતાં જ નહીં. ગાંધીનો રાજકીય કાર્યક્રમ તો દેશના બે મુખ્ય ધાર્મિક સમુદાયો - હિન્દુ અને મુસ્લિમ -વચ્ચે સૌહાર્દ અને સહકાર સુદૃઢ બનેલા રહે તેનો હતો. જો કે ગાંધીના વિચારો અને જીવનકાર્ય ધર્મ આધારિત વિભાજનને ખાળી શક્યાં નહી પણ આ નિષ્ફળતાએ તો ગાંધીના અનુગામીઓને વધારે દૃઢ અને કૃતસંકલ્પ બનાવ્યાં કે સ્વતંત્ર ભારત તો બિનસાંપ્રદાયિક પ્રજાસત્તા જ હોઇ શકે. જવાહરલાલ નહેરુ અને તેમના સાથીઓ માટે ભારત બીજું ગમે તે હોઇ શકે પણ 'હિંદુ પાકિસ્તાન' તો નહી જ.

ભારતીય લોકશાહીની માફક ભારતીય બિનસાંપ્રદાયિકતાનો અનુભવ પણ સકારાત્મક નકારાત્મક,'ફિફટી ફિફટી' નો છે. લઘુમતી સમુદાયના સભ્યો હોવાના કારણે જ વેપાર ધંધા રોજગારમાં કોઇ બાધ નથી ઊભી થતી. દેશના ધનિકોની યાદીમાં મુસ્લિમો પણ છે અને પારસીઓ પણ. લોકપ્રિય ફિલ્મી કલાકારોમાં મુસ્લિમો પણ છે, તો ત્રણ રાષ્ટ્રપતિ અને બે મુખ્ય ન્યાયમૂર્તિઓ મુસ્લિમ રહ્યા છે; વરસેક પૂર્વે રાષ્ટ્રપતિ મુસ્લિમ, વડાપ્રધાન શીખ અને શાસક પક્ષના મુખ્ય ઘટક કોંગ્રેસના વડા ઇટાલીમાં જન્મેલ કેથોલિક ઇસાઇ હતા. તો બીજી બાજુ, દારુણ શરમજનક ઘૃણાસ્પદ એવા ૨૦૦૨ નાં ગુજરાતનાં કોમી રમખાણો કે ૧૯૮૪નાં શીખવિરોધી રમખાણોમાં લઘુમતીઓએ જાનમાલની ભારે ખુવારી અને અમાનવીય બર્બરતા વેઠી છે. તે છતાં, મહદ્ અંશે, લઘુમતીઓ લોકતાંત્રિક અને બિનસાંપ્રદાયિક આદર્શમાં શ્રદ્ધા ધરાવે છે. આવું થવા છતાં, ગણ્યા ગાંઠયા મુસ્લિમો જ આતંકવાદી અને કટ્ટર ધાર્મિક સંગઠનોમાં જોડાયા છે. અને ભારતના મુસ્લિમો અન્યધર્મી નાગરિકો કરતાં વધુ ભારપૂર્વક માને છે કે તેમના મતનું મૂલ્ય અને વજુદ છે જ. તાજેતરના એક સર્વેનું તારણ છે કે લોકશાહીને સ્વીકારતા અને આદર્શ માનતા ૬૯ ટકા ભારતીયો છે; યારે આવું માનનારા મુસ્લિમો ૭૨ ટકા હતા.

ગરીબ દેશમાં લોકશાહીનાં મૂળિયાં ઊંડાં ઉતારવાં હંમેશાં કપરું જ હોય. અને તેથી પણ ભારે કપરું તો, ધર્મ આધારે કડવાશથી વિભાજિત થયેલ ભોંય પર તે જ ટાંકણે બિનસાંપ્રદાયિકતાના છોડને પોષવો! સીમાડાના પેલે પાર મુસ્લિમ રાષ્ટ્રનુ સર્જન થયું. આ બાબત ધર્મને સ્વેચ્છાએ જ બૃહદ્ રાયભાવનામાં ભેળવી દેવાનું ઇચ્છનાર હિંદુઓ માટે પણ ઉશ્કેરણીજનક હતી. એક ઇતિહાસકાર તરીકે નહી, પણ એક વ્યકિત તરીકે હું માનું છું કે જ્યાં સુધી પાકિસ્તાન હશે ત્યાં સુધી ભારતમાં હિંદુ કટ્ટરવાદ રહેશે. રાજકીય સ્થિરતા અને રાજકીય નેતૃત્વ દૃઢ હશે તે સમયે આ કટ્ટરવાદી પરિબળો હાંસીયામાં લપાઇને પડયાં રહે અને બદલાવના નાજુક સમયે કે રાજકીય નેતૃત્વ ઢચુંપચું જણાય તે સમયે આ પરિબળો માથું ઊંચકશે, બળુકાં થશે અને ધાર્યું કરાવશે.

બહુધર્મી સમાજ એ ભારતીય પ્રજાસત્તાકના પાયાના પથ્થરોમાંનો એક છે. તે જ રીતે બહુભાષિતા. આ આયામોનું પોષણ આઝાદી મળ્યાના ઘણા સમય અગાઉથી થતું જોઇ શકાય છે. ૧૯૨૦માં ગાંધીએ કોંગ્રેસની પ્રાંતીય સમિતિઓની રચના ભાષાકીય ધોરણે કરી અને સ્વતંત્રાતા ચળવળ દરમિયાન આઝાદ ભારતમાં ભાષાના ધોરણે પ્રાંત રચનાનો એજન્ડા પણ જાહેર કરાયેલો. જો કે ભાગલાના કારણે સર્જાયેલ નવી પરિસ્થિતિમાં આ એજન્ડા પાર પાડવો અઘરો થઇ પડેલ પણ છેવટે તેમ કરવું જ પડયું અને બહુભાષિતાનો રીતસરનો સ્વીકાર થયો. ભાષા આધારે પ્રાંતરચનાને પચાસ વરસ થવા આવ્યા છે. દરેક રાયની એક અલગ ભાષાના કારણે રાયોમાં શાસન - વહીવટ સરળ અને લોકોને માફક થઇ રહ્યાં. આમ રાયોમાં અલગ અલગ ભાષાનાં મૂળિયાં ઊંડાં ઊતર્યાં પણ તેથી કંઇ ભારત ગણરાય નબળું ના પડયું બલ્કે, આપણી સુદૃઢતા સઘન બની છે. દરેક રાય અને તેની ભાષા, તે કારણે સાર્વત્રિક સર્જનાત્મકતાનું માહૌલ સર્જાયો છે; જે પ્રાદેશિક ફિલ્મો, નાટ્કલા, વાર્તાસાહિત્ય અને કવિતાઓમાં જોવા મળે છે. રાયે રાયે ભાષાનું ગૌરવ છલકી આવે પણ તે કંઇ બૃહદ્ ભારતીયતા સાથે એકાત્મકતા સાધવામાં નડતર નથી કરતું. ભારતમાં મુખ્ય ત્રણ અલગતાવાદી બળવા થયા; પચાસના દાયકામાં નાગાલેન્ડનો નાગા વિદ્રોહ, એંસીના

દસકામાં પંજાબની ખાલીસ્તાની ચળવળ અને નેવુના દસકામાં અલગ કાશ્મીરની માંગ. જો કે આ અલગતાવાદી ચળવળોના મૂળમાં પણ ધાર્મિક પાસું અને ક્ષેત્રીય અસ્મિતાની ભાવના જ પ્રબળ રહી છે, નહી કે ભાષા આધારે અલગથલગ થવાનો લોકઉન્માદ. તે સિવાય તો ભારતીયો માટે; કન્નડ અને ભારતીય, આંધ્રી અને ભારતીય, ગુજરાતી અને ભારતીય, મરાઠી અને ભારતીય એવી એવી દ્વિઅસ્મિતા, દ્વિ હોવાપણું પૂર્ણતઃ શક્ય જ નહી બલ્કે ઇચ્છનીય જ રહ્યું છે. એક ગાંઠે બંધાયેલા હોવું અને બહુમુખી પણ હોવું તે આગવી ભારતીય રાષ્ટ્રીયતામાં, એકતા અને બહુમુખિતા, છૂટાં પાડી ના શકાય તે રીતે જોડાયેલાં છે. ભારતના ચલણી નાણામાં આ બાબત ઝળકે છે; મહાત્મા ગાંધીનું, સંસદનું ચિત્ર અને ઝીણા અક્ષરે એક નહી પણ સત્તર ભાષામાં નાણાના એકમ (પાંચ, દસ, સો) નું લખાણ. અલગ અલગ લિપિથી દરેક રાય પ્રાંતની સંસ્કૃતિ, તેની આગવી ઓળખ મહોરી ઊઠે છે અને સાથે સાથે જ એકસૂત્રે બંધાયેલી ભારતીયતા !

કેટલાક પશ્ચિમના, ખાસ કરીને અમેરિકન વિદ્વાનોને સંદેહ છે કે આ બહુભાષિતા ભારતને એક દિવસે ભારે પડી જશે. પોતાના દેશના અનુભવ આધારે તેઓ સૂચવતા આવ્યા છે કે ભારતીયોએ કોઇ એક ભાષા; કાં હિન્દી કે કાં તો અંગ્રેજી જ બોલવી જોઇએ. ભાષા આધારિત પ્રાંતરચનાને તેઓ ગંભીર ભૂલ ગણે છે. ૧૯૭૦માં વોશિંગ્ટન પોસ્ટના બર્નાડ નોસીસ્ટરે હતાશ થઇ લખેલું કે આ તો પોતપોતાનાં વાજાં વગાડનારાઓની ભૂમિ છે, જેનો કોઇ એક અવાજ જ નથી ! છેક તેના જન્મ સમયથી જ ભારત અલગતાવાદી, તંતીલા વલણોથી પીડાય છે, તેમાં વળી આ ભાષાના ગૂંચવાડાઓ આવાં વલણોને વધુ વિભાજક બનાવશે અને ચોક્કસ જ એક દિવસ ભારત સંઘની એકતાને ખતરામાં મૂકી દેશે. આવી અનેક ચેતવણીઓથી સાવ જ ઊલટું થયું. બહુભાષાના સાર્વત્રિક સ્વીકારના કારણે જે તે પ્રાંતનાં અલગતાવાદી વલણો ઠીંગરાઇ ગયાં. આપણા પાડોશી પાકિસ્તાનમાં શું થયું? ધર્મના આધારે પાકિસ્તાનનું સર્જન થયું પણ વખત જતાં ભાષાના આધારે વિભાજન અને બાંગ્લાદેશ છૂટું પડયું. શ્રીલંકામાં છેલ્લાં વીસ વરસથી નાગરિક યુદ્ધ મંડાયું છે, જેના અલગ અલગ દાવેદારો, ધાર્મિક આસ્થા, આગવી ક્ષેત્રીય અસ્મિતાના મુદ્દે તો ઝઘડે જ છે પણ તેમાં ભાષાનો સવાલ પણ પ્રમુખપણે ભળેલો છે. આમ, પાકિસ્તાનમાં એક ભાષા બે દેશ થયા. ભારત જો આ રસ્તે ચાલ્યું હોત અને આખા દેશની એક ભાષા હિન્દી સ્વીકારાઇ હોત તો એક ભાષા, બાવીસ દેશ ની સ્થિતિએ ભારત પહોચ્યું હોત!

ભારતીયો અનેક ભાષા બોલે છે અને અનેક ધાર્મિક આસ્થાઓને અનુસરે છે તેથી એ તો ઉપરછલ્લું કૃત્રિમ રીતે બનેલ રાષ્ટ્ર છે. આવું માનનારા ફક્ત વિદેશી વિદ્વાનો રાજકારણીઓ જ હતા એવું નથી, હકીકતમાં અનેક ભારતીયો પણ ગંભીરપણે આમ જ માનતા. આજના ભાજપની માતૃસંસ્થા, જનસંઘનું તો લોકરંજક સૂત્ર હતું, ' હિંદી, હિંદુ અને હિંદુસ્તાની.' એમનો પ્રયત્ન હતો કે ભારતીય રાષ્ટ્રવાદને ખરા અર્થમાં કુદરતી બનાવી દેવો કે તે માટે લોકોને સંમત કરવા અને બધા ભારતીયો એક જ ભાષા-હિંદી- બોલે અને એક જ ભગવાનને પૂજે! આ યત્ન તેમણે છોડવો તો પડયો પણ દેશમાં બહુમતી ધર્મની આણ પ્રવર્તતી કરવાના પ્રયાસો ચાલુ જ રહ્યા. આના કારણે સંઘર્ષો થયા, હિંસા ફેલાઇ, રમખાણો થયાં અને અનેક જાનહાનિ થઇ. ૨૦૦૨નો ગુજરાતનો કોમી દાવાનળ આનું જ એક ચિહ્ન છે. એક સમયે, જ્યારે ગુજરાતના કોમી દાવાનળને તે સમયની કેન્દ્ર સરકારે આંખ આડા કાન કરી, ઘણા અંશે વાજબી ઠેરવ્યો તે સમયે તો ભય જ વ્યાપી ગયેલો કે ભારતની બિનસાંપ્રદાયિકતા અને લોકશાહીનો મૃત્યુઘંટ વાગી ગયો કે શું? આ વાતાવરણમાં અલીગઢ ખાતે એક પ્રવચનમાં જાણીતા લેખિકા અરુંધતિ રોયે ભાજપાની આકરી ટીકા કરતાં એક જ ફકરામાં અગિયાર વખત ભાજપા માટે ફાસીસ્ટ શબ્દ વાપર્યો. આ સરખામણી અસ્થાને હતી. ભારતીય બનાવો અને અનુભવોને યુરોપિયન ઇતિહાસના ચીલાચાલુ રૂઢિપ્રયોગોથી મૂલવવાની બેદરકાર કોશિશ હતી. એક તો ભાજપને ફાસીસ્ટ કહેવું એટલે ઇટાલી અને જર્મનીના અસ્સલ ફાસીસ્ટોએ આચરેલ ખૂની ગુનાઓની પ્રચંડ હિંસકતા અને ગંભીરતાને ઓછી આંકવા બરાબર છે અને બીજું, ભાજપના ઘણા ચેહેરા દીઠા ગમે તેવા નથી પણ તે કારણે ભાજપને ફાસીસ્ટ કહેવું એટલે તેની તાકાતનો વધારે પડતો અંદાજ મૂકવો અને ભારતીય પ્રજાનાં લોકશાહી વલણોનું નીચું મૂલ્ય આંકવા બરાબર છે. નોંધપાત્ર છે કે ભાજપાએ હવે બહુભાષિતાની હિમાયત કરવી પડે છે. દેખાવ ખાતર તો દેખાવ ખાતર પણ ભાજપે બહુધર્મિતા સ્વીકારવી પડે છે. રાષ્ટ્રીય ભાજપાના એક જનરલ સેક્રેટરી, ભલે ને તે પછી શોભારૂપ હોય, પણ મુસ્લિમ છે. ભાજપાના કેટલાક વડાઓ અંદરખાને ભલે હિંદુધર્મી રાયની વાત કરતા હોય પણ બહાર તો તેમણે બિનસાંપ્રદાયિકતાની વાત કરવી જ પડે છે. જો કે તેઓ તેને 'હકારાત્મક બિનસાંપ્રદાયિકતા' ની રીતે ઓળખાવે છે, પણ એક વાત તો સાબિત થાય જ છે કે તેઓએ ભારતીય બંધારણના આ આદર્શને કમ સે કમ જાહેરમાં તો સ્વીકારવું જ પડે છે! ગમે તે હોય, અનેક ધમપછાડા છતાં ભાજપા ભારતીય રાજકીયતાની લોકતાંત્રિક ઇમારતનો ધ્વંસ કરવામાં સફળ નથી રહ્યું અને જોગાનુજોગે અરુંધતિ રોયના પ્રવચનના માંડ એક મહિના પછી લોકસભા ચૂંટણી પરિણામો જાહેર થયા. અને ભાજપે સત્તા ગુમાવી. એક સ્વાભાવિક ક્રમે તેઓ ગાદી પરથી ઊતર્યા અને યુપીએ ગાદીનશીન થયું. ઇતિહાસમાં છેલ્લે ક્યારે ફાસીસ્ટ શાસકોએ આટલી સહજતાથી ગાદી છોડી હશે?

૧૯૭૭ ની ચૂંટણીઓ એક એવી મહિલાએ જાહેર કરી કે જેની તાનાશાહી વૃત્તિઓ સાબિત થઇ ચૂકી હતી તો ૨૦૦૪ ની ચૂંટણીઓ એવા પક્ષે

જાહેર કરી કે જેની લોકતાંત્રિક પ્રક્રિયાઓ માટેની પ્રતિબદ્ધતા ભરોસાપાત્ર નહોતી. આ બે બનાવો સાબિતીરૂપ છે કે લોકશાહીનાં મૂળીયાં ભારતની ભૂમિમાં ઊંડાં ઊતર્યાં છે. આનો સઘળો શ્રેય આપણા ઘડવૈયાઓના ફાળે જાય છે. બહુ થોડા દેશો ખુશનસીબ હશે કે જેની પાસે આવા જોટો ના જડે તેવાં દેશનેતાઓ હોય. તેમની બુદ્ધિશકિત ગજબની હતી અને દેશ માટેની લગની પ્રતિબદ્ધતા તો પારાવાર! આપણું નસીબ કે તેઓ જીવતા રહ્યા અને છેલ્લી ઘડી સુધી દેશ માટે કામ કરતા હતા. નહેરુ, સરદાર અને આંબેડકર પૈકી, સરદારે તો આઝાદીનાં માંડ એક બે વરસે વિદાય લીધી અને આંબેડકરે સત્તાત્યાગ કર્યો પણ ત્યાં સુધીમાં તો એકે ભારતનાં નાનાં નાનાં રાયોને એકગાંઠે કરી મજબૂત ભારત સંઘનું નિર્માણ કરી દીધેલ અને બીજાએ આવું સંગઠિત ગણરાજ્ય ભારત, કાયમીપણે એકગાંઠે બંધાયેલું રહે તેવું લોકતાંત્રિક બંધારણ ઘડી આપ્યું. સરદાર અને આંબેડકરની ગેરહાજરીમાં નહેરુને સાથ આપ્યો ઓજસ્વી અને ચરિત્રવાન એવા કામરાજ અને મોરારજી દેસાઇ, વિરોધ પક્ષે કૃપાલાણી અને સી. રાજગોપાલાચારી અને બીજા પણ.

બેશક, ભારતના શાસક વર્ગના ચરિત્ર અને બુદ્ધિમત્તાનું અતિઝડપે ધોવાણ થઇ રહ્યું છે. રાજકીય સમીક્ષક પ્રતાપ ભાનુ મહેતા લખે છે, 'કાયદેસરતા અને ગેરકાયદેસરતા, વ્યવસ્થા અને ગેરવ્યવસ્થા, રાજ્ય અને ગુનાહિતતા વચ્ચેની ભેદરેખાઓ અતિઝડપે છિદ્રાળુ બનતી જાય છે.' પણ આ ઘટના તો કદાચ લોકતાંત્રિક માળખાની પોતાની જ નિપજ હોઇ શકે કેમ કે બુદ્ધિપ્રતિભા અને નૈતિકતા વચ્ચે જે અંતર, નહેરુ અને ઈંદિરા ગાંધી કે આંબેડકર અને મુલાયમસીંઘ વચ્ચે છે તે કદાચ લીકન અને જ્યોર્જ બુશ વચ્ચેના અંતર જેટલું જ હશે! સ્વપ્નદ્રષ્ટાઓ ઇમારત ઘડે અને તેનો વહીવટ એક તબક્કે ગતાગમ વિનાના કારભારીઓના હાથમાં આવે છે. ભારતના ઘડવૈયાઓએ લોકશાહીનાં બીજ નાંખ્યાં, છોડને નજાકતથી પોષ્યો અને વટવૃક્ષ થાય ત્યાં સુધી માવજત કરી. હવે, આજે કારભારીઓ આવી આ લોકશાહીના વૃક્ષને હલબલાવી શકે, કદાચ તેને વિકૃત પણ કરી શકે પણ તેને મૂળસોતું ઉખાડી ફેંકવું, તેનો ખાત્મો બોલાવી દેવો શક્ય નથી.

ભારત ફિફટી ફિફટી લોકતાંત્રિક છે, તો એંસી ટકા એકતા ધરાવે છે. ઉત્તરપૂર્વી વિસ્તારો અને કાશ્મીર અલગતાવાદી જૂથોના પ્રભાવમાં છે, મધ્યના કેટલાક જંગલ વિસ્તારો માઓવાદી ક્રાંતિકારીઓના પ્રભાવમાં છે, પણ આ બધા મળીને દેશનો પચીસ ટકા ભાગ પણ નહી થતો હોય. મહદ્ ભારતને એક તાંતણે જોડી રાખતાં ક્યાં પરિબળો છે? સૌ પ્રથમ તો અંગ્રેજો વારસામાં મૂકતા ગયા તે - દેશનું વહીવટી સનદી માળખું, લશ્કર,રેલવે, અંગ્રેજી ભાષા અને ક્રિકેટ ! આ બધાં પરિબળો ભારતના લોકશાહી અને સમવાયી બંધારણની રાહબરીએ કે તેની સાથે રહીને એંસી ટકા ભારતમાં ચૂંટાયેલી સરકારોનું વજૂદ, અધિકારિતા અને સત્તા/આણ રહે તે નિશ્ચિંત કરી આપે છે. આ કારણે આવતી સ્થિરતાના કારણે ભારતનો કોઇપણ નાગરિક મુક્તપણે હરીફરી શકે, રોકાણ-ધંધારોજગાર કરી શકે તેવું વાતાવરણ બનાવે છે.

વિવિધતાસભર અનેક પ્રદેશો વચ્ચેની રાજકીય સંગઠિતતાના સીધા પરિણામ તરીકે આર્થિક સંગઠિતતા સર્જાય છે. આ બન્ને એકબીજાને વધુ મજબૂત કરતા લૂપની જેમ વર્તે છે. જેટલી એક પ્રાંતથી બીજા પ્રાંતમાં અને આખા ભારતવર્ષમાં, માલસામાન અને માણસોની વધારે આવનજાવન આપ-લે, તેટલી ભારત એક હોવાની સભાનતા વધૂ. આર્થિક અને રાજકીય પરિબળો ઉપરાંત સાંસ્કૃતિક પરિબળો પણ ભારતની એકતામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એમાં ઉલ્લેખનીય ફાળો હિન્દી સિનેમાનો છે. (મજાની વાત એ છે કે તેણે ભજવેલ ભૂમિકા ફિફટી ફિફટી નહી પણ સો ટકાની છે.) હિન્દી ફિલ્મો આખેઆખા ભારતીય સમાજનો - કોઇપણ ઉંમર, લીંગ, ધર્મ, નાતજાત, વર્ગ, ભાષા કે પ્રાંત - ગજબનો લોકપ્રિય ઉમંગ છે. ગીતકાર જાવેદ અખ્તરની સૂક્ષ્મ નિગાહનું અવલોકન અભિભૂત કરી દે છે. તેઓ કહે છે,'ભારતના દરેક રાજ્યની પોતાની આગવી સંસ્કૃતિ છે, પરંપરા પ્રણાલીઓ છે, પોતાનો વેશ અને મોજશોખ છે. તમે ગુજરાત જાવ ત્યાં એક પ્રકારનો સાંસ્કૃતિક માહોલ હોય અને પંજાબ જાવ તો ત્યાં એક અલગ માહોલ, રાજ્યે રાજ્યે અલગ સંસ્કૃતિ જોવા મળશે..ભારતનાં આ બધાં રાજ્યોમાં એક બીજું નોખું રાજ્ય છે, હિન્દી સિનેમા!' જાવેદ અખ્તરની આ આત્મસૂઝને ઊંડેથી ખોતરી સમજવાની જરૂર છે. એક અલગ રાજ્યની જેમ હિન્દી સિનેમાને આખું ભારત એક અલગ ભાવથી સન્માને છે અને હિન્દી સિનેમાના રાયમાં ગીતકાર એક પ્રદેશનો, સંગીતકાર બીજાં, તેમ નિર્દેશક, ફોટોગ્રાફર, ટેકનીશીયનો, નૃત્યકારો, ફાઇટરો. એકસ્ટ્રાસ અને બોયસ એમ અનેક લોકો ક્યાંથી ક્યાંથી ભેગા આવી મળે છે. ફિલ્મના કોઇ એક જ ગીતમાં અનેક બોલીઓ પણ આવી જાય અને ભાંગડા પણ અને કથ્થક પણ, ફિલ્મનો એક ભાગ અહીંથી તો બીજો ત્યાંથી અને સર્વત્રાથી એમ ફિલ્મ પૂરી કરી આખા ભારત માટે સુગ્રથિત સ્વરૂપે આનંદ-મોજ માટે મોકલાય છે. આખા દેશમાં સર્વત્ર જો કોઇ ઘેલું લગાડતા હોય તો તે ફિલ્મી કલાકારો છે. સિનેમા ભારતને માત્ર સર્વમાન્ય આનંદ જ નથી આપતું પણ બધાને સમજાતી સર્વભાષા અને વ્યાપક સંવાદનો મંચ પણ ઊભો કરી આપે છે. શાળા, કોલેજો, ઓફિસો કે ઘર ગમે ત્યાં જાઓ ફિલ્મના સંવાદો પંક્તિઓ સાંભળવા મળી જશે. એક અલગ રાજ્યની હેસિયતે, હિન્દી સિનેમાની પોતાની એક ભાષા છે, પણ તે બધાને સમજાય છે. હિન્દી સિનેમા સામાજિક સ્થિતિઓ અને નૈતિક કોયડાઓનો સ્ટોક ઊભો કરે છે જે વ્યાપક અર્થના ભારતીય નાગરિકનો પોતાનો અવાજ હોય તેવો અનુભવ સર્જે છે. અક્ષરશઃ સમજીએ તો હિન્દી સિનેમાની હિન્દી દેશમાં સૌને પોતાની

લાગે છે. હિન્દી ભાષાને કાયદા વડે આખા ભારત પર ઠોકી બેસાડાઇ હોત તો દેશમાં ઉથલપાથલ અને રમખાણો ફાટી નીકળ્યાં હોત પણ હિન્દી સિનેમાની હિન્દી ચૂપકીદીથી પ્રેમથી દેશના ખૂણેખૂણે વસતા લોકોનાં દિલોદિમાગ પર ઘર કરી લે છે. નવાઇ ના લાગવી જોઇએ કે ઉત્તરપૂર્વી સીમાડાના અલગતાવાદી વિદ્રોહીઓએ હિન્દી સિનેમાની સિડી-વીડિયો પર સખત પાબંદી કેમ લગાવી! હકીકતમાં આ તો, હિન્દી સિનેમાએ દેશને એક તાંતણે બાંધવામાં કેવી જોરદાર ભૂમિકા ભજવી હશે તે વાતની હિન્દી સિનેમાને અપાયેલ શાબાશી છે!

ભારતની તુલના અમેરિકા સાથે કરવાની લાલચ રોકી શકાતી નથી. અમેરિકાએ 'વિશ્વની પ્રથમ બહુ-માનવજાતીય લોકશાહી' તરીકેની ગૌરવ ઉજવણી કરી છે. અમેરિકા પછી બસો વરસે લોકશાહી તરીકે પાંગરેલ ભારત ગણતંત્ર 'વિશ્વની સૌથી મોટી બહુમાનવજાતીય લોકશાહી' સાબિત થઇ છે. જો કે ભારત અને અમેરિકાએ તેના વિવિધ ઘટકો એવા પેટા માનવજાતીય સમૂહો વચ્ચેના સંબંધોનું કઇ રીતે સમતોલન સાધ્યું અને કઇ રીત નિયમન કર્યું તે રીતમાં અંતર છે. સેમ્યુઅલ હટિંગ્ટનના મતે અમેરિકા એક તાંતણે બંધાયું તે મુખ્ય પરિબળ 'સહિયારી ધાર્મિક આસ્થા' છે; જેનાં મુખ્ય તત્ત્વો - ખ્રિસ્તી ધર્મ, પ્રોટેસ્ટન્ટ મૂલ્યો અને નૈતિકતા, કાર્યનિષ્ઠા, અંગ્રેજી ભાષા, ન્યાય અને કાયદાની બ્રિટીશ પ્રણાલીઓ, સરકારની સત્તાઓની મર્યાદા તથા યુરોપિયન કળા, સાહિત્ય, ફિલસૂફી, સંગીતનો વારસો રહ્યાં છે. ઘણા બધા અંશે એમ કહી શકાય કે અમેરિકાની ઇમારત પ્રોટેસ્ટન્ટ સમાજ તરીકેની ચણાઇ, જેમ વીસમી સદીમાં પાકિસ્તાનની મુસ્લિમ અને ઇઝરાયેલની યુ સમાજ તરીકેની.

અલબત્ત અમેરિકા બહારથી આવી વસેલા પરદેશીઓની ભૂમિ છે પણ અહી જે કોઇપણ આવ્યા તે સમૂહોએ અમેરિકાની પ્રભુત્વ સંસ્કૃતિ- એંગ્લો પ્રોટેસ્ટન્ટ સંસ્કૃતિ અને રાજકીય મૂલ્યો- સાથે વિલીન થઇ જવાનું પસંદ કર્યું. છેલ્લે નવા આવેલા સમૂહો પોતાની આગવી સંસ્કૃતિ જાળવવાની કોશિશ કરે છે. જેમાં હિસ્પેનિક સમૂહો મુખ્ય છે. તેઓ પોતાના કિલ્લાઓમાં રહે છે, પોતાની ધાર્મિક આસ્થા, પોતાનું સંગીત, આગવા રીતરિવાજો,ખાણીપીણી અને ખાસમ્ ખાસ તો પોતાની ભાષા બોલે છે. હટિંગ્ટનને આ બાબત અકળાવે છે, ' જો આ સમૂહોને સત્વરે મુખ્ય પ્રવાહમાં નહી લાવવામાં આવે તો, અમેરિકાને સમૂળગું બદલીને બહુભાષી, બહુસાંસ્કૃતિક બનાવી દેશે.' અન્ય માનવસમૂહોનું અમેરિકાની પ્રમુખ સંસ્કૃતિમાં ભેળાઇ જવાના કારણે અમેરિકા 'વિલીની ઘડો મઇલતાનગ પદ્ધત ' બને છે, પરંતુ હવે જ્યારે તે 'કચુંબરવાટકા-જેમાં દરેક ઘટક પોતાની આગવી સંસ્કૃતિ પ્રતિભા રહેણીકરણી ઉભારીને રહે છે' માં ફેરવાઇ રહ્યું છે ત્યારે હટિંગ્ટન નિરુત્સાહ થઇ જાય છે. કેમ કે તેમના મતે તો અમેરિકા લાંબા સમયથી એકમાત્ર સમાજ તરીકે રહ્યો છે, જેની હંમેશાં એક જ વ્યાપક રાષ્ટ્રીય સંસ્કૃતિ રહી છે અને લાંબા વખત સુધી તેમ જ રહેવી જોઇએ.

ભારતીય ઇતિહાસથી વાકેફ હોય તેવાઓ માટે હટિંગ્ટનની વિચારસરણી કંઇ નવાઇની નથી કેમ કે આપણે ત્યાં રાજનીતિજ્ઞો જેવા કે મ.સ.ગોલવલકર કે રાજકીય પક્ષો જેમ કે જનસંઘ આ જ વિચારધારાના છે અને ભારતની પ્રમુખ આસ્થા હિંદુત્વ ના રંગે રંગાયેલ ભારતને જોવા સતત મથી રહ્યા છે. ભારતની પ્રમુખ સંસ્કૃતિ હિંદુને ભારતની રાષ્ટ્રીય સંસ્કૃતિ તરીકે સ્વીકારાવવા આઝાદી સમયે ખૂબ મથ્યા પરંતુ ભારતના ઘડવૈયાઓએ, બંધારણના ઘડવૈયાઓએ અને આઝાદી પછીના શાસકોએ આ વિચારધારાને માન્યતા આપી નહી, સ્વીકારી નહી અને આમ ભારત કચુંબરવાટકો- જેમાં દરેક ઘટક પોતાની આગવી સંસ્કૃતિ પ્રતિભા રહેણીકરણી ઉભારીને રહે છે- બન્યું અને તે રીતે જ રહ્યું છે. આપણે ત્યાં હટિંગ્ટન જેને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે ખતરારૂપ ગણે છે તે વૈવિધ્યસભરતા અકબંધ રહી છે. અનેક દબાણો સામે અડીખમ રહી અમુક ધર્મના , અમુક ભાષાના લોકોને પક્ષપાત કરી આપવાના પાકિસ્તાન કે ઇઝરાયેલના વાદે ચઢવાનું સજાગપણે ટાળ્યું છે.

'ભારત ક્યા ચીજ હૈ' કે 'ભારત એક આઇડીયા' ,ની ભાવપૂર્ણ અંજલી બ્રિટનના જીવવિજ્ઞાનશાસ્ત્રી જે નિવૃત્તિ બાદ કલકત્તા આવી ઠરીઠામ થયા તે જે.બી.એસ હલ્દાને આપે છે. હલ્દાનેને એક અંગ્રેજે વિશ્વનાગરિક તરીકે નવાજ્યા તેના જવાબમાં તેઓ કહે છે, ' નાગરિકની ફરજ છે કે તે તેની સરકાર માટે ઉપદ્રવી થઇ રહે પણ વિશ્વસરકાર તો હોઇ જ ના શકે તેથી હું વિશ્વનાગરિક ના હોઇ શકું પણ મને ભારતના નાગરિક બની રહેવામાં ગર્વ છે. મારે કહેવું છે કે અહીની સરકાર ખાસી કડક ટીકાટિપ્પણીઓ થવા દે છે અને હું અવારનવાર ભારત સરકાર માટે ઉપદ્રવ કર્યા કરું છું, જો કે સરકારની તે સામેની પ્રતિક્રિયા ખાસ્સી ધીરી હોય છે. મને એ ભારતના નાગરિક તરીકેનો પણ ગર્વ છે કે જે યુરોપ, અમેરિકા, રશિયા કે ચીન કરતાં અનેકગણું વૈવિધ્યસભર છે, અને તે વિશ્વસંસ્થા માટેનો બહેતર નમૂનો છે. તે કદાચ વેરવિખેર થઇ જશે પણ તે ચોક્કસ જ અદ્દભુત પ્રયોગ છે અને હું તે ભારતનો નાગરિક છું.' ■

***(રામચંદ્ર ગુહાના પુસ્તક 'ઇન્ડિયા આફટર ગાંધી : ધ હિસ્ટ્રી ઓફ ધ વર્લ્ડસ્ લાર્જેસ્ટ ડેમોક્રસી' નો સંક્ષિપ્ત સાર આઉટલૂક મેગેઝિનના ૭ મે ૨૦૦૭ના અંકમાં પ્રસિદ્ધ થયેલ જે આજે પણ એટલો જ પ્રસ્તુત છે. એનો મુક્ત અનુવાદ આપીએ છીએ.-સં. અનુવાદક : રાજેશ મિશ્રા)***

# મનમોહનસિંઘનું હવે પછીનું ખાસ કામ

## શેખર ગુપ્તા

ડૉ. મનમોહનસિંઘે રાજકારણી તરીકેની એમની પહેલી ઈનિંગમાં આપણા અર્થતંત્રને મુક્ત કર્યું. બીજી ઈનિંગમાં વડાપ્રધાન તરીકે એ માત્ર આપણી વિદેશ નીતિમાં જ નહીં, પણ આપણા સમગ્ર આકલનમાં પાયાનો બદલાવ (paradigm shift) લાવ્યા. બન્ને કેસમાં એ ખુદ પોતાની સામે, અને પોતાની પ્રતિષ્ઠા સામે ખતરો હોવા છતાં એ બદલાવને વળગી રહ્યા. જાહેર જીવનના આ ત્રીજા તબક્કામાં એ કયા બદલાવ માટે મથશે ? અથવા તો, એમણે મથવું જોઈએ ?

આપણે કલ્પના કરીએ, અથવા ઈચ્છીએ કે એમણે ૧૯૯૧ અને ૨૦૦૮માં અનુક્રમે આપણી આર્થિક નીતિ અને વિદેશ નીતિ બાબતે જે કર્યું એવું આપણા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં કરે. ભારતમાં આજે વધુ વસ્તી લાભદાયી છે એમ કહેવું ફેશનેબલ બની ગયું છે. ૨૦૨૦ સુધીમાં આપણે ત્યાં સરેરાશ (average) ઉંમર ૨૯ વર્ષની હશે, જેથી દુનિયાભરમાં આપણે સૌથી વધુ યુવાન દેશ હઈશું. આજે ૬૫ વર્ષથી ઉપરના અને ૧૫ વર્ષથી નીચેના તમામ લોકો માટે આવક રળતા લોકોનું પ્રમાણ ૧.૮નું છે, (એટલે કે એક વ્યક્તિ આધારિત હોય તો એની સામે ૧.૮ વ્યક્તિ કમાનાર હોય, ૧૦૦ આધારિત માણસોની સામે ૧૮૦ વ્યક્તિઓ કમાતી હોય) જે ખૂબ સારું છે. ૨૦૩૦માં એ પ્રમાણ ૨.૧નું થશે, જે દુનિયાભરમાં સૌથી વધુ હશે. (ચાઈના ૧.૭ જેટલું નીચું ઊતરી ગયું હશે) જો ઉચ્ચ, ટેકનિકલ કે વ્યાવસાયિક શિક્ષણની આપણી આજની તદ્દન રેઢિયાળ વ્યવસ્થા ધરમૂળથી સુધરશે નહીં તો આજની જે વસ્તી આપણે માટે લાભદાયી છે તે અભિશાપરૂપ બની જશે. ત્યારે દેશ ગુસ્સે ભરાયેલા, રોજગારી મળી ન શકે (unemployable) એવા લંપટ યુવાવર્ગથી ખદબદતો હશે. ભારત જેટલો લચીલો સમાજ પણ એ સંકટ સામે ટકી નહીં શકે. બીજી બાજુ, મનમોહનસિંઘ જો આપણા શિક્ષણ ક્ષેત્રમાં ક્રાંતિકારી બદલાવ લાવે, તો એ જ યુવાવર્ગ લાયકાત ધરાવતો, ઉત્પાદકીય અને સર્જનશીલ બનીને વૈશ્વિક સમાજનું સુખદ ગૌરવ બની રહેશે. ૧૯૯૧એ ભારતના સાહસિકોને પાંખો આપી અને ૨૦૦૮એ આપણને પશ્ચિમના ઝેર (Detoxifications)ના ડરમાંથી મુકત કર્યા, તેમ આજે તક છે કોમવાદી અને ભાગલાવાદી અલગાવ, અભાવો, અસમાનતાને મિટાવવાની.

જેવી રીતે લાયસન્સ-ક્વોટા રાજે જાતે ને જાતે જ ટેલિફોન, સ્કુટર અને રાંધણ ગેસની કમી પેદા કરી હતી, એવી જ રીતે આપણી અત્યંત સર્વસત્તાવાદી, દ્વેષયુકત અને બૌદ્ધિક રીતે દેવાળિયા શિક્ષણનીતિએ સાગમટે અભાવો ઊભા કર્યા છે. કોઈ પણ વ્યક્તિને ટોચની એન્જિનિયરીંગ, મેનેજમેન્ટ અને મેડિકલ કોલેજોમાં દાખલ થવું કેટલું અઘરું છે, એ આપણે સૌ જાણીએ છીએ. જેમની પાસે સાધનો છે તેઓ, ભારતમાં શિક્ષણનો પરંપરાગત નિકાસ કરનાર અમેરિકા અને ઈંગ્લેંડ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, સીંગાપોર કે કતાર જતા રહે છે. ભારતનાં વાલીઓને પોતાનાં બાળકોને વિદેશમાં ભણાવવાનો વાર્ષિક ખર્ચ ૫ થી ૬ કરોડ ડોલરનો થાય છે, એવું ઘણા અભ્યાસોએ નોંધ્યું છે. અને આ એકમાર્ગીય ધંધો જ છે, કારણ કે ખૂબ જૂજ વિદેશી વિદ્યાર્થીઓ ભારતમાં અભ્યાસ કરવા આવે છે, ને જેઓ આવવા ઈચ્છે છે એ સંશોધનકર્તાઓને, ફુલબ્રાઈટ સ્કોલરો સહિત, આપણા ઓર્વેલિયન (જેનો ભારતીય સમાનાર્થી શબ્દ અર્જુનિયન કે મુરલીમનોહરિયન એવો વાપરી શકાય) માનવ સંસાધન વિકાસનું એસ્ટાબ્લીશમેન્ટ નરકની યાતનાનો અનુભવ કરાવે છે. આવા સંજોગોમાં જે ગરીબો પોતાનાં બાળકોને વિદેશમાં પ્રવેશ અપાવી શકતા નથી એમની શું સ્થિતિ થાય ? અને ભારતના ઉદ્યોગો અને સાહસો કે સરકારી હોસ્પિટલો, સૈન્ય, જાહેર સાહસોનું શું થશે, જેમને પર્યાપ્ત પ્રમાણમાં કુશળ કારીગરો મળી નહીં શકે અને બહારથી લાવવા માટે અત્યંત તગડાં વેતનો આપવાં પડશે ?

છતાં, નૌકરીડોટકોમમાં ચોકીદારની નોકરી માટે જાહેર ખબર આપો અને જુઓ કે કેટલા એમ.એ., એમ.એસ.સી. કે પી.એચ.ડી. ભણેલાઓની અરજીઓ આવી પડે છે. આ ભારતીય યુવાવર્ગે પોતાની જિંદગીનાં સૌથી વધુ અગત્યનાં વર્ષો જ્ઞાન નહીં પણ ડીગ્રીઓ, કૌશલ્ય નહીં પણ શિક્ષણ મેળવવામાં ગાળ્યાં છે. આ આપત્તિ જો હાલમાં નહીં નિવારવામાં આવે તો તમે કલ્પના કરો એથી પણ વધુ ઝડપે એમની સંખ્યા કૂદકે ને ભૂસકે વધતી જશે, અને તેમનો ગુસ્સો પણ. પરંતુ જો તમે એ નિવારી શકો તો એનો લાભ માત્ર વસ્તીની દૃષ્ટિએ જ નહીં પણ આર્થિક અને રાજકીય રીતે પણ થશે. જો રોજગારી મેળવવાની ક્ષમતા ન ધરાવતા યુવાનોની ફોજ વધશે તો આપણી પાસે એન્જિનિયરો, ડોકટરો અને મેનેજરો જ નહીં, પણ નર્સો, વેલ્ડરો, ઈલેક્ટ્રીશીયનો, પ્લમ્બરો, કડિયાઓ, સુથારો, શિક્ષકો અને સમાજવિજ્ઞાનીઓ સુદ્ધાંની સખત તંગી ઊભી થશે. એન્જિનિયરીંગ, મેનેજમેન્ટ અને ડોકટરી માટે આપણી પાસે આઈઆઈટી, આઈઆઈએમ અને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિસીન છે, પણ સમાજવિજ્ઞાન કે આર્ટ્સ માટે એવાં કયાં બ્રાંડ નામો આપણી પાસે છે? એમનો તો સંસાધનોની કમી કરતાં પણ વધુ મોટો પ્રશ્ન છે - બૌદ્ધિક સ્વાતંત્ર્ય, વિચારો અને મંતવ્યોના વૈવિધ્યની કમીનો. અને

સમાજવિજ્ઞાનનાં જે રડયાંખડયાં કેન્દ્રો છે તેઓ તો પ્રતિકૃતિ (clones) માત્ર બનાવે છે. એ સામાન્ય રીતે પ્રાધ્યાપકોની પ્રતિકૃતિઓ જ છે, જેઓ ૭૦ના દાયકાની જરીપુરાણી વિચારધારા ધરાવે છે, જેઓ પોતાને અડકીને પસાર થઈ ગયેલી ક્રાંતિની નોંધ લેવા પણ સમર્થ કે તૈયાર નથી. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી એનું ઉત્તમ ઉદાહરણ છે.

એ જાણીતું છે કે શિક્ષણ ઉન્મુકત કરે છે. પણ એ પણ એટલું જ સાચું છે કે વધુ સારું શિક્ષણ, ખાસ કરીને ઉચ્ચતર શિક્ષણ, વધારે મળતું થવાથી આત્મસન્માન, સામાજિક, મહેચ્છા અને સંતોષ વધારે મળે છે, જે દુઃખડાં અને ફરિયાદોને બદલે મહત્ત્વાકાંક્ષાના રાજકારણને પસંદ કરનારા આજના ઊભરતા અને આગામી ૨૫ વર્ષ સુધી વધુ ને વધુ જુવાન બનતા જનારા ભારત સાથે વધુ બંધ બેસે છે. વધતી જતી તકોને કારણે જ પાનવાળાનો દીકરો આઈઆઈટીમાં પ્રવેશ મેળવી શકે છે, કે પટણામાં એક નિષ્ઠાવાન વ્યક્તિ દ્વારા ચલાવાતા સામાન્ય કોચિંગ ક્લાસ બિહારના ૭૦ વિદ્યાર્થીઓને દેશની ટોચની એન્જિનિયરીંગ કોલેજોમાં મોકલી શકે છે. અને આ તક ત્યારે મળે છે જ્યારે આપણી IIT-JEE સિસ્ટમ હાલમાં ૮૦૦૦ બેઠકો આપે છે, જે ૧૯૯૮ની માત્ર ૨૦૦૦ બેઠકોની સરખામણીમાં આજે બહુ વધારે લાગે છે. પરંતુ આપણા યુવાવર્ગની અને આપણા અર્થતંત્ર તેમજ ઉદ્યોગોની જરૂરિયાત સામે એ ખૂબ જ ઓછી છે. એને અમેરિકાની યુનિવર્સિટીઓ સાથે સરખાવીએ તો યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા - લોસ એન્જેલસમાં ૨૫૦૦૦ અન્ડરગ્રેજ્યુએટ અને ૧૧૦૦૦ પોસ્ટ ગ્રેજ્યુએટ છે. મેસેચ્યુસેટ્સ ઇન્ટિટ્યુટ ઓફ ટેકનોલૉજીમાં ૪૧૭૨ અન્ડરગ્રેજ્યુએટ અને ૬૦૪૮ પો.ગ્રે. છે. હાર્વર્ડમાં ૬૭૧૪ અ.ગ્રે. અને ૧૨૪૯૨ પો.ગ્રે., યેલમાં કુલ ૧૧૨૫૦ છે) એની સરખામણીમાં આપણી સન્માનનીય જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં ૫૦૦૦ જ છે, જે દેશભરમાં એક જ યુનિવર્સિટી છે, જયારે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા ૧૦ છે.

ગુણવત્તાવાળા શિક્ષણની આટલી ગુનાઈત કરી શકાય એવી તંગી, આટલી બધી બુદ્ધિમત્તા અને શિક્ષણ માટેના આટલા આદર અને ઝંખના ધરાવતા સમાજ માટે તો સૌથી વધુ ક્રૂર અત્યાચાર છે. બેંગલોરના નાયરણ હૃદયાલયના ડૉ. દેવી શેટ્ટીએ મને કહેલું કે ભારતમાં ડાયાબિટીસનો રોગ એટલો તો વ્યાપક એપિડેમિક જેવો થઈ ગયો છે કે ભારત આજે 'વિશ્વનું કિડનીના રોગોનું મુખ્ય મથક' જેવો થઈ ગયો છે. તેમ છતાં, તમને ખબર છે કે ભારતની મેડિકલ કોલેજો દર વર્ષે નેફ્રોલોજીના કેટલા એમ.ડી. ડોકટરો બહાર પાડે છે ? માત્ર ૭૦! ન્યુરોલોજીની સ્થિતિ તો એથી પણ બદતર છે - ૬૩. કાર્ડિયોલોજીના ૮૮ અને ઓન્કોલોજી (કેન્સરના નિષ્ણાતો) માત્ર ૧૫ જ! અને આપણે મેડિકલ ટુરીઝમમાંથી વિદેશી હૂંડિયામણ કમાવાની આશા રાખીએ છીએ. ભારતને દર વર્ષે આ દરેક સ્પેશિલાઈઝેશનમાં ઓછામાં ઓછા ૧૦ ગણા વધુ નિષ્ણાતોની જરૂર છે અને સમાવી શકે એમ પણ છે. શું તમે કલ્પના કરી શકો છો કે ૧૧૦ કરોડની વસ્તીવાળો દેશ દર વર્ષે ૭૩૩૨ એમડી ડોકટરો જ બહાર પાડે છે ? અમેરિકા વર્ષે ૧૬૦૦૦ અને નાનકડું યુકે ૪૨૦૦ બહાર પાડે છે.

બધાં જ ક્ષેત્રોમાં ગુણવત્તાવાળા શિક્ષણની આટલી સખત તંગી આપણે જાતે જ ઊભી કરેલી છે અને તે એકદમ બિનજરૂરી છે. દર વર્ષે આપણે ખાનગી અને કેન્દ્રીય વિદ્યાલયોમાં પ્રવેશ માટેની પડાપડી અને કોર્ટ કેસો થતા દેખીએ છીએ, અને ૯૦ ટકા લાવનારને પણ સારી કોલેજો (જે દેશભરમાં આશરે ૧૦ જેટલી હશે)માં ઈકોનોમિકસ કે અંગ્રેજી ઓનર્સ સુદ્ધાંમાં પ્રવેશ ન મળે એવું ગાંડપણ આપણે દર વર્ષે દેખીએ છીએ. અને સારી કોલેજો એટલે કે એવી કોલેજો જ્યાં વર્ગો નિયમિત લેવાય છે. કારણ કે કાં તો નરકમાંથી કે કીમ II સુંગના ઉત્તર કોરિયામાંથી જાણે આવી પડેલા હોય એવો ૩ અક્ષરોનો શબ્દ - યુજીસી, કોલેજોને વિદ્યાર્થીઓ આપવા માંગતા હોય છતાં વધુ ફી નહીં લેવા દેય, અથવા શિક્ષકોને એણે નિયત પગાર કરતાં વધુ પૈસા નહીં આપવા દેય. પરિણામ આપણે રોજ આપણા ટીવી જોઈએ છીએ. જાહેરાત જોઇએ છીએ કે દેશની સૌથી મોટી ખાનગી યુનિવર્સિટી પંજાબની લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી છે, જે યુજીસી-માન્ય છે.

આજે મનમોહનસિંઘ પાસે બદલાવ લાવવાની તક, સમય અને રાજકીય અવકાશ (space) છે. માનવ સંસાધન મંત્રી તરીકે છેલ્લા ૨ દાયકામાં પહેલી વાર આધુનિક મંત્રી કપિલ સિબ્બલને પસંદ કરીને સારી શરૂઆત કરી છે. રાહુલ ગાંધી પણ આ વિષય બાબતે બહુ ઉત્કટતાથી માને છે. ભાજપ પાસેથી કોઈ ખાસ વિરોધ આવે એમ નથી, કારણ કે એ પણ મુરલી મનોહર જોષીના રેકોર્ડથી એટલી જ શરમ અનુભવે છે, જેટલી કોંગ્રેસ અર્જુનસિંઘથી. તેથી ૧૯૯૧ના દેવાળિયાપણાએ આર્થિક સુધારાઓને વાજબી ઠેરવ્યા, અને નવી બૌદ્ધિક - ફિલોસોફિકલ ઇચ્છા ન્યુક્લીયર કરાર અને એમ કરીને વિદેશ નીતિમાં મૂળગામી બદલાવ લાવી, એવું જ આપણી વસ્તીની વાસ્તવિકતા અને રાજકારણ બન્નેએ શિક્ષણ અને માનવ સંસાધન વિકાસ અંગે ક્રાંતિકારી બદલાવ માટેનો અવકાશ ઊભો કરી આપ્યો છે. આજે હવે એ નહીં કરવા માટેનાં કોઈ બહાનાં પણ નથી. નથી ડૉ. જોષી, નથી અર્જુનસિંઘ, નથી કોઈ નકલી આઈડિયોલોજી કે નથી ડાબેરીઓ. ■

***(૩૦ મે ૨૦૦૯ ઈન્ડિયન એક્સપ્રેસમાંથી સાભાર***
***ભાવાનુવાદ તૃપ્તિ પારેખ)***

# ધ બ્યુટીફુલ ટ્રી

## *ગરીબો પોતાનાં બાળકોને કઈ રીતે ભણાવી રહ્યા છે એની કરીબી ઝલક*

**જેમ્સ ટૂલી**

મારી સૌથી પહેલી નોકરી આફ્રિકામાં ગણિત શિક્ષક તરીકેની હતી. ૧૯૮૦માં ઝિમ્બાબ્વેને બ્રિટીશ સલ્તનતથી સ્વાતંત્રતા મળી. ત્યાર બાદ બે વર્ષે, હું મારું કોલેજ શિક્ષણ પૂરું કરીને સીધો 'કોમરેડ' રોબર્ટ મુગાબેને નવો સમાજવાદી સમાજ રચવાના સ્વપ્નને પૂરું કરવાના કાર્યમાં મદદ કરવા ત્યાં પહોંચી ગયેલો. અને એ માટે શિક્ષણ જેવું ઉત્તમ માધ્યમ બીજું કયું હોઈ શકે? મેં મારી નિમણૂક કોઇ ગામડાની શાળામાં કરવા માટે ખાસ વિનંતી કરેલી. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે એમ ન થતાં મને રાજધાની હરારેની એલીટ ગર્લ્સ સ્કુલમાં મુકવામાં આવેલો. નોકરીના પહેલે દિવસે જ શાળાની ગોરી પ્રિન્સિપાલે મને હસતાં હસતાં કહેલું કે 'તારા જેવા અંગ્રેજ ગણિત શિક્ષકને વળી આ સરકાર ગામડે મોકલતી હશે ? ટોચના બધા રાજકારણીઓની છોકરીઓ અહીં આ સ્કુલમાં જ ભણે છે !' અલબત્ત, ત્યારે તો મેં એમ જ માની લીધેલું કે તેઓ પોતાના જાતીય પૂર્વગ્રહને કારણે જ આમ કહેતા હશે !

ત્યારે ટીકાકારો સામે હું મુગાબેની સરકારનો કાયમ બચાવ કરતો, કારણ કે કમ સે કમ એણે શિક્ષણથી વંચિત જનતાને શિક્ષણ આપવાની પવિત્ર ઝૂંબેશ ઊપાડી હતી, જેમાં હું પણ જોડાયો હતો. એક વાર શહેરના ધનિકો પૂરેપૂરો ટેક્ષ ભરતા થઈ જાય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પૂરતી સહાય પૂરી પાડે તો સૌને મફત શિક્ષણ પૂરું પાડવાનું કામ સહેલાઇથી હાંસિલ કરી શકાશે. અને એનાથી રૂડું વળી બીજું શું હોઇ શકે ? આખરે બધા જાણે છે તેમ જો દરેક બાળકને શિક્ષિત બનાવવું હોય તો ગરીબ લોકોને તો સહાયની જરૂર પડવાની જ. સરકારે શાળાનાં મકાનો બાંધવા, શિક્ષકોને તાલીમ આપવા અને પગાર આપવા માટે કરોડો રૂપિયા ખર્ચવા પડે. તો જ બધાં બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ મળી શકે. અને ઝિમ્બાબ્વે જેવા ગરીબ વિકાસશીલ દેશોની સરકારો પાસે તો એટલાં નાણાં હોય નહીં. એટલે એમને બહારની સહાયની પણ જરૂર પડવાની જ. એટલે જો પશ્ચિમની તવંગર સરકારો સહાય પાછળ વધારે નાણાં ફાળવે તો જ બધાં બાળકોને અજ્ઞાનતા અને અસાક્ષરતાની ગર્તામાંથી બહાર લાવી શકાય. આ જ સંદેશો આપણે કાયમ આપણી સરકારો, આંતરરાષ્ટ્રીય એઈડ એજન્સીઓ, પોપ સ્ટાર અને સેલીબ્રીટીઓ પાસેથી સાંભળતા આવ્યા છીએ. શરૂઆતનાં વર્ષોમાં હું પણ આ સ્વીકૃત ડહાપણમાં જ માનતો હતો. પરંતુ છેલ્લાં થોડાં વર્ષોની મારી મુસાફરીઓમાં મને જે અનુભવો થયા, તેનાથી આ સ્વીકૃત ડહાપણ અંગે મનમાં ખાસ્સી શંકા પેદા થઈ છે. આ સફરની શરૂઆત થઈ ભારતના હૈદ્રાબાદ શહેરની ઝૂંપડપટ્ટીઓથી. ત્યાંથી પછી સોમાલિયા, નાઈજીરિયા, ફરી પાછું ભારત, ત્યાંથી ઘાના, કેન્યા, ચીન અને ત્યાંથી પાછા ઝિમ્બાબ્વેની સફરે તો મારી આંખ ખોલી નાખી છે. કોઈ પણ વિકાસ સાહિત્ય (development literature)માં કે રાજકારણીઓનાં ભાષણોમાં કે પોપ સ્ટાર્સ - અભિનેતાઓની અપીલમાં ગરીબો કેટલા બિચારા છે એ જ વાંચવા-સાંભળવા મળે છે. 'સારા શિક્ષણ માટે સરકાર અને આંતરરાષ્ટ્રીય એઈડ એજન્સીઓ પૈસા ફાળવીને એમને શિક્ષણ પૂરું પાડે એની ધીરજપૂર્વક અને નિઃસહાય થઈને રાહ જોઈને બેસી રહેવા સિવાય એમની પાસે કોઈ ચારો નથી. એટલે આપણે વધારે આપવું જોઈએ અને તત્કાલ આપવું જોઈએ'. ઝિમ્બાબ્વેના મારા વસવાટનાં શરૂઆતનાં વર્ષોમાં હું પણ આવું જ માનતો. પરંતુ, પછીથી મારી મુસાફરી દરમિયાન મને ખ્યાલ આવતો ગયો કે આવી વાતો પાછળનો આશય ભલે ગમે એટલો ઉમદા હોય, તો પણ તે એક અગત્યની બાબત ચૂકી જાય છે. ગરીબો પોતે પોતાને માટે શું કરી શકે છે, કરી રહ્યા છે, એનો આ સ્વીકૃત સમજને કોઈ અહેસાસ નથી. આજે વિકાસશીલ દેશોમાં શિક્ષણક્ષેત્રે જે નોંધપાત્ર બની રહ્યું છે એણે આ સ્વીકૃત સમજને ઊથલાવી નાખી છે. આનો અહેસાસ સૌપ્રથમ મને જાન્યુઆરી ૨૦૦૦માં થયો.

### હૈદ્રાબાદની ઝૂંપડપટ્ટીમાં થયેલી શોધ . . .

સન ૨૦૦૦માં વર્લ્ડ બેંકના ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ કોર્પોરેશને મને લગભગ ડઝનેક વિકાસશીલ દેશોની ખાનગી શાળાઓનો અભ્યાસ કરવાનું એક કામ સોંપેલું. એના અનુસંધાને હું લંડનથી દિલ્હી, ચેન્નાઈ અને મુંબઇ આવ્યો. દિવસે ફાઇવ-સ્ટાર ખાનગી શાળાઓ અને કોલેજોની મુલવણી કરવાની અને રાત્રે ફાઇવ-સ્ટાર હોટલોમાં રહેવાનું. સાંજે હું

હોટલોની આસપાસનાં શેરી બાળકો સાથે હળતો-મળતો, ત્યારે મારા પ્રોજેકટથી ગરીબોના શિક્ષણને શું લાભ થશે એ સવાલ મને પજવ્યા કરતો. જે 'પોશ' શાળા-કોલેજોની હું મુલવણી કરતો હતો એ તો મધ્યમવર્ગ કે ભદ્રવર્ગ માટેની જ હતી, જેમને સહાયની કોઈ જરૂર નહોતી અને એ શાળા-કોલેજોને આંતરરાષ્ટ્રીય સહાય માત્ર તે 'ગરીબ' દેશમાં આવેલી હતી એ કારણસર જ મળી રહી હતી ! મને અસુખ રહ્યા કરતું. અને એક દિવસ, બધું બદલાઈ ગયું. એ દિવસે ૨૬મી જાન્યુઆરી હતી, એ ભારતનો ગણતંત્ર દિવસ હોવાથી રજાનો દિવસ હતો. હું નવરો હતો એટલે એક રિક્ષામાં બેસીને બજાર હિલ્સની ભવ્ય હોટલ છોડીને ૧૫૯૧માં બંધાયેલ ચારમિનાર વિસ્તારમાં પહોંચ્યો. મારા ભોમિયાએ ચારમિનાર તો મારે જોવો જ જોઈએ એમ જણાવેલું, અને સાથે જ ચેતવેલો કે એ પુરાણા શહેરની ઝૂંપડપટ્ટીઓની વચ્ચે આવેલો છે. મારા માટે એ જ કારણ લલચાવનારું હતું. મારે મારી સગી આંખે ઝૂંપડપટ્ટી જોવી હતી.

હું રિક્ષામાં બેસીને નીકળી પડ્યો. અમે મધ્યમવર્ગી લત્તાઓમાંથી પસાર થતા હતા ત્યારે ઠેર ઠેર ખાનગી શાળાઓ નજરે ચડતી હતી. શેરીએ - શેરીએ એનાં પાટિયાં લટકતાં હતાં, કેટલાંક ખાસ શાળા માટે જ નવાં બંધાયેલાં મકાનો પર લાગેલાં હતાં, પણ મોટાભાગનાં દુકાનો કે ઓફિસોના મેડા પર લાગેલાં હતાં. જોકે મારા માટે એ કલ્પના બહારનું ન હતું, કારણ કે ઘણા અધિકારીઓએ મને જણાવેલું કે મધ્યમવર્ગના લોકો એમનાં બાળકોને ખાનગી શાળાઓમાં જ મોકલે છે. તેમ છતાં ગલીએ-ગલીએ આટલી બધી શાળાઓ હશે એ જોઈને તો નવાઈ જ લાગે તેમ હતું.

## ગરીબ બસ્તીઓમાં પણ ઠેર ઠેર ખાનગી શાળાઓ

અમે ગંધાતી ખાડી જે એક જમાનાની મુસી નદી હતી, એનો પુલ વટાવીને નાની દુકાનો, પાનના ગલ્લાઓ અને ફેરિયાઓની વચ્ચે થઈને ચારમિનાર પહોંચ્યા. એક નોંધપાત્ર બાબત એ હતી કે શહેરના સૌથી વધુ સમૃદ્ધ વિસ્તારમાંથી અમે સૌથી ગરીબ લત્તાઓમાં આવ્યા હતા, છતાં અહીં પણ ખાનગી શાળાઓની સંખ્યા એટલી જ જોવા મળતી હતી. નાની દુકાનો અને વર્કશોપોમાં ખાનગી શાળાઓ આવેલી હતી! અને ઝૂંપડપટ્ટીઓની બહાર પણ શાળા હોવાની અંદર તરફ નિશાની કરતાં હાથે લખેલાં પાટિયાં લટકતાં હતાં ! હું ચકિત થઈ ગયો. થોડો મૂંઝાયો પણ ખરો - ભારતમાં ક્યારેય કોઇએ ઝૂંપડપટ્ટીઓમાં આવેલી આ ખાનગી શાળાઓ વિશે કેમ કશું કહ્યું નહીં હોય ? રિક્ષા છોડીને હું ચાલતો એક સાવ સાંકડી ગલીમાં 'અલ હસનાત સ્કુલ ફોર ગર્લ્સનું' પાટિયું લાગેલું હતું ત્યાં પહોંચ્યો. રજાનો દિવસ હોવાથી ત્યાં તો કોઈ નહોતું, પણ બાજુના શાકવાળાએ સામેના ખાંચા તરફ આંગળી ચીંધી, જયાં ૩ માળના મકાનના પહેલા માળે પાટિયું લટકતું હતું : 'સ્ટુડન્ટ્સ સર્કલ હાઈસ્કુલ એન્ડ ઈન્સ્ટીટ્યુટ, રજિસ્ટર્ડ બાય ધી ગર્વમેન્ટ ઓફ એ.પી.' હું સાંકડી, અંધારી સીડી ચડીને મકાનના પાછલા ભાગમાં ગયો. ત્યાં ચોકીદારે બીજે દિવસે આવવા જણાવ્યું. હું પાછો જતો હતો ત્યારે પેલા શાકભાજીવાળા યુવાને મને બોલાવીને કહ્યું કે નજીકમાં જ આવેલી રોયલ ગ્રામર સ્કુલમાં તો કોઈ ચોક્કસ મળશે જ અને એ ખૂબ સારી સ્કુલ છે. હું પૂછતાં પૂછતાં આગળ વધ્યો, પણ ગલીકૂચીઓમાં અટવાયો. પછી એક છોકરો મને સાથે આવીને મૂકી ગયો.

રોયલ ગ્રામર સ્કુલ પર લખેલું હતું : 'ઈંગ્લિશ મીડીયમ, રેકગ્નાઈઝ્ડ બાય ધ ગવર્નમેન્ટ ઓફ એ.પી.' એનો માલિક નાની ઓફિસમાં બેઠો હતો. એણે ઉત્સાહથી મને આવકાર્યો. આમ, સાવ અચાનક મુલાકાતથી શાંત, માયાળુ અને પ્રતિભાવાન ફઝલુર રહેમાન ખુર્રમનો અને પુરાણા શહેરની ઝૂંપડપટ્ટીઓ અને પછાત વિસ્તારોમાં પહોળા પટે પથરાયેલા ખાનગી શાળાઓના જાળાનો મને પરિચય થયો.

ખુર્રમ ખાસ ગરીબોને જ સેવા પૂરી પાડતી લગભગ ૫૦૦થી પણ વધારે ખાનગી શાળાઓના એસોશિયેશન 'ફેડરેશન ઓફ પ્રાઈવેટ સ્કુલ્સ મેનેજમેન્ટ'ના પ્રમુખ હતા. જેવા સમાચાર પ્રસર્યા કે કોઈ ગોરા પ્રવાસીને ગરીબો માટેની ખાનગી શાળાઓ જોવામાં રસ છે કે તરત જ મને એમની શાળાઓની મુલાકાત લઇ જવાના આમંત્રણોનો ખુર્રમ પર મારો ચાલ્યો. એ પછીના દસ દિવસમાં મેં શહેરના મારા મુકરર કામની સાથે સાથે પુરાણા શહેરમાં ચોતરફ પથરાયેલી ખાનગી શાળાઓની મુલાકાત લેવામાં બને એટલો સમય વીતાવ્યો. ખુર્રમ સાથે મેં લગભગ ૫૦ જેટલી ખાનગી શાળાઓની મુલાકાત લીધી, એમાંની કેટલીક તો સાવ જ ગરીબ વિસ્તારોમાં આવેલી હતી.

ઘણી શાળાઓનાં નામો પણ સુંદર હતાં. જેમકે લીટલ નાઈન્ટીંગલ્સ હાઈસ્કુલ ('લીટલ નાઈન્ટીંગલ' તરીકે જાણીતા સ્વાતંત્ર્ય સેનાની સરોજિની નાયડુની યાદમાં); કે ફિરદૌસ ફલાવર્સ (જેનો અર્થ થાય 'સ્વર્ગનાં ફૂલો') કોન્વેન્ટ સ્કુલ. ઘણી શાળાઓનાં નામમાં કોન્વેન્ટ શબ્દના ઉપયોગથી (જેમકે સેન્ટ મારિયા કે સેન્ટ જહોન્સ) મને બહુ તાજ્જુબ થયેલું. થોડું વિચિત્ર પણ લાગેલું, કારણ કે આ શાળાઓ મુસ્લિમો ચલાવતા હતા. પાછળથી ખ્યાલ આવ્યો કે શહેરમાં જૂની કેથોલિક અને એંગ્લીકન સ્કુલો તેમની ગુણવત્તા માટે જાણીતી હતી. તેથી એવી ગુણવત્તાનું શિક્ષણ મળશે એ બતાવવા માટે કોન્વેન્ટ શબ્દ વાપરતા.

પણ ખરેખર શું આ શાળાઓમાં ક્વોલીટી શિક્ષણ અપાતું 'તું ? મારે એ જાણવું જ રહ્યું.

### શિક્ષણ માટેની લગની

શરૂઆતમાં ખુર્રમ મને જે શાળાઓમાં લઈ ગયા, એમાંની એક હતી પીસ (Peace) હાઈસ્કુલ, જેને ૨૭ વર્ષનો યુવાન મોહમ્મદ વાજિદ ચલાવતો. ચારમિનારની પાછળ જ આવેલા અને ચહલપહલથી ધમધમતા સાંકડા પણ મુખ્ય ઈદી બજારની સામે જ આવેલા કૌટુંબિક રહેઠાણને સ્કુલમાં ફેરવવામાં આવ્યું હતું. રહેઠાણને ફેરવીને સ્કુલ બનાવવામાં આવી હોય એવી ઘણી સ્કુલો જોવા મળી. સ્કુલનું નામ મોટા અક્ષરે દર્શાવતું બોર્ડ બહાર હતું. લોખંડનો દરવાજો વટાવીને અમે અંદર ગયા. ત્યાં નાનો વાડો હતો, જેમાં વાજિદે બાળકોને રમવા માટેના સાદા હિંચકા - લસરણી બનાવ્યાં હતાં. દૂર દીવાલ સરસા પાંજરામાં સસલાં પાળેલાં હતાં, જેની સારસંભાળ બાળકો જ લેતાં. એક બાજુ વાજિદની ઓફિસ આવેલી હતી, બીજી બાજુ કુટુંબના સભ્યોના ઓરડાઓ. અમે એક સાંકડી, અંધારી, ગંદી સીડી ચડીને ઉપર વર્ગોમાં ગયા. એ રૂમ પણ ખૂબ અંધારિયો અને બારણાં વગરનો હતો અને બહારની બજારના તીવ્ર અવાજો બંધ બારીઓમાંથી અંદર આવતા હતા. બાળકો એમના આ પરદેશી મુલાકાતીને જોઈને ખૂબ ખુશ થયાં અને ઊભા થઈને પ્રેમથી મને આવકાર્યો. દીવાલો ધોળી રંગેલી હતી પણ પ્રદૂષણ, ગરમી અને બાળકોએ સામાન્ય રીતે કરેલા લીંપાડાઓને લીધે રંગ ઊખડી ગયેલો હતો. અગાશીમાંથી વાજિદે આજુબાજુની આવી બીજી પાંચ સ્કુલો તરફ આંગળી ચીંધીને મને બતાવી.

વાજિદ આડંબર વગરનો હતો અને બાળકો તરફ લાગણી ધરાવતો હતો. એણે મને કહ્યું કે એની માએ બાળકો માટે ઝૂંપડપટ્ટીમાં ૧૯૭૩માં શાંત વીરડી સમી પીસ હાઈસ્કુલ શરૂ કરેલી. એનો સૌથી નાનો પુત્ર વાજિદ જ્યારે બાજુની એક ખાનગી શાળામાં ૧૦ મા ધોરણમાં હતો ત્યારથી જ એણે અહીં શીખવવાનું શરૂ કરેલું. સ્થાનિક કોલેજમાંથી કોમર્સમાં ગ્રેજ્યુએટ થયો ત્યારે ૧૯૯૩માં એની માએ પોતે નિવૃત્તિ લેનાર હોઈ એને શાળાનું સંચાલન હાથ ધરવા કહેલું. એની માએ એને ઝૂંપડપટ્ટીના કમનસીબ લોકો માટે નિસ્બત રાખવા અને મુસ્લિમ ધર્મને અનુરૂપ, એમને મદદ કરવાની મહેચ્છા રાખવાની સલાહ આપેલી. માની આ વાતથી એની મહત્ત્વાકાંક્ષાને મોટો ધક્કો પહોંચેલો : એના મોટા ભાઈઓએ કારકીર્દી બનાવી હતી અને દુબઈ, લંડન, પારિસ રહીને ઝવેરાતના ધંધામાં પડેલા હતા. પરંતુ વાજિદને એની માની ઈચ્છા પૂરી કરવાની ફરજ બજાવવી યોગ્ય લાગી અને સ્કુલનું સંચાલન હાથમાં લીધું. પહેલાં સ્કુલને પગભર કર્યા પછી અને પોતાની આર્થિક સ્થિતિ સુધરે પછી જ પરણવાનું નક્કી કર્યું. આ શાળા હાઈસ્કુલ કહેવાતી, પરંતુ બીજી હાઈસ્કુલોની જેમ જ એમાં પણ બાળમંદિરથી લઈને ૧૦મા ધોરણ સુધીના વર્ગો હતા. હું મળ્યો ત્યારે વાજિદ પાસે ૨૮૫ બાળકો અને ૧૩ શિક્ષકો હતા. મોટાં છોકરાંઓને ગણિત એ પોતે ભણાવતો. બાળકદીઠ મહિને રૂ. ૬૦ થી લઈને ૧૦૦ સુધીની ફી લેવાતી - બાળમંદિરની સૌથી ઓછી, જે આગળ જતાં વધતી જતી. એણે મને કહ્યું કે આ ફી વાલીઓને પરવડે એમ હતી, જેઓ ઘણું કરીને રોજમદાર મજૂરો, રિક્ષા ડ્રાઈવર, ફેરિયા કે મિકેનિક્સ હતા, જે રોજના લગભગ ૫૦ રૂપિયા જેટલું કમાતા હશે. વાલીઓને પોતાનાં બાળકોના શિક્ષણની ખૂબ પડેલી હતી અને પેટે પાટા બાંધીને પણ એમને બને એટલું સારું શિક્ષણ મળે એમ ઈચ્છતા હતા.

બીજી વાર જ્યારે હું વાજિદની સ્કુલ પર આવ્યો, ત્યારે સવારના ૮.૫૦ વાગ્યા હતા. ત્યારે પ્રાર્થનાસભામાં સૌ ભેગા મળ્યા હતા. બાળકો જ, ખાસ કરીને મોટી છોકરીઓ, પ્રસંગનું સંચાલન કરતી હતી. વાજિદે મને કહ્યું કે જવાબદારી તેમજ ઓર્ગેનિઝેશનલ અને કોમ્યુનિકેશન કળા શીખવા માટે નાની ઉંમરથી જ આવા અનુભવ બહુ કામના છે. શરૂઆતમાં ૧૫ મિનિટ મોટા છોકરાઓ દ્વારા વગાડાતા નગારાના નાદ સાથે સૌએ દંડ-બેઠક જેવી સાદી કસરત કરી. ત્યારબાદ મોટા છોકરાઓએ વર્તમાનપત્રોમાંથી તારવેલા સમાચારો વાંચ્યા. પછી વિદ્યાર્થીઓના જૂથે કે આખી સ્કુલના વિદ્યાર્થીઓએ ભેગા થઈને પ્રાર્થના અને ધાર્મિક તેમજ રાષ્ટ્રપ્રેમનાં ગીતો ગાયાં. પછી દરેક વર્ગમાંથી કોઈ પણ ત્રણ જણને અઠવાડિયા દરમિયાન નવું જે કાંઈ શીખવા મળ્યું હોય એ કહેવા માટે જણાવાયું. મોટાભાગનાં બધાં, નાનાં બાળકો પણ જાહેરમાં માઈક પર બોલવામાં માહિર જણાયાં. છેલ્લે એક ગીત અને પ્રાર્થના સાથે કાર્યક્રમ પૂરો થયો અને સૌ હારબંધ મોટા છોકરા - છોકરીઓની સામેથી પસાર થતા ગયા, જેઓ એમનો યુનિફોર્મ અને દેખાવ તપાસતા ગયા.

### શું આ શાળાઓ દાન પર નભતી હશે ?

વાજિદની માએ ગરીબોને મદદ કરવાના આશયથી સ્કુલ શરૂ કરી હતી. અને મેં જ્યારે આ ખાનગી શાળાઓની મુલાકાત લેવાનું શરૂ કરેલું, ત્યારે મેં પણ એમ જ ધારેલું હતું કે આ સ્કુલો દાન પર જ નભતી હશે, નહીં તો આટલી ઓછી ફી લઈને એ ચાલી જ કેવી રીતે શકે ? પરંતુ હકીકત ખૂબ રસપ્રદ નીકળી. સ્કુલોની મુલાકાત વેળા હું મારી નોટબુકમાં વિદ્યાર્થીઓની સંખ્યા, એમની પાસેથી લેવાતી ફી, શિક્ષકોની સંખ્યા

અને એમના પગાર, વગેરે આંકડા ટપકાવતો જતો હતો. હોટલ પર પાછા ફરીને મેં ગણતરી માંડી જોઈ ત્યારે મને ખ્યાલ આવ્યો કે આ સ્કુલો ચલાવવી એ ખરેખર તો નફાકારક પ્રવૃત્તિ હતી, ક્યારેક ખૂબ નફાકારક, તો ક્યારેક ખર્ચો કાઢે એટલી. મેં ખુર્રમને આ જણાવ્યું. એણે મને કહ્યું કે નફો બહુ મહત્ત્વનો નહોતો, પરંતુ અલબત્ત તેઓ સૌ પોતાને ધંધાધારી તેમજ ગરીબોને સેવા પૂરી પાડતા લોકો તરીકે જ જોતાં હતાં. એટલે સ્તો આટલી બધી શાળાઓ ચાલતી હતી.

**આ ધંધાદારી શાળાઓમાં શિક્ષણ કેવું હશે ?**

ધંધાકીય હેતુથી ચાલુ કરાયેલી સ્કુલો પૈકીની એક હતી રાજ્યની જેલની પાસે જ આવેલી સેન્ટ માઝ હાઈસ્કુલ. એને 'સાજિદ સર' ચલાવતા હતા. ૫૦ વર્ષને આરે પહોંચવા આવેલા સાજિદ સરને ભણાવવાનો અને બીજાને પ્રેરણા આપવાનો સાચો લગાવ હતો. એમણે મને કહ્યું કે ભણાવવું બહુ તાજગી આપે છે, અને એ એમનો શોખ તેમજ આવકનું સાધન બન્ને છે. ભણાવવું એ એમને માટે એક અદાકારી છે. એમનું ધ્યેય જ એ જે વિષય (ગણિત) ભણાવતા તે પ્રત્યે પ્રેમ ઊભો કરવાનું હતું. એ જ્યારે બોલતા ત્યારે પણ એમાં ગાણિતિક ભાષા અને ઉપમાની છાંટ આવી જતી. બાળકો અને વાલીઓ સાથેની મિટિંગમાં એ ઉર્દૂમાં બોલતા, એનાથી હાસ્યના ફૂવારા ઊડતા. એમણે કહ્યું, ''ત્રિકોણના ૩ ખૂણા હોય છે- વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ, અને આ ત્રિકોણ કાટખૂણો ત્રિકોણ જ હોવો જોઈએ. સાચું છે ને?'' અમે બધા સંમત થતા.

સાજિદ સરે એમની વીસીની શરૂઆતથી જ ભણાવવાનું શરૂ કરેલું. એમણે મને કહ્યું કે એમણે એમના નાના ભાઈને જૂની સાઈકલ પર પ્રયોગો કરીને મિકેનિક્સના સિદ્ધાંતો સમજાવેલા ત્યારથી જ એમને શીખવાડવાનો રસ જાગેલો. શરૂઆતમાં એમણે શિક્ષક સેલ્સમેન તરીકે સાઈકલ પર ઘરે ઘરે ફરીને બધા જ ફરજિયાત વિષયો બાળકોને પોતપોતાનાં ઘરોમાં જ સાવ મામૂલી ફી લઈને શીખવાડવાનું ચાલુ કરેલું. ત્રણ વર્ષ પછી, ૧૯૮૨માં એમણે ભાડાના ઘરમાં નીચે બેસીને ૧૫ વિદ્યાર્થીઓ સાથે નાની સ્કુલ શરૂ કરી. ત્યાર પછી ૧૯ વર્ષમાં એમણે પ્રગતિ કરી ને હું જ્યારે એમને મળ્યો ત્યાં સુધીમાં એ ૧૦૦૦ વિદ્યાર્થીઓ સાથે ભાડાનાં ૩ સ્થળોએ સ્કુલો ચલાવી રહ્યા હતા - એક બાળમંદિર અને પ્રાથમિક શાળા અને છોકરીઓ તેમજ છોકરાઓની માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિકની બે અલગ શાળાઓ. એમણે ખૂબ ગૌરવથી મને જણાવ્યું કે ભેગા કરેલા પૈસામાંથી એમણે એક જગ્યાએ જમીન ખરીદી છે, જ્યાં તેઓ બધા માટેની ભેગી સ્કુલ ઊભી કરવાના છે. અને એ પછીનાં થોડાં જ વર્ષોમાં એમણે એમ કરી બતાવ્યું, એ મને પાછળથી ખબર પડી.

**ભણેલા શિક્ષકો શા માટે ઓછા પગારવાળી ખાનગી શાળાઓમાં જોડાતા હશે ?**

સાજિદના લગભગ બધા જ શિક્ષકો રાજ્ય દ્વારા અપાતી શિક્ષક તરીકેની તાલીમ (પીટીસી કે બી.એડ.)નાં પ્રમાણપત્રો નહોતાં ધરાવતાં. મેં જેટલી સ્કુલોની મુલાકાત લીધેલી એ તમામ માટે એ સાચું હતું. હકીકતમાં પહેલાં તો મારા માટે એ રહસ્ય જ હતું કે શા માટે કોઈપણ વ્યક્તિ સરકારી સ્કુલો કરતાં ખૂબ ઓછા (આશરે ૨૦થી ૨૫ ટકા જ) પગાર આપતી ખાનગી શાળાઓમાં જોડાવાનું પસંદ કરે? એનો જવાબ બહુ સરળ હતો. એમને સરકારી સ્કુલોમાં નોકરી મળી શકે એમ નહોતી. મને જાણવા મળ્યું કે સરકારી સ્કુલોમાં નિમણૂક માટે તો રાજકીય વગ જોઈએ, જે સામાન્ય લોકોની પહોંચ બહારનું હતું, તેથી તેઓ ખાનગી શાળાઓમાં જોડાતા. પરંતુ અહમ કારણ કદાચ એ હતું કે એમની પાસે શિક્ષક તરીકે કામ કરવાની તાલીમ લીધેલાનાં પ્રમાણપત્રો નહોતા. આમ તો ઘણા શિક્ષકો પાસે ઉચ્ચ ડીગ્રીઓ હતી, કેટલાક પાસે તો વિજ્ઞાન કે ગણિતમાં પોસ્ટ ગ્રેજ્યુએટની ડીગ્રીઓ પણ હતી. પરંતુ તેમની પાસે શિક્ષક તરીકે કામ કરવાની તાલીમનું પ્રમાણપત્ર નહોતું. અને એ વગર સરકારી સ્કુલોમાં નોકરી મળે નહીં. ખાનગી શાળાના માલિકો એ તાલીમને ઊતારી પાડતા. ખુર્રમે કહ્યું તેમ, 'બીએડની સરકારી તાલીમ તો પાણીમાં પડ્યા વગર જ તરવાનું શીખવા જેવી છે. અમારા તાલીમ વગરના શિક્ષકો તો કૂવામાં પડીને જ તરતા શીખે છે.'

સાજિદ સર માટે કૂવામાં પડીને શીખવાનો અર્થ એ હતો કે તેમના શિક્ષકોને તેઓ પોતે જ બી.એડ. પધ્ધતિની તાલિમ આપતા. એમણે મને સમજાવ્યું કે દરેક પાઠને પાંચ ભાગમાં વહેંચવો જોઈએ : પૂર્વભૂમિકા, વિષયની ઘોષણા, એની રજૂઆત, પુનરાવર્તન અને મૂલ્યાંકન (ઘરકામ દ્વારા). સાજિદ સર કઈ રીતે ભણાવે છે તે જોયા પછી જ કોઈ પણ નવા શિક્ષક કે શિક્ષિકા વર્ગ લઈ શકે. ત્યાર પછી પણ એમના શરૂઆતના વર્ગોમાં સાજિદ સર જાતે બેસે, વિગતે નોંધ કરે અને પછી જે તે મુદ્દા પર એમને પડકારે.

**શિક્ષકો કેવું શીખવતા હશે ?**

હું એમણે તાલીમ આપેલ શિક્ષકોના ઘણા વર્ગોમાં બેઠેલો. ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલ, પડદા વગરની બુરખાધારી યુવતી

એક વર્ગમાં હાઇડ્રોક્લોરીક એસિડમાંથી પાણી અને મીઠું કઇ રીતે છૂટું પાડી શકાય તે શીખવતી હતી. હું જ્યારે ભણતો હતો ત્યારે કેમિસ્ટ્રી મને ક્યારેય ગમ્યું નહોતું. જો આ શિક્ષિકાએ મને શીખવ્યું હોત તો મને લાગે છે કે આ વિષય મને ગમી ગયો હોત. એ ખૂબ સ્પષ્ટતા અને ઉત્સાહથી પૂરા સમય દરમ્યાન સૌને એકધ્યાન રાખતી હતી. ખાસ પ્રયત્ન વગર એ સલૂકાઇથી આગળ વધતી હતી. કોઇ નોંધોની પણ એને જરૂર નહોતી. અને વિષય પર પૂરી પકડ ધરાવતી હતી. એ દિવસે ભણાવેલું એને એ છેલ્લે ટૂંકમાં દોહરાવી ગઇ, અને ત્રણ ભાગમાં ઘરકામ આપ્યું. એણે એટલી નિપૂણતાથી વર્ગ લીધો કે બધા જ એ સમજ્યા હોય એમ જણાઇ આવતું હતું. એણે પૂરું કર્યું ત્યારે સાજિદ સર ઊઠીને એની પાસે ગયા અને માથે હાથ મૂકીને, આંખમાં આંસુ સાથે કહ્યું, 'આભાર, અદ્ભુત!'

બધા શિક્ષકો એટલા જુવાન નહોતા. ઘણી શાળાઓમાં આધેડ કે વૃદ્ધ શિક્ષકો પણ હતા. એક હતા ૯૧ વર્ષની ટટ્ટાર કાયાવાળા જ્યોર્જ એન્થેની, જે ખુર્રમની ડૉઉન હાઇસ્કુલમાં અંગ્રેજી ભણાવતા. વર્ષો પહેલાં એ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલા, પણ નવું નવું શીખવામાં, અને સારામાં સારા વિચારો યુવા મગજ સુધી પહોંચાડવામાં માનતા. એટલે એમણે શીખવવાનું ચાલુ રાખેલું એમ મને કહેલું. એમને એનું ઘેલું હતું અને રેશનાલીઝમ અને સુધારણા વિષે પણ એટલું જ ઘેલું હતું અને પ્રણાલિકા માટે માન પણ હતું. એ ઉચ્ચ માધ્યમિક વર્ગોના વિદ્યાર્થીઓને બર્ટ્રાન્ડ રસેલનું 'નોલેજ એન્ડ વિઝડમ' શીખવાડતા હતા ત્યારે હું એમને પહેલી વાર મળેલો. પછી મારું સ્વાગત કરવા જ્યારે બધા વિદ્યાર્થીઓ ભેગા થયેલા ત્યારે તેઓ જે હૃદયસ્પર્શી બોલેલા એનાથી શિસ્ત અને સ્વ-સુધારનાં મૂલ્યોની પ્રેરણા મળેલી. દરેક વ્યક્તિ પોતાની ઇચ્છાપૂર્તિ માટે કામ કરે, જેમાં બીજા પ્રત્યેની ફરજનું ભાન રહે, તો એનાથી દેશ કેટલો આગળ વધી શકે એની વાત કરેલી.

બીજા એક ૬૬ વર્ષના વડીલ શિક્ષક હતા શ્રી મુસ્તાક, જેઓ સ્કોલર્સ મોડેલ સ્કુલ ચલાવતા હતા. આ સ્કુલ, ગવર્નમેન્ટ બોયઝ પ્રાયમરી એન્ડ બોયઝ હાઇસ્કુલની બરાબર સામે આવેલી હતી અને એ જ ગલીમાં બીજી ૩ ખાનગી શાળાઓ મેં જોઇ. મેં નિર્દોષતાથી પૂછ્યું, ''તો સરકારી સ્કુલ કેવી હોય છે?'' મુસ્તાક હસી પડ્યા, ''પેલી સરકારી શાળા છે,'' જાણે કોઇ જ વર્ણન કરવાની કે સમજાવવાની જરૂર ન હોય એમ એમણે કહ્યું. એમણે ૩૬ વર્ષ સુધી કોલેજમાં ભણાવ્યું હતું, અને ''મારા મગજને કાર્યરત રાખવા અને મારા લોકોનું ઋણ ચૂકવવા હું ઉપલાં ધોરણોમાં ભણાવું છું. અંગ્રેજી સાહિત્ય પ્રત્યે ખૂબ લગાવથી બોલતા. એમણે કહ્યું કે એમને શેક્સપીયર અને મિલ્ટનથી લઇને ચાર્લ્સ ડિકન્સ જેવા લેખકો અને એમનો માનીતો કવિ રોબર્ટ ફ્રોસ્ટ ભણાવવા ખૂબ ગમે છે.'' એમણે આગળ કહ્યું, ''હું શિક્ષક નથી, પણ જાગૃત કરનાર છું, એમ રોબર્ટ ફ્રોસ્ટ પોતાને માટે કહેતા. જો હું મારા વિદ્યાર્થીઓમાં સાહિત્ય પ્રત્યેનો પ્રેમ વિકસાવી શકું તો બીજું મારે શું જોઇએ?'' પછી એમણે ફ્રોસ્ટની એમની માનીતી કવિતા આખી ગાઇ સંભળાવી.

'' Whose woods these are . . .
Woods are lovely, dark and deep.
But I have promises to keep,
And miles to go before I sleep,
And miles to go before I sleep. ''

આ શિક્ષકો મને ખૂબ અચ્છા લાગ્યા. પરંતુ મહદ્અંશે તાલીમ વગરના, ખૂબ ઓછા પગારદાર આ શિક્ષકો, સરકારી સ્કુલોના તાલીમ પામેલા સારા પગારદાર શિક્ષકોની સરખામણીમાં કેવા હતા? એમના હાથ નીચેનાં બાળકો કેટલું ગજું કરી શકે? હું જેમ જેમ આ શાળાઓમાં ફરતો ગયો, તેમ તેમ મને લાગતું ગયું કે મારે એ શોધી કાઢવું જ રહ્યું. પુરાણા શહેરના કેટલા ગરીબોનાં બાળકો ખાનગી શાળામાં શિક્ષણ લેતાં હશે? સ્પષ્ટ છે કે આના સરકારી આંકડાઓનો કોઇ અર્થ નથી, કારણ કે કેટલાં બધાં બાળકો સરકારી તંત્રના રડારમાં જ દેખાતી ન હોય એવી 'બિનમાન્યતાપ્રાપ્ત' શાળાઓમાં હોય છે. ખુર્રમના માનવા પ્રમાણે કેટલાક વિસ્તારોમાં તો આ સંખ્યા ૮૦ ટકા જેટલી હોઇ શકે. મારે એ પણ શોધી કાઢવું રહ્યું.

## ખાનગી શાળાના સંચાલકો 'ગરીબોને નિચોવી નાખનાર' કે બાળકો પ્રત્યે નિસબત ધરાવનાર ?

એ સ્પષ્ટ છે કે સાજિદ અને એમના જેવા બીજી સ્કુલોના સંચાલકો ધંધાદારી માણસો હતા. પરંતુ, મેં દિલ્હી જઇને વર્લ્ડ બેંકમાં જ્યારે મારી આ 'શોધ' અંગે જણાવેલું ત્યારે કોઇકે મને કહેલું કે તેઓ સૌ તો ગરીબોને નિચોવી નાખતા નફાખોર છે. પણ મારો અનુભવ એનાથી સાવ જુદો હતો. હું આ બધી શાળાઓના જે જે સંચાલકોને મળ્યો છું તેઓ માટે આવા શબ્દો વાપરવા સ્હેજે યોગ્ય નહોતા. ઊલટું, તેઓ હકીકતમાં પોતાને હસ્તક જે બાળકો હતા તેમને માટે નિસબત ધરાવતા હતા, અને એમનું શિક્ષણ સુધારવા પોતાનાથી બનતું મથી રહ્યા હતા. સાજિદ સાથેની મારી પ્રથમ મુલાકાત સમયે, એણે મને અને અન્ય કેટલીક ખાનગી સ્કુલોના સંચાલકોને પોતાની ઓફિસમાં બોલાવેલા

અને એણે તાજેતરમાં જ ખરીદેલી રમતો અને સાધનો બતાવેલાં. બીજા સંચાલકો પણ આ વસ્તુઓ એમનાં બાળકોને પણ શીખવવામાં કેટલી ઉપયોગી થઇ પડે એની અંદર અંદર ચર્ચા કરતા હતા. એ પછીના શનિ-રવિએ એમ.એ. આઇડીયલ હાઇસ્કુલમાં યોજાનારા વિજ્ઞાન મેળામાં મહેમાન તરીકે મને આમંત્રિત કર્યો.

એમ.એ.આઇડીયલનું નામ એના સંસ્થાપક શ્રી મોહમ્મદ અનવર પરથી પાડવામાં આવ્યું હતું, જેમણે ૧૯૮૭માં ૨૩ વર્ષની વયે આ શાળા સ્થાપેલી, જેમાં એમણે માસિક ૧૦ રૂપિયાની ફી સાથે ૪૦ જેટલાં બાળકોને ભાડાની ૨ ઓરડીઓમાં શીખવવાની શરૂઆત કરેલી. મેં જ્યારે એની મુલાકાત લીધી, ત્યારે સ્કુલમાં ૪૦૦ જેટલાં વિદ્યાર્થીઓ હતાં, જેમાંની અડધાથી વધુ છોકરીઓ હતી. વિજ્ઞાનમેળા માટે આખી સ્કુલને જાણે બજારમાં ફેરવી દેવામાં આવી હતી, જેમાં બધા જ વિદ્યાર્થીઓએ, એકલાએ કે જોડીમાં, જરૂર પડ્યે શિક્ષકના માર્ગદર્શન સાથે બનાવેલ વિજ્ઞાનના કોઇપણ પાસાને બતાવતું પ્રદર્શન રજૂ કરેલું. એમાં કોઇક દેડકાના ડિસેકશનનું નિદર્શન કરતું હતું, તો કોઇએ આંધ્રપ્રદેશના સૌથી મોટા ડેમનું વર્કિંગ મોડેલ તૈયાર કરેલું, એક નિદર્શનમાં જુદી જુદી સાઇઝની બરણીઓમાં મીણબત્તીઓને બળી જતાં જુદો જુદો સમય લાગતો હતો એ બતાવવામાં આવી રહ્યું હતું. બીજામાં મીણબત્તી બળવાથી બરણીમાં પાણી કઇ રીતે ખેંચાતું હતું અને ક્યા કારણસર એ તેઓ બતાવી રહ્યા હતા. પાણી ક્યા તાપમાન પર ઊકળે એ દેખાડાઇ રહ્યું હતું, બીજી બાજુ મેગ્નેશીયમ બળે ત્યારે શું થાય એ એના કેમિકલ ફેરફારની ફોર્મ્યુલા સાથે બતાવાઇ રહ્યું હતું. નાનાં બાળકોનાં નિદર્શનોમાં શાકભાજી અને ફળોનાં વર્ગીકરણ, શહેરી અને ગામડાંની જિંદગી વચ્ચેના તફાવતોનાં ટૂંકાં વર્ણનો, ફેફસાં કે નર્વસ સિસ્ટમનાં થર્મોકોલનાં મોડેલો વગેરે હતું. બન્ને દિવસ આજુબાજુના લોકો અને ફેડરેશન ઓફ પ્રાયવેટ સ્કુલ્સ મેનેજમેન્ટના સાથી સભ્યો પ્રદર્શન જોવા આવ્યા અને વિદ્યાર્થીઓને સવાલો પણ પૂછયા.

એ પછીના શનિ-રવિએ ફેડરેશનની ડઝનેક સ્કુલો વચ્ચે સાયબર ઓલિમ્પીક્સ ગોઠવાયેલું હતું. પહેલા દિવસે રમતગમતો હતી. શાળાના મેદાનમાં છોકરીઓએ ખો-ખોની રમત અને દોરડાં કૂદવાની રમતો રમી. છોકરાઓ કબડ્ડી રમ્યા. મુસ્લિમ યુવતીઓનાં મોં ઢંકાયેલાં હતા, પણ છોકરાઓની રમત જોતી હતી અને પોતાના માનીતાઓને બૂમો પાડી પોરસાવતી હતી. પછી દોડવાની રેસ પણ યોજાઇ. બીજે દિવસે ગાવાની, ચિત્રકામની, નિબંધલેખનની અને સામાન્ય જ્ઞાનની હરીફાઇઓ યોજાઇ. શનિ-રવિમાં પણ આ પ્રકારના કાર્યક્રમોમાં સ્કુલોના સંચાલકોની બાળકો તરફની નિષ્ઠા બહાર આવતી હતી.

**ખાનગી શાળાના સંચાલકોની ઉદારતા**

બીજી પણ એક નોંધપાત્ર બાબત મારા ધ્યાન પર આવી. ન્યુ સેન્ટ મારિયા હાઇસ્કુલનાં સંચાલિકા મારિયાને હું મળ્યો. એમની જોડિયા બહેન પણ નજીકમાં જ એક ખાનગી શાળા ચલાવતાં. ટેબલ પર પડેલો લગભગ ૨ વર્ષની ઉંમરની એક છોકરીનો ફોટો બતાવી મારિયાએ મને કહ્યું કે એમની સ્કુલ વિરહના શોકમાંથી ઊભી થઇ છે, ''મારી દીકરી મૃત્યુ પામી અને મેં ઓપરેશન કરાવી નાખ્યું હોવાથી મને બીજાં બાળકો થાય એમ નહોતાં. એટલે મેં સ્કુલ ખોલીને બીજાં બાળકોને શિક્ષણ આપવાનું નક્કી કર્યું.'' મેં કહ્યું 'હવે તમારે ૭૦૦ બાળકો છે.' 'એમાંનાં ૧૩૦ને હું દર વર્ષે મારી પુત્રીની પાછળ એના જન્મદિવસે શિષ્યવૃત્તિ આપું છું.'

મારિયાની આ ઉદારતા અસાધારણ નહોતી. બીજા પણ ઘણા સ્કુલ સંચાલકો અનાથ બાળકો કે ખૂબ બહોળા કુટુંબનાં બાળકોને સામાન્ય રીતે મફત કે એકદમ કિફાયતી દરે શાળામાં ભરતી કરતા. સામાન્ય રીતે ક્યા પ્રકારનાં બાળકોને આ રીતે મદદ કરવામાં આવે છે? ખાનગી શાળાઓમાં ફરતાં ફરતાં આવા ઘણા કિસ્સાઓ જાણવા મળ્યા.

નવ વર્ષની સાબા તબસ્સુમ અને એની ૨ બહેનોને માસ્ટર માઇન્ડ પ્રાયવેટ સ્કુલમાં મફત શિક્ષણ મળતું હતું. એમના પિતાને કામ પર અકસ્માત થયો હોવાથી તદ્દન પથારીવશ હતા અને અભણ મા આજુબાજુનાં ઘરોમાં કામવાળી તરીકે કામ કરીને કુટુંબનું ભરણપોષણ કરતી. ૩ બાળકો અને પતિ-પત્ની, એની મહિને ૮૦૦ રૂપિયાની આવક પર નભતાં હતાં, જેમાંથી એ ઘરખર્ચ અને પતિની સારવારના ખર્ચ ઉપરાંત છોકરીઓને ભણાવવા મથતી હતી. સાબા સ્કુલની ખૂબ સારી વિદ્યાર્થિની હતી અને શિક્ષિકા બનવા માગતી હતી.

પીસ હાઇસ્કુલ ૫ વર્ષની શાકીરાખાન અને તેની ૩ બહેનોને ૪૦ ટકા કન્સેશન આપની હતી. એમના અભણ પિતા ચપ્પલની દુકાનમાં રૂ. ૧૦૦ ના રોજ પર કામ કરતા હતા, પણ જે દિવસે એ ચપ્પલ વેચી ન શકે એ દિવસે એ ખાલી હાથે પાછા ફરતા. એમની મા પણ અભણ હતી, પણ છૂટક મજૂરી કરીને રોજના ૨૫ થી ૩૦ રૂપિયા જેટલું કમાઇ લેતી.

૧૦ વર્ષની ફરાહ સુલ્તાના પણ પીસ હાઇસ્કુલમાં ભણતી હતી. એના પિતા મસ્જિદનું સફાઇકામ કરતા અને મહિને રૂ. ૭૦૦ નો પગાર કમાતા, જે એમના ૪ વ્યક્તિના કુટુંબની ખાધાખર્ચી માટે પણ પૂરતો

નહોતો. એમનું કુટુંબ સગાવહાલાના ઘરમાં વગર ભાડે રહેતું અને ઘણીવાર સગાવહાલાઓ એમને ખાવાનું પણ આપતા. મા-બાપ બન્ને અભણ હતાં, પરંતુ એમનાં બાળકો ભણે એવું તેઓ ઇચ્છતાં. પીસ હાઇસ્કુલ ફરાહ અને એના ૬ વર્ષના નાના ભાઇને મફત શિક્ષણ આપતી હતી.

એ સ્પષ્ટ હતું કે આ ખાનગી શાળાઓ ધંધા તરીકે ચાલતી હોવા છતાં એમના સમાજ માટે આવા પ્રકારની પરોપકારી પ્રવૃત્તિઓ પણ કરતી. એમના સંચાલકો આ અંગે ચોખ્ખું જ કહેતા, 'અમે ધંધાદારી માણસો છીએ એ સાચું, પરંતુ અમે અમારા સમાજને કાંઇક પાછું આપતા હોય એવા 'સામાજિક કાર્યકર' તરીકે પણ ઓળખાવવા ઇચ્છીએ છીએ અને એનાથી અમારું આત્મસન્માન પણ વધે છે.' એમને માટે આ કામમાં પડવાનું બહુ મોટું કારણ સમાજમાં એમનો મોભો વધે એ પણ ખરું. ખુર્રમે મને કહેલું, 'અમારી મહેચ્છા સ્કુલ ચલાવવાની, સારું જ્ઞાન ફેલાવવાની, બાળકોનું સારું ચારિત્ર્ય ઘડવાની અને એમને સારા નાગરિક બનાવવાની છે. અમારી પ્રતિષ્ઠા છે, લોકો અમને માનથી જુએ છે અને અમને પણ અમારા પર માન છે.'

## વાલીઓ શા માટે બાળકોને ખાનગી શાળાઓમાં મોકલતા હશે ?

પરંતુ, મોટું રહસ્ય એ હતું કે વાલીઓ એમનાં બાળકોને શા માટે આ શાળાઓમાં મોકલતા હતા ? અહીં ફી ભલે ગમે એટલી ઓછી હોય, તો પણ સરકારી સ્કુલોમાં તો મફત શિક્ષણ મળે છે. વળી, ત્યાં ખાવાનું અને મફત પુસ્તકો પણ મળે છે. અને ખાનગી શાળાઓની મુલાકાતોથી અને એમના સંચાલકોની નિષ્ઠા જોઇને મને ઘણું સારું લાગેલું, પરંતુ એના મકાનોની સ્થિતિ તો જરાયે સારી નહોતી. એ ગીચ વિસ્તારમાં આવેલાં હતાં અને ગંદાં, ગોબરાં અને અંધારીયાં હતાં. એક કિસ્સામાં તો મરઘા-ઉછેર કેન્દ્રને જ શાળામાં ફેરવી દેવાયું હતું. તો વાલીઓ પોતાનાં બાળકોને ખાસ પૈસા ભરીને પણ આવી શાળાઓમાં શા માટે મોકલતાં હશે? ખાનગી શાળાઓના સંચાલકોએ જણાવ્યું કે સરકારી સ્કુલો તો સાવ બદતર હતી. શિક્ષકો આવે જ નહીં, અને ક્યારેક આવી જાય ત્યારે પણ ભણાવવાના નામે તો મીંડું જ! એમણે મને કહ્યું કે પુરાણા શહેરની સરકારી સ્કુલોમાં વિદ્યાર્થીઓ ઓછા થતા જાય છે, તેમ છતાં શિક્ષકો ખૂબ ઊંચા પગાર મેળવે છે. નજીકની એક સરકારી સ્કુલમાં ૩૭ શિક્ષકો હતા અને વિદ્યાર્થીઓ ૩૬! બીજી સ્કુલોમાં બાળકો વધારે હતાં, પણ શિક્ષકોની ગેરહાજરી તો બધે જ જોવા મળે.

## સરકારી નિશાળો કેવી ?

પરંતુ, એવું બને કે ખાનગી શાળાઓના સંચાલકો પૂર્વગ્રહવાળા હોય. વાલીઓ શું માને છે એ મારે જાણવું હતું. ન્યુ હોપ સ્કુલમાં મેં કાળા બુરખાધારી ૯ માતાઓ સાથે વાતચીત કરી. ૩ બાળકોના પિતા પણ આવીને ત્યાં બેઠા. સૌએ સરકારી સ્કુલોને એકદમ વખોડી નાખી. 'શિક્ષકો બેસીને ગપ્પાં મારતા હોય છે અથવા ૬ માંથી માંડ એક શિક્ષક વર્ગ લે છે, તેઓ બાળકોને અનાથ જ સમજે છે'. એમણે મને કહ્યું કે તેઓ એમનાં બાળકો સરકારી સ્કુલમાંથી ભણતર લઇને બહાર પડે એવું કદાપિ ન ઇચ્છે. પીસ હાઇસ્કુલમાં સ્કુલના વાર્ષિક દિને બહુ મોટી સંખ્યામાં આવેલાં વાલીઓ છેલ્લે મારી સાથે વાત કરવા આવ્યાં. મોટાભાગની માતાઓ મુસ્લિમ હતી, જેમણે કાળા બુરખા પહેર્યા હતા, એમાંની કેટલીકે મોં ઢાંક્યું હતું, કેટલીક ખુલ્લા મોં સાથે હતી. તેઓ રંગીન સાડીઓમાં આવેલી હિન્દુ કે ખ્રિસ્તી સ્ત્રીઓ સાથે હળતીમળતી હતી. બધી માતાઓ એકદમ નિખાલસ હતી. એક જણે કહ્યું કે તેઓ કોઇ કાળે એમનાં બાળકોને સરકારી શાળાઓમાં નહીં મોકલે. 'ત્યાંના શિક્ષકો સારી તાલીમ લીધેલા નથી?', મેં પૂછયું. 'હા, તેઓ ભણવામાં કદાચ સારા હશે, પણ ભણાવવામાં નથી. તેઓ બાળકોને બહુ ખરાબ રીતે મારે છે અને તેમની સાથે નોકરની જેમ વર્તે છે.'

આ વાલીઓ પણ કદાચ પૂર્વગ્રહ ધરાવતા હોય. એવું બને કે તેમણે ખાનગી સ્કુલોમાં ફી ભરી દીધી હોવાથી તેઓ વખાના માર્યા પોતાના નિર્ણયનો બચાવ કરતા હોય! મારે જાતે જ સરકારી નિશાળો જોવી પડશે. ખુર્રમ મને લઇ જવા તૈયાર જ હતા. નવાઇની વાત એ હતી કે નાયબ જિલ્લા શિક્ષણાધિકારી સાથે એમનો સારો સંબંધ હોવાથી એ પણ અમારી સાથે આવ્યા. બહારથી મકાન તો સારું લાગતું હતું, ખાનગી શાળાઓનાં મકાનો કરતાં તો ખૂબ જ સારું. ત્રણ માળના મકાનની આસપાસ રમત - ગમતનું મોટું મેદાન હતું. પ્રિન્સીપાલની ઓફિસ પણ મોટી અને આરામદાયક હતી. ઉપર જે પહેલા વર્ગની અમે મુલાકાત લીધી એમાં ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓ સાંકડેમાંકડે જમીન પર બેઠેલા હતા અને કયાંય પાટિયું કે ખુરશી ન હતાં. પ્રિન્સીપાલે કોઇ જ ખેદ વગર જણાવ્યું કે 'બીજા શિક્ષકો ગેરહાજર હોવાથી અમે આ સૌને એક સાથે જ શીખવાડીએ છીએ'. 'તેઓ દરરોજ જ ગેરહાજર હોય છે' નાયબ શિક્ષણાધિકારીએ ઉમેર્યું - પોતે જ જેને માટે જવાબદાર હતા એ તંત્રની નિષ્ફળતાને કેટલી નિરપેક્ષ સરળતાથી કહી બતાવી - હું ચકિત થઇ ગયો! બીજા બે વર્ગોમાં પણ આટલા જ વિદ્યાર્થીઓ બેઠા હતા, અને બાકીના વર્ગો ખાલી હતા. કદાચ એટલે જ વાલીઓ પોતાનાં બાળકોને ખાનગી શાળામાં મોકલતાં હતાં?

# ગરીબો માટેની ખાનગી શાળાઓને સરકારી નિયંત્રણો જ સૌથી વધુ દમે છે
## આંધ્ર પ્રદેશનો કેસ સ્ટડી

સૌથી મોટો પ્રશ્ન સરકારની માન્યતા મેળવવાનો છે. ફેડરેશન ઓફ પ્રાઈવેટ સ્કુલ્સ મેનેજમેન્ટ સાથે જોડાયેલી ૫૦૦ જેટલી શાળાઓમાંથી ૪૦ ટકા જેટલી શાળાઓ જ સરકાર-માન્ય છે. નિયમ એવો છે કે માત્ર સરકાર-માન્ય શાળાઓના વિદ્યાર્થીઓ જ સાતમા અને દસમા ધોરણની પરીક્ષા આપી શકે. તેથી ફેડરેશન સાથે સંકળાયેલી શાળાઓએ એક નરવો રસ્તો શોધી કાઢયો છે. કોઈ પણ ખાનગી વિદ્યાર્થી માન્યતા-પ્રાપ્ત શાળામાં 'ખાનગી વિદ્યાથી' તરીકે પરીક્ષા આપી શકે એવી છૂટ હોવાથી સરકારી માન્યતા ન મેળવેલ હોય એવી શાળાઓ પોતાના વિદ્યાર્થીઓની પરીક્ષા માન્યતા પ્રાપ્ત શાળા દ્વારા અપાવડાવે છે. પરંતુ, એના લીધે વિદ્યાર્થીઓ-વાલીઓને બે બાબતે સહેવાનું આવે છે. એક, રૂ. ૫૦ ને બદલે પાંચગણી - રૂ. ૨૫૦ પરીક્ષા ફી પેટે ભરવા પડે છે. અને બીજું, એ વિદ્યાર્થીની માર્કશીટ-સર્ટીફિકેટમાં કોઈ પણ જાણીતી શાળાના નામને બદલે 'ખાનગી' વિદ્યાર્થી તરીકે નોંધાઈને આવે છે.

સરકારી માન્યતા મેળવવા માટે નીચે જણાવેલ અમુક શરતો પાળવી ઘણી શાળાઓ, ખાસ કરીને સાવ ગરીબ વિદ્યાર્થીઓવાળી શાળાઓ માટે ખૂબ અઘરી છે :

૧. માન્યતા મેળવવા માટે શાળા પાસે ૧૦૦૦ ચોરસ યાર્ડનું રમતગમતનું મેદાન હોવું અનિવાર્ય છે, જે શરત પાળવી ઝૂંપડપટ્ટીઓ કે ગરીબ વિસ્તારની શાળાઓ માટે અશકય છે.

૨. એક બીજી શરત એ છે કે શાળામાં શિક્ષક તરીકે સરકારી તાલીમ લીધેલ શિક્ષકો જ હોવા જોઈએ (દર ૪૦ વિદ્યાર્થીએ ૧ શિક્ષક અને બાલમંદિરમાં દર ૨૦ બાળકે ૧ શિક્ષક). શિક્ષક તરીકે સરકારની તાલીમ માત્ર પ્રાદેશિક ભાષામાં જ અપાય છે. જ્યારે મોટાભાગની આ ખાનગી શાળાઓ અંગ્રેજી માધ્યમની છે. તેથી સરકાર અંગ્રેજી માધ્યમમાં તાલીમ પામેલા શિક્ષકો લાવી શકે એમ નથી, તેમ છતાં આ શરત રાખે છે.

૩. માન્યતા મેળવવા માટે શાળાના મેનેજમેન્ટે 'કોર્પસ' ફંડ તરીકે રૂા. ૨૫૦૦૦ કે ૫૦૦૦૦ (જે ધોરણ સુધીની શાળા હોય એ મુજબ) સરકારે નિયુકત કરેલ બેંકમાં જમા કરાવવા પડે. એ પૈસા એ શાળા વાપરી શકે કે નહીં એ બાબતે પણ ગૂંચવાડો છે. ૧૯૮૭ના કાયદા પ્રમાણે સહાય ન લેતી ખાનગી શાળાઓ રજિસ્ટર્ડ શાળા ગણાય, જે આ 'કોર્પસ' પૈસા વાપરી ન શકે. માન્યતા-પ્રાપ્ત શાળાઓ એ વાપરી શકે છે. આ શાળાઓ સરકારી સહાય લેતી ન હોવાથી માન્યતા મેળવે પછી 'કોર્પસ' પૈસા વાપરી શકે કે નહીં તે બાબાત અધિકારીઓમાં ગૂંચવાડો છે.

આ ઉપરાંત પણ શિક્ષકોની ગુણવત્તા, પગાર, અભ્યાસક્રમ, જેવી બાબતો અંગે પણ બીજા અનેક નિયંત્રણો છે. તેમ છતાં, ઘણી શાળાઓએ આ શરતોનું પાલન કરીને શિક્ષણ વિભાગમાં માન્યતા માટે અરજી કરી છે, પરંતુ વરસો પછી પણ કોઈ અકળ કારણોસર એમને માન્યતા મળી નથી ! ■

***(Occasional Paper 2001 'The Enterprise of Education' written by James Tooley; Pablished by Liberty Institute, New Delhi માંથી સાભાર થોડા અંશો)***
***(સી-૪, સહ્યાદ્રી એપાર્ટમેન્ટસ, પ્લોટ નં-૫, સેકટર-૧૨, દ્વારકા, ન્યુ દિલ્હી - ૧૧૦ ૦૪૫)***

### સરકારી નિયંત્રણો

છેલ્લે, ખાનગી શાળાના સંચાલકોની સરકારી નિયંત્રણો અંગેની નિરાશા અને રોષ જાણવા મળ્યાં. સરકારી ઈન્સ્પેક્ટર કેટલી બધી વાર (વરસમાં ૩ થી ૫ વાર) આ શાળાઓનાં ઈન્સ્પેકશન માટે આવતા ! ગુણવત્તા અને સ્ટાન્ડર્ડ અંગે કેટલી આશ્ચર્યજનક નિષ્ઠા હતી ! મેં વિચાર્યું. ખુર્રમે બાજુ પર લઈ જઈને પ્રકાશ પાડયો, 'તેઓ ઈન્સ્પેકશન કરવા નહીં, પણ ખાયકી લેવા માટે આવે છે'. ધીમે ધીમે ખ્યાલ આવી ગયો કે અધિકારીઓને લાંચ આપવી એ તો એમના માટે એક કાયમી બીના બની ગઈ હતી. એટલાં બધાં નિયંત્રણો હતાં, કે એને પહોંચી જ ન વળાય - 'હું ૧૦૦૦ ચોરસ મીટરનું રમતનું મેદાન કયાંથી લાવું?' વાજિદે ગીચ લત્તામાં આવેલી પોતાની પીસ હાઈસ્કુલ તરફ આંગળી ચીંધીને જણાવ્યું. એણે જે કહ્યું એ હું ક્યારેય નહીં ભૂલું - 'ક્યારેક સરકાર જ લોકો માટે મોટી આડખીલી રૂપ છે.' એટલે ઈન્સ્પેકટરો એમની સ્કુલ બંધ ન કરાવી દે એના માટે તેમણે લાંચ તો આપવી જ પડે. ત્યારે મને એક પૈસાદાર ભદ્ર કોલેજના સંચાલકે નિયંત્રણો અંગેના

મારા સવાલનો જે જવાબ આપેલો એ યાદ આવી ગયો, ''નિયંત્રણો? ઓહ, જો કોઇ મારા રસ્તામાં આવે તો તરત જ હું સી.એમ. ને ફોન જોડી દઉં છું.'

મને અહેસાસ થયો કે હૈદ્રાબાદની પાછલી ગલીઓમાં ખાસ્સું નોંધપાત્ર બની રહ્યું હતું. વિકાસશીલ દેશોના શિક્ષણને આપણે જે રીતે મૂલવીએ છીએ એ અંગે એના કોઇ સૂચિતાર્થો ખરા? આટલાં બધાં વાલીઓ સરકારી સ્કુલોમાં મફત ભણાવવાને બદલે પૈસા ભરીને પોતાનાં બાળકોને ખાનગી શાળાઓમાં મૂકે છે, કારણ કે તેમને એમ લાગે છે કે સરકારી શાળાઓમાં ખરાબ શિક્ષણ મળે છે. મેં માનેલું કે વિકાસના નિષ્ણાતોમાં આ શોધ તહલકા મચાવી દેશે. પાછળથી ખબર પડી કે હું કેટલો ખોટો હતો !

## મારી આ 'શોધ' કોઈ શોધ નહોતી !

કમસેકમ કેટલાક લોકો માટે તો આ કોઈ શોધ જ નહોતી. હૈદ્રાબાદથી દિલ્હી આવીને વર્લ્ડ બેંકના સ્ટાફ સમક્ષ હૈદ્રાબાદમાં મેં જે જોયેલું એનું ખૂબ ઉત્સાહપૂર્વક બયાન કર્યું અને આ બાબતે આગળ કેવી રીતે વધવું એ અંગે એમનો અભિપ્રાય પૂછ્યો.

તેઓ આ વાતોથી સહેજ પણ પ્રભાવિત નહીં થયા. મોટાભાગનાને તો ખબર જ નહોતી કે ગરીબો માટે પણ આવી ખાનગી શાળાઓ ચાલે છે. તેમને એની બહુ નવાઈ લાગી કે દાન વગર, વરસના માત્ર રૂા. ૫૦૦ થી ૧૦૦૦ જેટલી ફી પર એ કેવી રીતે ચાલતી હશે ? એટલે એમણે મને કહ્યું પણ ખરું કે કોઈ સ્વૈચ્છિક સંસ્થા એકાદ વિસ્તારમાં આવી સ્કુલો ચલાવતી હશે અને મેં સમજવામાં ભૂલ કરી હશે. એક મહિલા - સાજિયા બશીરે કહ્યું કે એમણે તામિલનાડુમાં આવી શાળાઓ જોઈ છે ખરી, પણ કર્ણાટકમાં, જ્યાં તે સંશોધન કરી રહી છે, આવી કોઈ સ્કુલો નથી એમ એ પાક્કું જાણે છે. એટલે દરેક સ્થળે આવી સ્કુલો હશે એમ માનવાને કારણ નથી. અને પછી તો એમણે આ સ્કુલોને ભાંડવાનું જ શરૂ કરી દીધું - 'આ સ્કુલો તો કોઈ જ નીતિમત્તા વગરના ધંધાદારીઓ, જેમને પોતાના નફા સિવાય કશામાં રસ નથી હોતો, તેવા લોકો જ ચલાવે છે અને ગરીબોને ચીરી નાખે છે'. હું હૈદ્રાબાદમાં જે જોઈને આવેલો એની સાથે એમની આ વાત કોઇ મેળ નહોતી ધરાવતી, એટલે એમના આ આક્રોશની મારા પર કોઈ અસર ન થઇ, પરંતુ મારી વાતને કોઈએ ગંભીરતાથી ન લીધી. જેમને આવી શાળાઓ વિશે કોઈ માહિતી જ નહોતી એમણે ખભા ઉલાળીને આખી વાત ઊડાવી દીધી અને અમારી મિટિંગ પૂરી થઇ.

મારી ભૂલ બતાવવા માટે પાછળથી સાજિયા મને નીચે કોફી પાવા લઈ ગઈ અને મને સમજાવવાની કોશિશ કરી : 'ખાનગી શાળાઓ કદાચ હશે ખરી, અને કોઈક સરકારી સ્કુલોથી કદાચ સારી પણ હોઇ શકે, પણ એ એટલા માટે કે એ પસંદગીના વિદ્યાર્થીઓ - ક્રીમમાંથી પણ ક્રીમ ની જ ભરતી કરે છે. (હું મનમાં ને મનમાં રોજના ૫૦ થી ૧૦૦ રૂપિયા કમાતાં વાલીઓને યાદ કરતો હતો), અને એમ કરીને સરકારી સ્કુલોની સ્થિતિ બદતર ચીતરે છે. મોટાભાગની ખાનગી શાળાઓની સ્થિતિ બહુ ખરાબ હોય છે, શિક્ષકોનું ટર્નઓવર ખૂબ વધારે છે. તે તાલીમ વગરના હોય છે અને એમને ભણાવવાની કોઈ પડેલી હોતી નથી, અને સંચાલકોને પણ પડેલી નથી હોતી, કારણ કે કેટલાય બેકાર લોકોની લાઈન લાગેલી હોય છે.' કોફીની ચુસકી સાથે એમણે ઉમેર્યું, 'બધા જ શિક્ષણવિદો માને છે કે શિક્ષણ અંગેના આધુનિક ચિંતન મુજબ ગરીબો માટેની ખાનગી શાળાઓ ચાલી શકે એમ નથી - તેઓ માત્ર ગોખણપટ્ટી કરાવે છે અને ગરીબોને ચીરી લે છે.'

પરંતુ, એનો મૂળ વાંધો હતો અસમાનતાનો. કારણ કે સાવ ગરીબમાં ગરીબ બાળકો જ સરકારી શાળાઓમાં 'સબડવા' માટે રહી જાય છે, એટલે હકીકતમાં તો આ ખાનગી શાળાઓ અસમાનતાને જ પોષે છે. એ કારણે મુઠ્ઠીભર ખાનગી શાળાઓમાં શું થઈ રહ્યું છે એ તપાસવાને બદલે આપણે સૌએ ભેગા મળીને સરકારી સ્કુલોને સુધારવા પર જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એણે તો ત્યાં સુધી કહ્યું કે : 'જો ગરીબ વાલીઓને પોતાનાં બાળકો માટે મોટી મહત્ત્વાકાંક્ષા હોય અને એમને ખાનગી શાળામાં મોકલવા માગતા હોય, તો પણ તેમને એમ કરવા ન દેવાય, કારણ કે એ યોગ્ય નથી'. મને સવાલ થયો : આપણે - સાજિયા કે હું - જો ગરીબ હોઈએ તો આપણાં બાળકોને માટે આપણી ત્રેવડ મુજબ જે સારામાં સારું શિક્ષણ આપવાનું નહીં ઇચ્છીએ ? પણ હું કાંઈ ના બોલ્યો. છૂટા પડતી વખતે સાજિયાએ મને આ અંગેનું સાહિત્ય વાંચી જવાનું સૂચવ્યું, અને કેટલાક સંદર્ભ પણ આપ્યા.

સાજિયાએ આપેલા સંદર્ભ અને બીજાં લખાણો પણ હું જોઈ ગયો. એમાં કાં તો ગરીબો માટેની ખાનગી શાળાઓની વાતને સદંતર અવગણવામાં આવી હતી અથવા સાવ અછડતો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એવી જ છાપ પડે કે લેખકો આવી શાળાઓને લીધે જાણે ખેદ અનુભવતા. હું જેટલું આ અંગેનું સાહિત્ય ફેંદતો ગયો, એટલું જ મારું મગજ વધારેને વધારે બહેર મારતું ગયું : જો તમે ગરીબો માટેની ખાનગી શાળાઓ ચાલી રહી છે એ હકીકતથી જ અજાણ હો અને પછી 'સર્વ માટે શિક્ષણ'ના લક્ષ્યને આંતરરાષ્ટ્રીય સહાયથી સરકારી સ્કુલો દ્વારા જ હાંસિલ કરી શકાય એવી દલીલ કરો તે તો જાણે ઠીક

છે. પરંતુ જો તમે જાણતા હો કે ગરીબ વાલીઓ પોતાનાં બાળકોને સરકારી શાળાઓમાંથી ઉઠાડીને, પેટે પાટા બાંધીને પણ ખાનગી શાળાઓમાં મૂકી રહ્યા છે, તો એનો પડઘો 'સાર્વત્રિક શિક્ષણ'ની ચર્ચામાં કેમ નથી પડતો ?

સાજિયાએ એક સંદર્ભ ૧૯૯૮નું નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેનના 'India : Development and Participation' પુસ્તકનો આપેલો. એમાં એમણે ગરીબો અને શિક્ષણ વિષે ઘણી રોચક હકીકતો નોંધી છે. પરંતુ પછી એમનાં તારણોમાં એ હકીકતોનો કોઇ પડઘો નથી પડતો. શિક્ષણને લગતા પ્રકરણના તારણમાં એમણે એ જ લખ્યું છે જે આપણે સાંભળતા આવ્યા છીએ : 'સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું ધ્યેય હાંસિલ કરવું હશે તો એ માટે શિક્ષણને જીવંત રાજકીય મુદ્દો બનાવવો પડશે. એ માટે સરકારે વધુ ખર્ચ કરવો પડશે, વધારે શાળાઓ ખોલવી પડશે, પાયાની સવલતો વધારવી જોઈશે, વધારે શિક્ષકોની ભરતી કરવી પડશે, અભ્યાસક્રમ સરળ બનાવવો પડશે, વધુ ને વધુ બાળકોને શાળામાં ભરતી કરવાની ઝુંબેશ ચલાવવી પડશે, મફત પાઠ્યપુસ્તકો આપવાં જોઇશે, વગેરે'. ખાનગી શિક્ષણ અંગે જે સામાન્ય માન્યતા પ્રવર્તે છે એ જ એમણે આ તારણોમાં દોહરાવી છે - 'વિશેષાધિકાર ધરાવતા (Privileged classes) 'ખાસ' અગ્રવર્ગો જ પોતાનાં બાળકોને સરકારી સહાય વગરની ખાનગી શાળાઓમાં મોકલે છે'. આ તો એ જ જૂની અને જાણીતી વાત છે - ખાનગી શાળાઓ તો માત્ર અમીર વર્ગો માટે જ છે અને એને 'સાર્વત્રિક શિક્ષણ' સાથે કોઇ સંબંધ નથી. એ તો રાજકારણ અને સરકાર જ પૂરું પાડી શકે.

પણ, મજાની વાત એ છે કે એમનાં આ બે ઉદ્ધરણો વચ્ચે મને સરકારી શિક્ષણની નિષ્ફળતાનું વિસ્તૃત વર્ણન અને વિવરણ જોવા મળ્યું. એ ઉપરાંત, ગરીબો સહિત મોટાભાગના લોકો હવે ખાનગી શાળાઓ પર જ આધાર રાખે છે એવું નિરીક્ષણ પણ જોવા મળ્યું ! એમાં એમણે એ પણ દર્શાવ્યું છે કે ૧૯૯૪ સુધીમાં જ ભારતના ગ્રામીણ વિસ્તારોમાં પણ ૩૦ ટકા જેટલાં બાળકો ખાનગી પ્રાથમિક શાળાઓમાં ભણતાં હતાં અને એ દાયકાના અંત સુધીમાં તો એ પ્રમાણ એનાથી પણ વધ્યું હતું, ખાસ કરીને એ વિસ્તારોમાં જ્યાં સરકારી શાળાઓ બરાબર કામ નહોતી કરતી. શહેરી વિસ્તારોની તરાહ તો એથીય વધારે ચોંકાવનારી હતી - ૮૦ ટકાથી પણ વધુ બાળકો ખાનગી સ્કુલોમાં જતાં હતાં ! એમણે જ નોંધેલી આ હકીકતો 'ખાનગી શાળાઓ તો માત્ર અમીર અગ્રવર્ગો માટે છે'ના એમના તારણ સાથે કોઇ મેળ ધરાવે છે ખરી ? શું ગ્રામીણ વિસ્તારના ૩૦ ટકા અને શહેરી વિસ્તારના ૮૦ ટકા લોકો 'અગ્રવર્ગ'ના છે ?

ગરીબ લોકો પણ શા માટે ખાનગી શાળાઓ પસંદ કરે છે એ બાબતે વધુ ઊંડા ઊતરીને તપાસ કરવાને બદલે સેન ગરીબ વાલીઓની પસંદગીને ઊતારી પાડે છે. ઉત્તરપ્રદેશનાં ગામોમાં 'સરકારી શાળાઓની બિસ્માર હાલત'ની પ્રતિક્રિયા રૂપે ગરીબ લોકો એમનાં બાળકોને (ખાસ કરીને છોકરાઓને) ખાનગી શાળાઓમાં મોકલી રહ્યા છે એની તેઓ ટીકા કરે છે. આ ટીકા એમણે 'છોકરી'ઓને બદલે છોકરાઓને ભણાવવાના વાલીઓના પક્ષપાત સંબંધે કરી છે. પરંતુ આ ચર્ચામાં તેઓ ગરીબો પણ પોતાનાં બાળકોને ખાનગી શાળાઓમાં મોકલી રહ્યા છે એ મુખ્ય મુદ્દો જ ચૂકી જાય છે ! એટલું જ નહીં, ત્યાર પછીની ચર્ચા કે તારણોમાં એનો ઉલ્લેખ સુધ્ધાં કરતા નથી ! અલબત્ત, થોડાં પાનાંઓ પછી એમણે શિક્ષણમાં વધતી જતી અસમાનતા અંગે ચિંતા વ્યકત કરતી વેળા એક પ્રતિષ્ઠિત શિક્ષણવિદની ચેતવણી ટાંકી છે કે 'સરકારી શિક્ષણ બધે જ તૂટી રહ્યું છે તેનું કારણ એ છે કે ભણેલા ગણેલા અને બોલકા મધ્યમવર્ગોની જરૂરિયાતો ફૂલીફાલી રહેલી ખાનગી શાળાઓ પૂરી કરી રહી છે અને એટલે તેમને સરકારી શિક્ષણની કાંઇ પડી નથી'. અલબત્ત, સવાલ ભણેલા ગણેલા અને બોલકા મધ્યમવર્ગનો નહીં, પરંતુ ઓછું ભણેલા અને રાજકીય રીતે મૂંગા એવા ગરીબ લોકોનો છે. અને એ અંગે એમને પોતાને જ જે હકીકતો જોવા મળી તેને પણ કેમ ધ્યાન પર નહીં લીધી હોય ?

આ પુસ્તકમાં સેને મુખ્ય આધાર 'પબ્લિક રિપોર્ટ ઓન બેઝિક એજ્યુકેશન' (PROBE Report)નો લીધો છે, જેમાં ઉત્તર ભારતનાં ચાર રાજ્યો - બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન-માં શિક્ષણની સ્થિતિનો વિગતે અભ્યાસ કરવામાં આવ્યો છે. એમાં પણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે : 'ગરીબ અને પછાત સમુદાયોનાં વાલીઓ પણ સરકારી શાળાઓથી એટલા તો વાજ આવી ગયાં છે કે પોતાનાં થોડાં કે બધાં બાળકોને ખાનગી શાળાઓમાં મોકલવા માટે મોટો ત્યાગ કરતાં જોવા મળે છે.' સરકારી સ્કુલોની ગુણવત્તા અંગેનાં પ્રોબ ટીમનાં તારણો તો ઓર ચોંકાવનારાં છે. એમણે મોટી સંખ્યામાં સરકારી શાળાઓની અગાઉથી જાણ કર્યા વગર અચાનક મુલાકાત લીધી હતી. એમાં જાણવા મળ્યું : મુલાકાત લીધેલ સ્કુલોમાંથી અડધો અડધ સ્કુલોમાં તો ભણાવવાનું ચાલતું જ નહોતું ! ત્રીજા ભાગની શાળાઓમાં આચાર્ય ગેરહાજર હતા. રિપોર્ટમાં કેટલાંય વાલીઓના હૃદયસ્પર્શી દાખલા આપવામાં આવ્યા છે જેઓ કેટલીય હાડમારીઓ વચ્ચે પોતાનાં બાળકોને સ્કુલમાં રાખવા ખૂબ સંઘર્ષ કરે છે, પરંતુ તે બાળકો એ સ્કુલમાં કશું શીખતાં જ નથી ! એવા કેટલાય કિસ્સા નોંધવામાં આવ્યા છે જેમાં બેજવાબદાર શિક્ષકો શાળાઓને મહિનાઓ સુધી કાં તો બંધ રાખે છે કાં કામકાજ વગરની. કોઈ સ્કુલમાં શિક્ષક દારૂ પીને આવ્યો હોય છે, બીજામાં આચાર્ય વિદ્યાર્થીઓને પોતાના ઘરમાં બાળક સાચવવા સહિતનું

ઘરકામ કરાવતા હોય છે. એવા તો કેટલાય કિસ્સાઓ છે જેમાં શિક્ષકો વર્ગમાં ઊંઘતા હોય છે. એક શાળામાં આચાર્ય અઠવાડિયામાં એક જ વાર શાળાએ જાય છે. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે સરકારી શાળાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ પાછળ ફાળવવામાં આવતા સમય અને પ્રયત્નો નહીંવત્ છે. અને અગત્યનું એ છે કે આવું માત્ર થોડાક બેજવાબદાર શિક્ષકો પૂરતું જ મર્યાદિત નથી, એ આ વ્યવસાયનું કાયમી લક્ષણ બની ગયું છે. આવા સવાલો એમને ખાનગી સ્કુલોમાં જોવા નથી મળ્યાં. તેઓ જ્યારે પહેલેથી જાણ કર્યા વગર જે જે ખાનગી સ્કુલોમાં પહોંચી ગયેલા, તે બધી જ શૈક્ષણિક પ્રવૃત્તિઓથી ધમધમતી હતી.

ગરીબો માટેની ખાનગી સ્કુલોની આ સફળતા પાછળનું રહસ્ય શું છે ? એ અંગે રિપોર્ટ બહુ સ્પષ્ટ છે : ''ખાનગી સ્કુલોમાં શિક્ષકો શાળાના સંચાલકોને ઉત્તરદાયી હોય છે (એટલે કે તેઓ એમને પાણીચું આપી શકે છે) અને એમના થકી વાલીઓને (જે પોતાનાં બાળકોને ઉઠાડીને બીજી શાળામાં મોકલી શકે છે).' સરકારી શાળાઓમાં આ ઉત્તરદાયિપણાનો સદંતર અભાવ છે. શિક્ષકોની નોકરી નિયત પગાર અને બઢતી (promotion) સાથે કાયમી હોય છે, જેનો એમનાં કામ સાથે કોઈ સંબંધ નથી હોતો. આ તફાવતને મોટાભાગનાં વાલીઓ સ્પષ્ટ રીતે જુએ છે.

ત્યારપછી મેં 'Oxfam Education Report' પણ વાંચ્યો, જે શિક્ષણવિદો માટેનું સ્ટાન્ડર્ડ પાઠ્યપુસ્તક ગણાય છે. એમાં પણ એ જ સ્વીકૃત સમજ જોવા મળી કે ગરીબોની શૈક્ષણિક જરૂરિયાતોને સરકારે અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ જ પૂરી કરવી જોઈએ. એની પૂર્વભૂમિકામાં જણાવવામાં આવ્યું છે કે શૈક્ષણિક કટોકટી પેદા થઈ છે કારણ કે સરકારો અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ મફત અને ફરજિયાત પાયાનું શિક્ષણ પૂરું પાડવાનું એમનું વચન તોડ્યું છે. છેલ્લે નિષ્કર્ષમાં એ જ દોહરાવવામાં આવ્યું છે કે બધા દેશો - પૈસાદાર અને ગરીબ - બન્ને 'મફત અને ફરજિયાત શિક્ષણ' માટેની તેમની કટિબદ્ધતા ફરીથી બતાવે તેમાં જ આશાનું કિરણ રહેલું છે. જો સરકારો વધુ નાણાં ખર્ચે અને પૈસાદાર દેશો દર વર્ષે અબજોનું યોગદાન કરે તો જ ૨૦૧૫ સુધીમાં સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું લક્ષ્ય હાંસિલ થઈ શકશે.

પણ, ત્યારબાદ અચાનક રિપોર્ટના એક પ્રકરણ ''National Barriers to Basic Education''માં છૂપાઈ ગયેલું નિરીક્ષણ પણ જોવા મળ્યું : - 'ખાનગી શાળાઓ ખૂબ જૂજ તવંગર વાલીઓની જરૂરિયાતને જ પોષે છે એવી જે સામાન્ય માન્યતા પ્રવર્તે છે એ ખોટી છે... એ રસપ્રદ છે કે ગરીબ કુટુંબોની માંગ પૂરી પાડવા માટે સસ્તી ખાનગી શાળાઓનું નિજી ક્ષેત્ર ઊભું થયું છે.' ગરીબ કુટુંબો માટેના ખાનગી શિક્ષણ માટેનું બજાર વધતું જાય છે. રિપોર્ટના લેખક કેવિન વોટકીન્સે નોંધ્યું છે કે અમારાં તારણો દર્શાવે છે કે ખાનગી શિક્ષણ જિંદગીની બહુ મોટી વાસ્તવિકતા છે, જેની ભાગ્યે જ નોંધ લેવાય છે. ત્યારે મને સહેજે વિચાર આવી ગયો કે ગરીબો આ રીતે પોતે જ પોતાને મદદ કરી રહ્યા છે એ મુદ્દો એ રિપોર્ટની પ્રસ્તાવના કે ઉપસંહારમાં ઉલ્લેખ કરવા જેટલો પણ મહત્ત્વનો નથી ?

સરકારી શિક્ષણની બિસ્માર હાલતની સ્થિતિમાં સાવ ગરીબ લોકો પણ માથે હાથ દઈને બેસી રહેવાને બદલે હાડમારીઓ વેઠીને પણ પૈસા ખર્ચીને પોતાનાં બાળકોને ખાનગી શાળાઓમાં મોકલી રહ્યા છે અને એ માટે એમની અંદરના જ એન્ટરપ્રાઈઝીંગ લોકોએ સસ્તી ખાનગી શાળાઓનું નવું ક્ષેત્ર ઊભું કર્યું છે એ તો માનવામાં ન આવે એવી ઉમંગ અને ઉત્સવની બાબત છે. અને છતાં આટલી વિસ્મયકારી ઘટના જાણે કે અગત્યની જ ન હોય એ રીતે એને સાવ નજરઅંદાજ કરવા અંગે જે સર્વસંમતિ જોવા મળે છે એ હૈદ્રાબાદની મારી પહેલી મુલાકાત પછી માન્યામાં ન આવે એટલી જ વિસ્મયકારી બાબત હતી. વિકાસને લગતું મેં જેટલું સાહિત્ય વાંચ્યું એમાં એનો કાં તો ઉલ્લેખ જ નથી અથવા તો અછડતો ઉલ્લેખ કરીને એને ઊંડે ધરબી દેવામાં આવી છે. પ્રોબ રીપોર્ટ, જેણે સરકારી સ્કુલોની તુલનામાં ખાનગી સ્કુલો ઘણી સારી રીતે ચાલી રહી છે તેના અનેક કિસ્સા નોંધ્યા છે, તે પણ તેનાં તારણોમાં તો એમ જ કહે છે કે આનો અર્થ એ નથી કે સર્વને શિક્ષણ આપવાની સમસ્યાનો ઉકેલ આ ખાનગી શાળાઓમાં રહેલો છે.

સવાલ એ છે કે કેમ નહીં ? જો આપણે '૨૦૧૫ સુધીમાં સર્વને માટે ગુણવત્તાવાળા શિક્ષણ'નું ધ્યેય હાંસિલ કરવું હોય, તો એમાં આ ખાનગી શાળાઓની ભૂમિકા શું અગત્યની નહીં હોય ? અત્યારે જ તેઓ શું અગત્યની ભૂમિકા નથી ભજવી રહી ? અત્યારે જ તે જે ભૂમિકા ભજવી રહી છે તે જોતાં એમના વિકાસમાં અંતરાયરૂપ નિયંત્રણો હટાવીને એમને સંકોરીને પ્રોત્સાહન આપવું જોઇએ કે પછી એમને દુષણ ગણીને એમને પ્રતિબંધિત કરવી જોઇએ ? ■ - *ભાવાનુવાદ - તૃપ્તિ પારેખ*

**The Beautiful Tree: A Personal Journey Into How the World's Poorest People Are Educating Themselves, Cato Institute, 2009 ના પહેલાં બે પ્રકરણોનો ભાવાનુવાદ.**


**[લેખક જેમ્સ ટૂલી ઇંગ્લેન્ડની ન્યુકેશલ યુનિવર્સિટીમાં શિક્ષણના પ્રાધ્યાપક છે અને એમણે ભારત ઉપરાંત દક્ષિણ આફ્રિકા, ઘાના, નાઈજિરીયા, કેન્યા, આરજેન્ટીના, ઇન્ડોનેશીયા, પેરુ, ઝિમ્બાબ્વે, ચીન જેવા દેશોમાં પણ ખાનગી શાળાઓનો ઊંડો અભ્યાસ કરેલ છે.]**

# ગરીબ લોકોની ખાનગી શાળાઓ - દિલ્હીનો અનુભવ

**જેમ્સ ટૂલી અને પૌલીન ડિકસોન**

પૂર્વ દિલ્હીના ઉત્તર શહાદરા વિસ્તારમાં લેખકો જેમ્સ ટૂલી અને પૌલીન ડિકસોને અને એમની ટીમે જે અભ્યાસ કર્યો એની વિગતો અને તારણો દિલ્હીના સેંટર ફોર સિવિલ સોસાયટી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા વર્કિંગ પેપર - 'પ્રાઈવેટ સ્કુલ્સ સર્વિંગ ધ પુઅર'માં આપવામાં આવ્યાં છે. એના અગત્યના અંશો અહીં આપીએ છીએ.

ઉત્તર શહાદરામાં આવેલી કુલ ૨૬૫ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાંથી ૭૧ (૨૬.૮ ટકા) સરકારી શાળાઓ છે, ૧૯ (૭.૨ ટકા) સરકારી સહાય લેતી ખાનગી શાળાઓ છે અને એ સિવાયની બધી જ ૧૭૫ (૬૬ ટકા) સહાય વગરની ખાનગી શાળાઓ છે, એમાંની ૧૦૨ (૩૮.૫ ટકા) સરકાર-માન્ય છે, જ્યારે ૭૩ (૨૭.૫ ટકા) સરકાર-માન્ય નથી.





શાળાઓના પ્રકાર

ખાનગી પ્રાથમિક શાળાઓમાં માસિક ફીનું ધોરણ રૂા.૧૦૦ થી રૂા.૨૦૦ જેટલું જોવા મળેલ. માન્યતાપ્રાપ્ત ખાનગી શાળાઓ કરતા માન્યતા વગરની ખાનગી શાળાઓમાં ફીનું ધોરણ હંમેશા નીચું જોવા મળ્યું. સાથે સાથે, બધી શાળાઓમાં ૧૦ ટકા જેટલાં બાળકોને મફત કે રાહત દરે શિક્ષણ અપાતું હોવાનું પણ જોવા મળ્યું.

સરકારી શાળા કરતાં સહાય વગરની ખાનગી શાળાઓમાં ભણાવવા તરફની કટિબદ્ધતા વધુ જોવા મળી. સંશોધન કરનારાઓએ પહેલેથી જાણ કર્યા વગર જ દરેક શાળાની મુલાકાત લીધેલી. ત્યારે એ જોવા મળ્યું કે સહાય ન લેતી ખાનગી શાળાઓમાં ભણાવવાની પ્રવૃત્તિ સરકારી શાળાઓ કરતાં ખાસ્સી વધારે ચાલતી હતી. કુલ શિક્ષકોમાંથી ભણાવી રહેલા શિક્ષકોની ટકાવારી ખાનગી શાળાઓમાં ૭૦ ટકા જેટલી હતી જ્યારે સરકારી શાળાઓમાં માત્ર ૩૮ ટકા જેટલી જ જોવા મળી.

સરકારી શાળાઓમાં રમત-ગમતના મેદાન, ટેપરેકોર્ડર તેમજ છોકરા-છોકરીઓ માટેનાં અલગ શૌચાલય જેવી સુવિધાઓનું પ્રમાણ ખાનગી શાળાઓ કરતાં વધારે જોવા મળ્યું. પરંતુ બીજી અનેક સુવિધાઓ (ખુરશી, ટેબલ, પંખા, કોમ્પ્યુટર, બ્લેક બોર્ડ, પીવાનું પાણી, લાઈબ્રેરી, વગેરે)ની બાબતમાં ખાનગી શાળાઓમાં કયાં તો વધારે સારી સ્થિતિમાં અથવા તો સરકારી શાળા જેવી જ જોવા મળી.

સંશોધકોએ આ શાળાઓમાંથી લગભગ ૩૫૦૦ વિદ્યાર્થીઓની ગણિત, હિન્દી અને અંગ્રેજીની ક્ષમતાની કસોટી લીધી. ત્રણે વિષયોમાં ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓનો દેખાવ-પર્ફોમન્સ સરકારી શાળા કરતાં ઘણો વધારે સારો જોવા મળ્યો. ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓના વિદ્યાર્થીઓ કરતાં ગણિતમાં સરેરાશ ૭૨ ટકા, હિન્દીમાં સરેરાશ ૮૩ ટકા અને અંગ્રેજીમાં સરેરાશ ૪૬ ટકા વધારે માર્કસ મેળવ્યા.




Mean Percentage Scores

સરકારી સહાય ન લેતી ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓનું શિક્ષણ ધોરણ સરકારી શાળા કરતાં ઊંચું હોવા છતાં પ્રતિ વિદ્યાર્થી શિક્ષકનો ખર્ચ સરકારી શાળાના પ્રમાણમાં ખાસ્સો નીચો જોવા મળ્યો. સરકારી શાળાઓના સરેરાશ પગારધોરણ સરકારી સહાય વગરની ખાનગી શાળાઓ કરતાં સાતગણા વધુ જોવા મળ્યા. સરકારી શાળાઓમાં વર્ગ દીઠ વધારે વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીએ તો એ પ્રમાણ અઢી ગણું વધારે જોવા મળ્યું. ટૂંકમાં, બિન-માન્યતાપ્રાપ્ત શાળાઓ સહિતની સહાય ન લેતી ખાનગી શાળાઓને સરકારી શાળાઓ કરતાં વધુ કાર્યક્ષમ કરી શકાય.

| શાળાનો - કાર | ધોરણ ૪ ના પૂરા સમયના શિક્ષકનો સરેરાશ માસિક પગાર | સરેરાશ વર્ગ સંખ્યા | વિદ્યાર્થી દીઠ પગાર |
|---|---|---|---|
| સરકારી શાળા | ૧૦૦૭૧.૭૬ | ૪૨.૩૭ | ૨૩૭.૭૧ |
| બિન-માન્યતા - ફી ખાનગી શાળા | ૧૩૬૦.૩૩ | ૧૩.૯૬ | ૯૮.૪૫ |
| માન્યતા - ફી ખાનગી શાળા | ૩૬૨૬.૭૦ | ૩૭.૧૫ | ૯૭.૬૨ |

બાળક દીઠ શિક્ષકોનો પગાર

વિદ્યાર્થીઓને શાળાની વિવિધ સુવિધાઓ/પ્રવૃત્તિઓ - શાળાનું મકાનની સ્થિતિ, સુવિધાઓ, ઈતર પ્રવૃત્તિઓ, શિક્ષકોની નિયમિતતા વગેરે - સંતોષકારક છે કે નહીં તે સવાલ પૂછ્યો ત્યારે અનિવાર્યપણે ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓના વિદ્યાર્થીઓ કરતાં વધારે સંતોષકારક હોવાનું જણાવ્યું.

નવાઈ લાગે તો પણ માન્યતા વગરની ખાનગી શાળાઓના શિક્ષકોને પણ પગાર, રજાઓ કે સામાજિક મોભા જેવી બાબતો સરકારી શાળાના શિક્ષકો કરતા ઓછી સંતોષકારક નહોતી જણાઈ. બાકીની બધી બાબતો - શાળાનું વાતાવરણ, ઈન્ફ્રાસ્ટ્રકચર, પ્રિન્સીપાલ કે મેનેજરનું નેતૃવ વગેરે બાબતોમાં તો સરકારી શાળાઓના શિક્ષકોએ ખાનગી શાળાના શિક્ષકો કરતાં વધારે અસંતોષ જાહેર કર્યો.

આ સંશોધન સરકારી રડારની બહાર આકાર પામી રહેલ શિક્ષણના ક્ષેત્રની જબરજસ્ત સફળતા સૂચવે છે. ફૂલી-ફાલી રહેલ માન્યતા વગરની ખાનગી શાળાઓની આમ તો સરકાર કે શિક્ષણવિદો નોંધ જ નથી લેતા, અને લે ત્યારે પણ તે ઊતરતી કક્ષાનું શિક્ષણ આપતી હોવાનું માનીને ચાલે છે. આ સંશોધન સ્પષ્ટપણે દર્શાવે છે કે આ માન્યતા સાચી નથી. આ ઉપરાંત મોટાભાગની માન્યતા વગરની ખાનગી શાળાઓ તો સરકારી આંકડાઓમાં દેખાતી જ નથી. પરિણામે 'સાર્વત્રિક શિક્ષણ'નું ધ્યેય હાંસિલ કરવાનું આપણે માનીએ છીએ એના કરતાં પ્રમાણમાં વધારે સહેલું થઈ પડે એમ છે. અલબત્ત, ગરીબ પરિવારો માટેની ખાનગી શાળાઓમાં સુધારાને ઘણો અવકાશ છે. એમને માળખાકીય સુવિધા માટે એક સમયની લોન કે સહાય કે ગરીબ વિદ્યાર્થીઓ માટેના વાઉચર પ્રોગ્રામ જેવાં પગલાં ભરી એમાં ઘણો સુધારો હાંસિલ કરી શકાય એમ છે. પરંતુ એ માટે સૌ પ્રથમ તો આપણે સ્વીકારવું જોઈએ કે આ ખાનગી શાળાઓ 'સાર્વત્રિક શિક્ષણ'નું ધ્યેય હાંસિલ કરવામાં ઘણી અગત્યની ભૂમિકા ભજવી રહી છે. અને એ કોઈ દૂષણ નથી. એમના પર રોક લગાવવાને બદલે એમનાં પરનાં ખોટાં બિનજરૂરી નિયંત્રણો દૂર કરીને એમને વધારે પ્રોત્સાહન આપવાની જરૂર છે. ■

***('Private Schools Serving the Poor' - Working Paper : A Study from Delhi, India published as ViewPoint8 by Centre For Civil Society, New Delhi માંથી સાભાર થોડા અંશો)***

***(સીસીએસ, કે-૩૬, હોજખાસ, ન્યુ દિલ્હી, ૧૧૦૦૧૬)***

# બાળકોનો શિક્ષણ અધિકાર ખરડો

**અશ્વિન ન. કારીઆ**

બંધારણના ૮૬મા સુધારથી ૬ થી ૧૪ વર્ષનાં બાળકો માટે શિક્ષણને મૂળભૂત અધિકાર તરીકે ઠરાવાયેલ છે. તેના અનુસંધાને બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણ ખરડો, ૨૦૦૮ સંસદ સમક્ષ વિચારાધીન છે. આ ખરડાનો હેતુ પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ કરીને લોકશાહીનો પાયો મજબૂત બનાવવાનો છે. સામાન્ય ખરડાઓ વિશે જાહેર જનતાના અભિપ્રાયો સંસદની સમિતિ તરફથી આવકારવામાં આવે. દરેક બાળક માટે દૂરદર્શી અસર ધરાવનાર આ ખરડા વિશે જનતાનાં મંતવ્યો મંગાવવાનું સરકાર કેમ ચૂકી ગઇ તે સમજની બહાર છે. આથી આ ખરડો કોઇપણ ચર્ચા કે તેના પરના સુધારા વિના જ પસાર થઇ જવાની ભીતિ છે. આ મહત્ત્વની બાબતે લોકશાહી પ્રક્રિયાનો અમલ થવા વિશે પૂરી શંકા છે.

ખરડામાં શિક્ષણની ગુણવત્તા વિશે મૌન સેવવામાં આવ્યું છે. વિદ્યાર્થી સંખ્યાના આધારે શિક્ષકોની નિમણૂકની તેમજ શિક્ષકોની ફરજોની જોગવાઇ ખરડામાં કરાયેલી છે. પરંતુ સામાન્ય રીતે સરકારી અને શહેર સુધરાઇની શાળાઓમાં શિક્ષકો શીખવાની તેમની ફરજ વિશે બેદરકાર જણાયા છે. સરકારનાં તેમજ સ્વતંત્ર રીતે થયેલ સર્વેક્ષણો સૂચવે છે કે પાંચમા ધોરણના અંતે ૫૦ ટકા બાળકોમાં તેમના બીજા ધોરણના અંતે જે કૌશલ્ય પ્રાપ્ત કરેલ હોવું જોઇએ, તે દેખાતું નથી. આ ખરડામાં જે બાળકો શિક્ષણ પ્રક્રિયામાંથી પસાર થયેલ હોવા છતાં લઘુતમ કૌશલ્ય ધરાવતાં હોય તેમના વિશે કોઇ જોગવાઇ નથી. શાળાઓ માટે અનેક ધોરણો નિયત કરાય છે. પરંતુ આ મહત્ત્વના પાસાની સદંતર ઉપેક્ષા કરવામાં આવી છે. અનેક બાળકો ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડ-પરીક્ષા આપવા સક્ષમ બનતાં નથી. વંચિત બાળકો માટે આ અધિકાર ઘણો મહત્ત્વનો હોવા છતાં, તેઓ ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત કરે તેવી કોઇ જોગવાઇનો આ ખરડામાં અભાવ છે.

૨૦૦૮ માં પ્રગટ થયેલ શિક્ષણના દરજજાના વાર્ષિક અહેવાલની માહિતી પ્રમાણે ૬થી ૧૪ વર્ષનાં ૯૮ ટકા બાળકો શાળામાં પ્રવેશ મેળવે છે. તેમાનાં ૬૮ ટકા બાળકો પ્રાથમિક અને ૭૫ ટકા બાળકો ઉચ્ચ પ્રાથમિક ધોરણોમાં હાજર રહે છે. ૨૦૦૮ ના આ અહેવાલ પ્રમાણે તેમાંનાં ૪૧ ટકા (૧થી૮ ધોરણનાં) બાળકો વાર્તાઓ વાંચી શકવા સક્ષમ હતાં. ૨૦૦૫ ના અહેવાલમાં આ સંખ્યા ૪૩.૬ ટકા જણાવાયેલ છે. ૨૦૦૮ ના અહેવાલ પ્રમાણે ૨૭.૯ ટકા બાળકો દાખલાઓ ગણી શકતાં હતાં. ૨૦૦૫ના અહેવાલ પ્રમાણે આ સંખ્યા ૩૦.૯ ટકા હતી.

ખરડામાં એમ ધારી લેવાયું છે કે જે શાળા બાળકના ઘરની નજીક હોય, જે શાળામાં તાલીમ પામેલ શિક્ષકો હોય અને જે શાળામાં ફી વસૂલ કરવામાં આવી ન હોય તેવી શાળાઓમાં બાળકો શિક્ષણ મેળવે છે. મોટાં શહેરોથી લઇ ગ્રામ વિસ્તારોમાં પણ પ્રાથમિક શાળાઓની હાલત ગુણવત્તા અને માળખું, બંને દૃષ્ટિએ અત્યંત કથળેલી છે. ખરડામાં એવી જોગવાઇ છે કે કોઇપણ બાળકને નાપાસ કરી શકાશે નહીં. હાલ ધો. ૩થી૫ સુધી આ પ્રથા છે જ, હવે ધો. ૮ સુધીના વર્ગોમાં પણ આ જોગવાઇ લાગુ પડશે. એક તો પ્રાથમિક શાળાનાં ૫૦ ટકા ઉપરાંતનાં બાળકોમાં અપેક્ષિત કૌશલ્ય પ્રાપ્ત કરવાની સમસ્યા છે અને આવાં જ બાળકોને ગુણવત્તા કે કૌશલ્યનો કોઇ ખ્યાલ રાખ્યા વગર ઉપલા ધોરણમાં મોકલી દેવામાં આવે તેનાથી વધુ ગુંચવાડો સર્જાવાની શકયતા છે.

૬થી ૧૪ વર્ષનાં બાળકો માટે નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણનો આ ખરડો હોવા છતાં, વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત થવા માટે ખરડામાં કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. ખાસ કરીને ભિખારીઓ, શેરીમાં ભટકતાં બાળકો અને નાસી છૂટેલાં બાળકોના ફરજિયાત શિક્ષણ વિશે કે તેના અમલ વિશે આ ખરડો મૌન સેવે છે. ગ્રામ વિસ્તારોમાં રોજગારીની ખાતરી આપતા કાયદામાં અને માહિતી અધિકારના કાયદામાં જે રીતે ફરિયાદ- નિવારણનું તંત્ર છે, તે જ રીતે આ ખરડામાં પણ આમ જ જોગવાઇ કરાયેલ છે. પરંતુ આ ખરડાની જોગવાઇ મુજબનું ફરિયાદનિવારણ તંત્ર શાળા-સંચાલકોને વિશેષ મદદરૂપ થાય તેવું છે. ખરેખર શિક્ષણથી વંચિત રહેલાં ગરીબ બાળકોના લાભાર્થે આ જોગવાઇ થવાની જરૂર હતી.

યુનોના બાળ અધિકાર ખતપત્રમાં ભારતે સહી કરેલ છે. તેમાં ૧૮ વર્ષ સુધીની વ્યક્તિને બાળક ગણવામાં આવેલ છે. આપણા બંધારણ અને પ્રસ્તુત ખરડામાં ૬થી ૧૪ વર્ષ સુધીનાં બાળકોને જ આવરી લેવાયાં છે. યુનોની આ આંતરરાષ્ટ્રિય સમજૂતી પ્રમાણે ખરેખર તો ૧ થી ૧૮ વર્ષનાં બાળકોનો સમાવેશ થવો જોઇતો હતો. ખરેખર સમસ્યા એ છે કે આપણે બાળકના શાળાએ જવાના અધિકારને કે બાળકના શિક્ષણના અધિકારને વિશેષ મહત્ત્વ આપીએ છીએ, તે સ્પષ્ટ થવાની જરૂર છે. ■

***(અમિત કૌશલ અને માધવ ચવાણના Indian Express***
***તા.૧૩.૨.૦૯માં પ્રગટ થયેલ લેખોના આધારે)***

# ઇસ્લામ : દાઢી, બુરખો કે જ્ઞાનપ્રાપ્તિની ઝંખના?

**જાવેદ આનંદ**

નવેમ્બર ૨૦૦૫, પાકિસ્તાનની પેશાવર હાઇકોર્ટના નામદાર મુ.ન્યાયમૂર્તિ શ્રી તારીક પરવેઝખાને મહિલા વકીલ રઇસ અંજુમ (અને અન્ય મહિલા વકીલો)ને કોર્ટરૂમમાં બુરખો ઓઢીને નહીં આવવાનો હુકમ કરતાં નોંધ્યું કે, ''આપ ધંધાદારી (પ્રોફેશનલ) છો અને આપે વકીલો માટે જરૂરી ગણવેશ જ ધારણ કરવો જોઇએ.'' પેશાવર કોર્ટનો આ ચુકાદો આજે તો કોઇ ભુલાયેલા સુવર્ણ યુગનો ચુકાદો લાગે છે !

બુરખો ઓઢીને કે બુરખા વગર પણ મહિલાઓને કોઇ કામધંધા કરવા દેવામાં આવશે કે નહીં તે જ સવાલ ઊભો થઇ ગયો છે. પાકિસ્તાનની સ્વાત ઘાટીમાં તાલીબાનોએ કબજો કરી લીધો છે. કન્યા શાળાઓ બોંબધડાકે ઉડાવી દેવાઇ રહી છે, બહેનોને કામધંધા પર જતાં રોકવામાં આવે છે. હજામત સલુનની દુકાનોનાં પાટિયાં પાડી દેવાયાં છે. આ બધું ભારત-પાકિસ્તાન સીમાડો, વાઘા બોર્ડરથી માંડ થોડા કિલોમીટરે બની રહ્યું છે.

દરમિયાનમાં, વાઘા બોર્ડરની આ તરફના (આપણા ભાગમાં) પણ નામદાર કોર્ટે ડ્રેસ-ગણવેશ બાબતે ટીકા કરી, જે કારણે ભારતનાં મુસ્લિમ સંગઠનોએ બાંયો ચઢાવી છે, ઠેરઠેર વિરોધ ચાલુ થઇ ગયો છે.

ભોપાલની નિર્મલા કોન્વેન્ટ હાઇસ્કુલના વિદ્યાર્થીઓ માટે દરેક સ્કુલમાં હોય છે તેમ એક ગણવેશ (ડ્રેસ કોડ) નક્કી જ છે. તે સામે વિદ્યાર્થી મોહમ્મદ સલીમે ''દાઢી રાખવાનો તેનો બંધારણીય હક્ક સ્કુલના ગણવેશ (ડ્રેસ કોડ) નિયમોમાં હણાય છે'' તે મુદ્દે નામદાર સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી. નામદાર સુપ્રીમ કોર્ટે પ્રારંભિક સુનાવણીમાં જ અરજી કાઢી નાખી પણ નામદાર ન્યાયમૂર્તિ માર્કન્ડેય કાત્જુએ નોંધ કરી કે (આપણને) દેશમાં તાલીબાનો નથી જોઇતા. કાલ ઊઠીને કોઇ વિદ્યાર્થિની આવશે અને ''બુરખો પહેરીને ભણવા આવવાનો મારો બંધારણીય હક્ક છે'' તેમ કહેશે તો શું તે ચલાવી લેવાય?

તાલીબાન શબ્દ તો ભારતના મોટાભાગના મુસ્લિમો માટે પણ ગંદો શબ્દ બની જ ગયો છે પરંતુ ''દાઢી રાખવાનો બંધારણીય હક્ક એટલે તાલીબાની શિસ્ત'' એવું સમીકરણ નામદાર ન્યાયમૂર્તિએ ઠેરવી દીધું તે મુસ્લિમ લાગણીઓને ઠેસ પહોંચાડે છે. નામદાર ન્યાયમૂર્તિની આ ટીકા ''કમનસીબ, આઘાતજનક'' એવા પ્રતિભાવો ઠેકઠેકાણેથી ઊઠ્યા છે. સ્વાભાવિક જ અને સાચ્ચે જ બીક એવી છે કે હિંદુ કટ્ટરવાદી પરિબળો ઇસ્લામ અને મુસ્લિમોને સતત ભયાવહ (demonising) ચીતરે છે, તે અપપ્રચારને મોટું ભાથું મળી જશે. જમિયત અને બીજાં અનેક મુસ્લિમ સંગઠનોએ તેમનો ઇરાદો જાહેર કર્યો છે કે તેઓ નામદાર કોર્ટના આ હુકમ સામે ફેર વિચારણા અરજી કરશે.

નામદાર કોર્ટના હુકમમાં લખાયેલ તાલીબાનનો 'ત' દેશના (વિરોધે ચઢેલ) મુસ્લિમોને ઠેસ પહોંચાડે છે, કઠે છે તે વાત સમજી શકાય તેવી છે પરંતુ નામદાર કોર્ટના તે શબ્દો સ્કુલના ગણવેશ નિયમો (ડ્રેસકોડ) ના ચોક્કસ સંદર્ભમાં જ છે તે વાત સમજવાનો તેમનો ઇન્કાર કે નિષ્ફળતા સમજી શકાતી નથી. નામદાર કોર્ટે એક નિશાળના ગણવેશ નિયમોના સંદર્ભમાં જ કહ્યું છે, નહીં કે દેશના મુસ્લિમો માટે અને નહીં કે દાઢી રાખવાનો કે બુરખો ઓઢવાનો હક્ક છે કે નહીં તે માટે.

બેશક નામદાર ન્યા. કાત્જુએ તેમના ચુકાદામાં તાલીબાન સંદર્ભે ટાંકયો તેમના તે ડહાપણ પર ગંભીર વિચારણા કરીએ જ પણ સાથે જ બીજા પણ કેટલાક સવાલો ઉઠાવવા જ પડે, જેમ કે તે મુસ્લિમ વિદ્યાર્થીના મગજમાં એ વાત કેમ ઘુમરાઇ રહી છે કે દાઢી નહીં હોય તો તેનો ઇસ્લામ ખતરામાં મુકાઇ જશે કે બુરખો નહીં પહેર્યો હોય તો મુસ્લિમ મહિલાનો? મુસ્લિમ તરુણોનાં દિલોદિમાગમાં આવી વાતોનું વલોણું કોણ ચલાવી રહ્યું છે? અને મહાશય બી.એ. ખાન, કે જેઓ નિવૃત્ત ન્યાયાધીશ છે અને આ કેસમાં મુસ્લિમ વિદ્યાર્થીના વકીલ તરીકે લડે છે, તેમની નૈતિક અને બૌદ્ધિક પ્રતિબદ્ધતા વિશે તો કહેવું જ શું! દાઢી-મૂછ વિનાના સફાચટ ચહેરે એક પીઢ મુસ્લિમ વકીલ, એક તરુણ મુસ્લિમ વિદ્યાર્થીના દાઢી રાખવાના બંધારણીય હક માટે લડી રહ્યા છે અને દલીલ કરી રહ્યા છે કે દાઢી રાખવી એ તો ઇસ્લામની અનિવાર્ય શરત છે!

દાઢી રાખવાનો હક્ક પ્રસ્થાપિત કરવા મથતા તરુણ મુસ્લિમ વિદ્યાર્થીની એકલાની આ વાત નથી. મહારાષ્ટ્રના એક પોલીસ અધિકારી અને લશ્કરના એક અધિકારીની અરજીઓ પણ દાઢી રાખવાના હક્કના મુદ્દે જ નામદાર સુપ્રીમ કોર્ટ પાસે પડેલી છે. દલીલ એ થઇ રહી છે કે મુસ્લિમો સાથે વેરો-આંતરો રાખી અન્યાય કરાઇ રહ્યો છે. એક શીખને જો તેની ધાર્મિક આસ્થા મુજબના પાઘડી (અને અન્ય ધાર્મિક પ્રતીકો) પહેરવાનો હક્ક મળતો હોય તો મુસ્લિમને દાઢી રાખવાથી કે બુરખો ઓઢવાથી કેમ રોકી શકાય?

આમ, ના. ન્યાયમૂર્તિ શ્રી કાત્જુની તાલીબાની કોમેન્ટ સામે થશે તે ફેરવિચારણા અરજી તેમની ટિપ્પણી સામે નહીં હોય પણ મુસ્લિમોને તેમના ઇસ્લામિક ફરજ પ્રમાણે રહેવાનો બંધારણીય અધિકાર છે તે પ્રમુખ મુદ્દે પણ હશે.

પણ બંધારણીય આધિકારની આ દલીલ સાવ જ ખોખલી છે કેમ કે દાઢી રાખવા અને બહેનોએ બુરખો ઓઢવા તે માત્ર ''મુલ્લા-મૌલવીઓના ઇસ્લામ''માં જ ફરજિયાત છે. મુલ્લા મૌલવીઓને પૂછશો તો તેઓ પણ કબૂલ કરશે કે ઇસ્લામમાં દાઢી રાખવી અને બુરખો ઓઢવો તેવું કયાંય કહ્યું જ નથી!

સુદાનના ધાર્મિક અને રાજકીય આગેવાન હસન અબ્દ અલ્લાહ અલ તીરાબી કે જેઓ કટ્ટર ધાર્મિક ગણાય છે અને વિશ્વમાં ઇસ્લામિક આંદોલન પ્રસરાવવામાં અગત્યની ભૂમિકા ભજવી છે તેમને સાંભળીએ. ''માત્ર પયગંબર મોહમ્મદ સાહેબની પત્નીઓ માટે જ તે ફરજિયાત છે કે તેઓ એવો બુરખો ઓઢે કે જેથી પરાયા પુરુષને તેમનો ચહેરો કે હાથ પણ ના દેખાય, અન્ય તમામ સ્ત્રીઓ આ ફરજમાંથી બાકાત છે. બહેનોના અભિવાદન સમયે ઉમળકો આવે હસ્તધૂનન પણ કરી શકો અને તેમાંય જો જે તે વિસ્તારમાં તેવી કોઇ પ્રણાલી પ્રચલનમાં હોય તો તો ખાસ જ. પડદો ઓઢાવીને સંતાડી દેવાયેલ, એકલી પાડી દેવાયેલ બહેનોને વાસનાથી બચાવી શકાય પણ તેમ કરતાં બહેનોને સામુદાયિક જીવનના તમામ ફાયદાઓથી વંચિત કરાવાશે. આવું કરવામાં સામાજિક સહકાર અને જ્ઞાનવૃદ્ધિની સામાજિક પ્રક્રિયામાં સરખી ભાગીદારીનો મુસ્લિમ બહેનોનો અધિકાર નકારાય છે અને તેમની (સામાજિક) ભૂમિકા કુંઠિત થાય છે.''

આવું કહેનારા એક માત્ર તીરાબી જ ન હતા. ઇજીપ્તના વિદ્વાન ન્યાયાધીશ મોહમ્મદ સૈયદ અલ અરામવી પણ 'ધ ટ્રુથ ઓન ધ હિજાબ એન્ડ ધ ઓથોરીટેટીવનેસ ઓફ હદીશ' નામના પુસ્તકમાં તેમનો અભિપ્રાય જાહેર કરી ચૂક્યા છે કે બુરખો ઓઢવો તે માત્ર પયગંબર સાહેબની પત્નીઓ માટે જ ફરજિયાત છે.

૮૬ વર્ષના વયોવૃદ્ધ ઇજીપ્તના ખ્યાતનામ શેખ જમાલ અલ બન્ના જેઓ મુસ્લિમ બ્રધરહુડ આંદોલનના સ્થાપક હસન અલ-બન્નાના ભાઇ છે તેઓ કહે છે, ''ઇસ્લામે બહેનો પર બુરખો નથી લાદયો પણ જયુરીસપ્રુડન્સ-કાનૂનોએ ઇસ્લામ પર બુરખો લાદી દીધો છે.''

બુરખો ઓઢવાની બહેનોની કહેવાતી ઈસ્લામિક ફરજ અંગે ઉપર જણાવેલ જેટલું સાચું છે તેટલું જ સાચું દાઢી રાખવાના નિયમ બાબતે છે. ગુગલ સર્ચ પર જાઓ અને પ્રમુખ ઇસ્લામિક સાઇટો પર સર્ચ મારો, 'દાઢી રાખવાની ફરજ' પર સામસામા અઢળક અભિપ્રાયો જોવા મળશે.

ક્યારેક એવા કોઇ મુસ્લિમને મળવાનું થાય કે જે દાઢી અને બુરખો તો ઇસ્લામનાં ફરજિયાત અંગો છે તે વિષે સત્યાગ્રાહી રીતે દૃઢ હોય તો તેને પૂછજો કે મોહમ્મદ પયગંબરના કેન્દ્રવર્તી ઉપદેશનું શું થયું છે? મોહમ્મદ પયગંબરે કહ્યું છે કે ''તમામ જ્ઞાન પવિત્ર છે અને) જ્ઞાનપ્રાપ્તિની ઝંખના સેવવી તે દરેક મુસ્લિમ બહેન, ભાઇની પવિત્ર ફરજ છે.'' ''વિદ્વાનની કલમની શાહી એ એક શહીદના રક્તથી અનેક ગણી પવિત્ર છે''. ''જ્ઞાનપ્રાપ્તિ માટે જરૂર પડે તો ચીન પણ જાઓ.''

ઇસ્લામ પર જાતે કબજો જમાવી, રખેવાળ બની ગયેલા મુલ્લા-મૌલવીઓએ મોહમ્મદ પયગંબર સાહેબના સાદાસીધા જ્ઞાનપ્રાપ્તિના ઉપદેશનો ફેલાવો કર્યો હોત તો મુસ્લિમ બહેનો વિશ્વમાં 'જ્ઞાન'ના મોરચે આગલી હરોળ સંભાળતી હોત અને (સુપ્રીમ કોર્ટમાં દાઢીના હક્ક માટે અરજ કરતા)તરુણ સલીમ (તથા તેના જેવા ભણતા જુવાનિયાઓ) પોતાના અને મુસ્લિમ સમુદાયનાં કિંમતી સમય અને સાધનો દાઢીના હક્ક જેવા ક્ષુલ્લક મુદ્દાઓ પર વેડફવાના બદલે બુદ્ધિશક્તિને કસોટીએ ચઢાવતો જઇ તીવ્ર બનાવી રહ્યો હોત! ■

***(ઇન્ડિયન એક્ષપ્રેસ એપ્રિલ ૬,૨૦૦૯માંથી સાભાર. ભાવાનુવાદ રાજેશ મિશ્રા)***

***(લેખક મુંબઈથી પ્રસિદ્ધ થતા Communalism Combatના તંત્રી છે. સબરંગ, પો.બો. નંબર -૨૮૨૫૩, જૂહુ પોસ્ટ ઓફીસ, મુંબઈ - ૪૦૦ ૦૪૯)***

# આખરે બે વર્ષે ડૉ. બિનાયક સેનને જામીન

**વૃષ્ટિ પારેખ**

૨૫ મે ૨૦૦૯ના રોજ સુપ્રીમ કોર્ટે છત્તિસગઢ પીયુસીએલના જનરલ સેક્રેટરી અને આદિવાસીઓના અધિકારો માટે એમની વચ્ચે છેલ્લા ૩ દાયકાથી કાર્યરત ડૉ. બિનાયક સેનને બે વર્ષના કારાવાસ બાદ જામીન પર છોડ્યા. દેશ અને દુનિયાના માનવ-અધિકારના જતન માટે મથતાં અને નિસ્બત ધરાવતાં સંગઠનો અને વ્યક્તિઓએ રાહતનો શ્વાસ લીધો.

૧૪મી મે ૨૦૦૭ના રોજ અનલોફુલ એકટીવીટીઝ પ્રિવેન્શન એમેન્ડમેન્ટ ઓર્ડીનન્સ ૨૦૦૯ (UAPA), છત્તિસગઢ સ્પેશીયલ પબ્લિક સિક્યોરિટી એકટ ૨૦૦૫ (CSPSA) અને ઇન્ડિયન પીનલ કોડ નીચે બિનાયક સેનની ધરપકડ કરવામાં આવેલી. એમના પર ગેરકાયદેસર સંગઠનને મદદ કરવાનો તેમજ આતંકવાદી સંગઠનના સભ્ય હોવાનો, આતંકવાદી પ્રવૃત્તિઓ કરવાનો ઉપરાંત દેશ સામે યુદ્ધ જાહેર કરવાનો અને દેશદ્રોહ વગેરે બહુ ગંભીર આરોપો લગાવવામાં આવ્યા. કોઇને માન્યામાં ન આવે એવા આ આરોપો માનવ અધિકારો માટે લડતા કર્મશીલ સામે આપણા દેશમાં લગાડવામાં આવે, એટલું જ નહીં, પરંતુ પછી બબ્બે વરસ સુધી એમને જામીન આપવામાં ન આવે એ બાબત દેશ માટે અત્યંત શરમજનક અને ચિંતાજનક છે.

પ્રોસીક્યુશને આ આરોપો લગાવવા પાછળ કારણ એ બતાવ્યું કે સેન જેલમાં પુરાયેલા નકસલવાદીઓ અને બહારી દુનિયા વચ્ચે માહિતીની આપલે કરતા હતા. પણ બચાવ પક્ષના જણાવ્યા મુજબ એ અંગેના કોઈ જ પુરાવા પ્રોસીક્યુશન કોર્ટમાં રજૂ કરી શક્યું નથી. જે બન્ને પક્ષે સ્વીકારાયેલું છે એ છે કે સીપીઆઈ (માઓવાદી)ના ૭૦ વર્ષના એક અગ્રણી નેતા નારાયણ સંન્યાલને આરોગ્ય અને કાનૂન વિષયક સલાહ આપવા માટે મળવા એ જેલ પર જતા. મુલાકાતો જેલ રજિસ્ટરમાં નોંધાયેલી છે અને મુલાકાત દરમિયાન જેલર હાજર રહ્યા છે. મળવા જતાં-આવતાં એમનું બરાબર ચેકિંગ થતું તેમ છતાં, ઓથોરિટી તરફથી એમના પર આરોપ છે કે તેઓ નક્સલવાદીઓ અને સંન્યાલ વચ્ચે માહિતી અને સંદેશાની આપલે કરતા અને એ રીતે ગેરકાયદેસર ઠેરવેલા નક્સલવાદી સંગઠનના સભ્ય અને મદદગાર હતા. UAPA અને CSPSA ની કલમો જોતાં એ રદ કરાયેલા POTA જેટલા જ ખતરનાક અને માનવઅધિકારોનું હનન કરનારા કાયદા છે. આ CSPSAમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને એને ટેકો કરવાની વ્યાખ્યાઓ એટલી અસ્પષ્ટ અને વ્યાપક છે કે લોકતાંત્રિક રીતે અને શાંતિમય વિરોધને પણ ગેરકાયદેસર પ્રવૃત્તિ તરીકે લેખી શકાય અને અજાણતાં કરેલ પ્રવૃત્તિ આ કાયદા હેઠળ ગુનાપાત્ર બને છે. (દા.ત. માઓવાદીઓને કપડાં વેચનાર દુકાનદારોને પણ આ કાયદા હેઠળ પકડવામાં આવ્યા હોવાના પણ સમાચાર છે.) અથવા નક્સલવાદીઓ પોતાને મદદ કરવા માટે કોઈને બંદૂકની નળીએ પણ દબાણ કરે તો એના પર પણ આ કાયદાનો અમલ કરવામાં આવે છે. આવી જોગવાઈઓને કારણે સામાન્ય નાગરિકો - અહીં મોટાભાગના ગરીબ આદિવાસીઓ - નો બન્ને બાજુથી મરો થાય છે.

છત્તિસગઢ સરકાર પૂરી તાકાતથી બિનાયક સેનની પાછળ પડી ગઈ એની પાછળનાં મૂળ કારણો જુદાં જ હોવાનું એમના અંતરંગ મિત્રો અને માનવઅધિકાર સંગઠનો જણાવે છે. એક તો, સરકારે ૨૦૦૫થી ઊભું કરેલ સલવા જુડુમ (ટૂંકમાં જોઈએ તો સરકારે આખાં ને આખાં ગામોને ખાલી કરાવી અન્યત્ર કેમ્પોમાં વસવાટ આપ્યો અને નક્સલવાદીઓ સામે લડવા શસ્ત્રો અને તાલીમ આપ્યાં - આ વ્યવસ્થા એટલે સલવા જુડુમ. જેમાં સામાન્ય આદિવાસીઓને પોતાનાં ઘરો અને જમીનો - ખેતી છોડીને કેમ્પોમાં રહેવાની ફરજ પાડવામાં આવી એ સલવા જુડુમ. સરકારી તંત્ર પોતે જે નક્સલવાદને ડામવામાં સફળ ન થઇ શકી એનો સામનો કરવા અને ડામવા માટે આદિવાસીઓ સામે આદિવાસીઓને જ ઢાલ બનાવી લડાવવા માટે ખુદ સરકારે સલવા જુડુમમાં રહેનારા આદિવાસીઓને હથિયારો અને તાલીમ પણ આપી હોવાનું વિવિધ અહેવાલોમાં નોંધાયું છે.)નો બિનાયક સેન વિરોધ અને ટીકા કરતા હતા. બીજું એક અંદરખાનેનું કારણ એ પણ ગણાવાય છે કે માર્ચ ૨૦૦૭માં પોલીસે સાવ નિર્દોષ ૧૨ આદિવાસીઓને નક્સલવાદીઓ ઠેરવીને નજીકથી ગોળીઓ મારીને એન્કાઉન્ટરમાં મારી નાખ્યા. ત્યારે પીયુસીએલ અને બિનાયક સેને જવાબદાર પોલીસ અધિકારીઓની ધરપકડ કરી એમની સામે કેસ ચલાવવાની માંગણી કરેલી.

સલવા જુડુમની ટીકા અને વિરોધ કે નિર્દોષ આદિવાસીઓને પોઈન્ટ બ્લેંક મારી નાખવા સામે પોલીસ અધિકારીઓ પર કેસ ચલાવવાની

માંગણી કરવી એ લોકતંત્રમાં કોઈનો પણ પાયાનો અધિકાર છે. આપણી રાજ્ય સરકારે દેશ-દુનિયામાંથી ઊઠેલ માંગણી અને વિરોધની ઉપરવટ જઈને જે રીતે દરેક કોર્ટમાં બિનાયક સેનને જામીન ન મળે એ માટે જે જહેમત ઉઠાવી છે એ જોતાં એની પાછળ, પ્રોસીક્યુશને જે કેસ બનાવ્યો છે, એ જ માત્ર કારણ ન હોઈ શકે એ તો સ્પષ્ટ છે. અને પ્રોસીક્યુશને પણ જે દેખીતો કેસ બનાવ્યો છે એ તો નક્સલી કેદીને મળવા જવાના આધાર પર બનાવ્યો છે, જે પણ જેલ મેન્યુઅલ અને ભારતના બંધારણ મુજબ એકદમ કાયદેસર અને બંધારણીય છે.

તેમ છતાં, છત્તિસગઢ સરકારે જામીન અરજીનો પ્રચંડ વિરોધ કર્યો અને ડિસ્ટ્રીક્ટ કોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટે પણ બે વર્ષ સુધી જામીન ન આપ્યા. કેસની અને જામીન અરજીની જે વિગતો જાણવા મળી છે એ તપાસીએ તો ખ્યાલ આવે છે કે ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં જામીન અરજીની કેટલીય સુનાવણીઓ, જેમાં સુરક્ષાનાં કારણોસર બિનાયક સેનને કોર્ટમાં હાજર ના રહેવા દેવાયા, બાદ એ નામંજૂર કરવામાં આવી. અને ૨૩મી જુલાઈ ૨૦૦૭એ હાઈકોર્ટે પ્રોસીક્યુશનની માત્ર દલીલોને જ માની લઇને નીચલી કોર્ટનો હુકમ ચાલુ રાખ્યો. હાઇકોર્ટમાં ડૉ. સેનના વકીલે ખાસ ધ્યાન એ બાબત પર દોરેલું કે જે સન્યાલને મળવા ડૉ. સેન જેલમાં જતા હતા, એમના પર CSPSA અને UAPA નીચેના આરોપો તો ઠેઠ ૧૯ જૂન ૨૦૦૭ના રોજ લગાડવામાં આવેલા, એટલે ત્યાં સુધી એમને CSPSA નીચે બાન કરવામાં આવેલા સંગઠનના સભ્ય જાહેર કરવામાં નહોતા આવ્યા અને એ પહેલાં ડૉ. સેનની જામીન અરજી દાખલ કરી દેવામાં આવી હતી. હાઇ કોર્ટના હુકમની સામે કરેલ સ્પેશિયલ લીવ પીટીશનની ૩૧ જુલાઈ ૨૦૦૭ ના રોજ પહેલી સુનાવણી થઇ, જેમાં સુપ્રીમ કોર્ટે છત્તિસગઢ સરકારને નોટિસ મોકલેલી, જેનો જવાબ છેક ડિસેમ્બર ૨૦૦૭માં મળ્યો, પણ કોર્ટે એ પહેલાં પીટીશન ખારિજ કરી દીધી.

ત્યારબાદ ૨૮ ડિસેમ્બર ૨૦૦૭ના રોજ એમના પર ચાર્જ ફ્રેમ કરવામાં આવ્યા. તે જ દિવસે ડૉ. સેને કોર્ટમાં પોતાનું વજન ઊતરતું જતું હોવાની અને તબિયત બગડતી જતી હોવાની ફરિયાદ કરેલી, પણ સરકારે રજૂ કરેલા બેબુનિયાદ ડોકટરી સર્ટિફીકેટ્સના આધાર પર કોર્ટે એને ગણકારી નહીં. ત્યારબાદ તો એમની સામેના કેસની ટ્રાયલ પણ ચાલી, જેમાં એક પછી એક સાક્ષીઓની જુબાનીઓમાં પ્રોસીક્યુશન એમની સામેનો કેસ સાબિત કરવામાં સફળ નથી થઇ શક્યું. તેમ છતાં કોઇ અકળ કારણોસર એમને જામીન મળ્યા નહીં.

દેશ અને દુનિયાભરનાં માનવ અધિકાર સંગઠનો અને અનેક નામી-અનામી વ્યક્તિઓએ એમના છૂટકારા માટે બહુ મોટું અભિયાન ચલાવ્યું. ૨૧ જેટલા નોબલ પ્રાઈઝ વિજેતાઓ સહિત દેશ-વિદેશની કેટલીય નામી વ્યક્તિઓએ એ માટેની અપીલ કરેલી. ગુજરાત સહિત ઘણાં રાજ્યોનાં સંગઠનો-વ્યક્તિઓએ પણ આ અભિયાનને મોટો ટેકો આપેલો.

જથી મે ૨૦૦૯ના રોજ એમના વતી જાણીતા ધારાશાસ્ત્રી રામ જેઠમલાણીએ જામીન આપવા અંગે ફેર અરજ કરી. જેઠમલાણીએ કોર્ટમાં એ ખાસ દલીલ કરી કે બિનાયક સેન સામેનો કેસ જ તૂટી પડે છે, કારણ કે એમની સામે પ્રોસીક્યુશને રજૂ કરેલ એક પણ સાક્ષીએ એમની વિરૂદ્ધમાં જુબાની આપી નથી.

બનવાજોગ છે કે સુપ્રીમ કોર્ટને ડૉ. સેનના કેસમાં કાચું કપાયું હોવાનો અહેસાસ થઈ ગયો હોય. તેથી જ કદાચ સુપ્રીમ કોર્ટે ૨૫ મે ૨૦૦૯ના રોજ જામીન માટેની પીટીશનની સુનાવણીમાં બચાવ પક્ષ તરફે અગ્રણી ધારાશાસ્ત્રી શાંતિભૂષણ હજી ઊભા પણ થાય એ પહેલાં જ એમની દલીલ પણ સાંભળ્યા વગર, માત્ર જાતમૂચરકા પર જ, બિનશરતી જામીન મંજૂર કરી દીધા ! એ વખતે પણ છત્તિસગઢ સરકારના વકીલે ત્યારે પણ જામીન આપવા સામે દલીલ એ કરી કે એમની સામેની ટ્રાયલ પૂરી થવામાં છે ! ત્યારે એમને અધ્ધવચ્ચેથી જ અટકાવી દઈને જસ્ટિસ કાત્જુએ કહ્યું કે અમને કેસની વિગતો ખબર છે. એ બે વરસથી જેલમાં છે. અમે એમને જામીન આપીએ છીએ.

સૌએ રાહતનો ઊંડો શ્વાસ લીધો. જોકે ટ્રાયલ હજુ પતી નથી અને છત્તિસગઢ સરકારનું એમના વિરુદ્ધનું વલણ પણ ચાલુ જ હોવાનાં એંધાણ મળી રહ્યાં છે. ત્યારે મોટો સવાલ એ થાય છે કે નક્સલવાદને ડામવામાં જે સરકાર નિષ્ફળ જાય છે, એ ડૉ. સેન જેવા માનવ અધિકાર માટે લડનાર કર્મશીલ સામે કેમ આટલી આદુ ખાઈને પડી ગઇ છે ? એમના ઉપરાંત બીજા કર્મશીલો હજી જેલમાં છે. ડૉ. સેન સલવા જુડમનો વિરોધ કરે છે, સાથે જ નક્સલવાદી હિંસા સામે પણ તેમનો વિરોધ છે. એમનો સલવા જુડુમ સામે વિરોધ હોઈ શકે, સરકારની ઉદારીકરણ કે વિશ્વીકરણની નીતિઓ સામે વિરોધ હોઈ શકે કે સરકારના ઝડપી ઉદ્યોગીકરણની નીતિઓ સામે વિરોધ હોઈ શકે. બંધારણની મર્યાદામાં રહીને વિરોધ કરવાનો કોઈને પણ અધિકાર છે. પણ તેથી કરીને સરકાર વિરોધનો એ સૂર દબાવી દેવા મનમાની, મનસ્વી અને અમર્યાદ સત્તાનો ઉપયોગ કરીને  ગેરકાયદેસર અને ગેરબંધારણીય પગલું ના ભરી શકે. ભારત જેવા લોકતાંત્રિક દેશમાં એ ચાલી જ ન શકે. એની સામે એકી સાથે અવાજ ઉઠાવવો જરૂરી છે. ■

# . . . . તો કાર્લ માર્ક્સ જી-૨૦ દેશોને શી સલાહ આપત?

**દિનેશ શુક્લ**

વૈશ્વિક મૂડીવાદ અને મુક્ત વેપારમાં માનનારાઓને એ કડવું સત્ય સ્વીકારવું રહ્યું કે વર્તમાન આર્થિક કટોકટીને કારણે લગભગ ભુલાઇ ગયેલ કાર્લ માર્ક્સના વિચારોમાં એક નવો રસ જાગૃત થયો છે. એ તો કેવો યોગાનુયોગ કહેવાય કે બીજી એપ્રિલના રોજ લંડન ખાતે મળેલી જી-૨૦ દેશોની શિખર પરિષદના મિલન સ્થળથી કાર્લ માર્કસની કબર થોડા જ અંતરે આવેલી છે! કેટલાંક જાણીતાં પશ્ચિમી અખબારોએ એની નોંધ પણ લીધી. વૈશ્વિક આર્થિક મંદીના આજના વાતાવરણમાં જર્મનીમાં જ્યાં માર્ક્સનો જન્મ થયો હતો તેની મુલાકાતે જનારાઓની સંખ્યામાં વધારો થયો છે. મુંબઇના યુવાન કોર્પોરેટ એક્ઝેક્યુટિવો, જેમણે માર્ક્સને કુદાપિ વાંચ્યો નથી, તેઓ પણ તેનાં કેટલાંક લખાણો ઇ-મેઇલ પર પોતાના મિત્રોને મોકલવા લાગ્યા છે. આ એવાં લખાણો છે, જેમાં માર્ક્સે લખેલું કે મૂડિવાદના એક તબક્કે સસ્તા દરે મોટા પ્રમાણમાં ઋણ આપવામાં આવશે, જે ચૂકવવું અશક્ય બની જશે અને મોટા પ્રમાણમાં નાણાંકીય કટોકટી સર્જાશે. છેવટે નાણાંતંત્રને બચાવવા માટે રાજ્યે કાં તો બેંકો હસ્તગત કરવી પડશે અથવા મોટા પ્રમાણમાં પ્રાણવાયુનાં ઇન્જેકશનો આપવાં પડશે! તેણે એમ પણ કહ્યું હતું કે વૈશ્વિકીકરણના અમુક એક તબક્કે મુક્ત બજારના કટ્ટર હિમાયતીઓને સંરક્ષણવાદી નીતિઓ અપનાવવાની ફરજ પડશે.

માર્ક્સનાં લખાણોમાં ઘણી એવી 'લાલ ઝંડીઓ' છે, જે 'રૂક જાઓ' કહે છે. સોવિયેત યુનિયનના વિઘટન પછી અને પૂર્વ યુરોપી દેશોની સમાજવાદી અર્થવ્યવસ્થાઓ ધરાશાયી થયા પછી, વિચારધારાઓના અંત અને ઇતિહાસના અંતની થિસિસો બહાર પડ્યા પછી કાર્લ માર્ક્સ દૂર ભૂતકાળનું એક પાત્ર બની ગયો છે અને હવે તેને યાદ કરવાની કોઇ જરૂર નથી, એવું પશ્ચિમી જગત માનવા લાગ્યું હતું. સપ્ટેમ્બર ૨૦૦૮ થી શરૂ થયેલી આર્થિક કટોકટીએ (હજુ તેને મંદી એવું નામ આપતા નિષ્ણાતો અચકાય છે) ફરી એક વાર માર્ક્સની યાદ તાજી કરાવી છે. અને અર્થનિષ્ણાતો માર્ક્સના મૂડીવાદના પૃથક્કરણ તરફ ફરીથી ધ્યાન આપવા લાગ્યા છે.

માર્ક્સવાદની પરિભાષામાં તાજેતરમાં મળેલ જી-૨૦ દેશોની શિખરપરિષદ એ વૈશ્વિક બુર્ઝવા વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ ઉત્પાદનનાં એવાં ક્રાંતિકારી સાધનોની શોધમાં છે, જે વૈશ્વિક-આર્થિક સ્થગિતતાની કળણમાંથી વૈશ્વિક અર્થતંત્રને બહાર કાઢે. આ સંદર્ભમાં માર્કસે જણાવ્યું છે કે વિકસિત મૂડીવાદી સમાજોમાં આવી કટોકટીઓ આવશે, જેમાં વધુ પડતા ઉત્પાદનનો રોગચાળો ફાટી નીકળશે. અતિશય ઉત્પાદનનો આવો રોગચાળો બુર્ઝવા સમાજોમાં ભારે મોટા પ્રમાણમાં ગેરવ્યવસ્થા ઊભી કરશે. જેને કારણે પ્રવર્તમાન સંપત્તિ અને ઉત્પાદનનાં પરિબળો માટે મોટું જોખમ ઊભું થશે.

હાલના સંદર્ભમાં આવું અતિશય ઉત્પાદન નાણાંકીય ક્ષેત્રમાં, ગૃહનિર્માણ ક્ષેત્રમાં અને ઓટોમોબાઇલ ક્ષેત્રમાં ખાસ કરીને જોવા મળે છે. આ સંજોગોમાં એક પ્રકારની નાણાંકીય જંગલિયતની સ્થિતિ ઊભી થઇ છે. આ સંજોગોમાં બુર્ઝવા સમાજોનો વધુ વિકાસ શક્ય નથી. મૂડીવાદી અર્થતંત્રને સ્થગિતતાની કળણમાંથી બહાર કાઢવા વિષે માર્ક્સની ઊંડી સૂઝ અહીં બુર્ઝવા અર્થતંત્રના નેતાઓ (પ્રમુખ ઓબામા અને વડા પ્રધાન ગોર્ડન બ્રાઉન) ને ખપમાં આવે તેમ છે.

વૈશ્વિક મૂડીવાદને વધુ ઉચ્ચતર સ્તરે લઇ જવા માટે જે ઉત્પાદનનાં બળો સ્થગિત થઇ ગયાં છે, તેનો વ્યવસ્થિત નાશ કરવો પડે. દાખલા તરીકે જનરલ મોટર્સ અને ફોર્ડ કંપનીઓ વધુ 'કાર્યક્ષમ' મોટરકારો પેદા ન કરી શકે તો તેમના પ્લાંટ બંધ કરી દેવા જોઇએ અને એ કારોનું ઉત્પાદન એશિયા કે આફ્રિકામાં શરૂ કરવું જોઇએ. અલબત્ત, આમ કરવામાં આવે તો અમેરિકામાં મોટી સામાજિક અને રાજકીય ઊથલપાથલ થયા વિના રહે નહીં. અમેરિકન કાર ઉદ્યોગના 'નાક' સમા ડેટ્રોઇટનું આઉટસોર્સિંગ કેવી રીતે થઇ શકે?'

પ્રમુખ ઓબામા કંઇક અંશે આ સમજે છે. તેમણે કહ્યું છે કે ''અમેરિકાએ સ્થગિત અર્થતંત્રને ફરીથી ચેતનવંતું બનાવવું હોય તો કેટલીક 'ધૂળ' ખંખેરી નાંખવી જોઇએ, કેટલાક આકરા, કડક નિર્ણયો લેવા જોઇએ; જો અમેરિકા વૈશ્વિક અર્થતંત્ર અને ઉદ્યોગ-ધંધા પર પોતાનું હાલનું પ્રભુત્વ જાળવી રાખવા ઇચ્છતું હોય તો.'' સવાલ એ છે કે આવા આકરા અને કડવા નિર્ણયો લેવાની હિમ્મત ઓબામા દાખવી શકશે ખરા? અત્યારે મળતા સંકેતો અનુસાર તેમના પગ થોડા ડગમગવા લાગ્યા છે.

આવી અત્યંત સંકુલ પરિસ્થિતિમાં ખરા મુદ્દાઓ ઢંકાઇ જતા હોય છે અથવા આવા સમાજોના નેતાઓના ધ્યાન બહાર જ રહેતા હોય છે. હાલની વૈશ્વિક આર્થિક કટોકટીનું એક મૂળ કારણ એ છે કે વિશ્વના

એક અબજ જેટલા ટોચના આર્થિક દૃષ્ટિએ સંપન્ન એવા ઉપભોક્તાઓ પૂરતા પ્રમાણમાં, અને વધતી માત્રામાં, વધુ પ્રમાણમાં ખર્ચ કરતા નથી, તો બીજી બાજુ પિરામિડની સાવ તળિયે આવેલા એક અબજ જેટલા લોકો રોજના બે ડોલર જેટલી પણ આવક ધરાવતા નથી. પરિણામે તેઓ પોતાની જીવન જરૂરિયાતો માટે પણ ખર્ચ કરી શકતા નથી. મૂડીવાદી અર્થતંત્ર 'ઉપભોગ' પર ચાલે છે, એમાં ટોચના સંપન્ન લોકોની ખર્ચ કરવાની એક મર્યાદા છે, તો બીજી બાજુ તળિયાના ગરીબ-અતિગરીબ લોકો ખર્ચ કરી શકે તેવી સ્થિતિમાં નથી. વૈશ્વિક નાણાં મૂડીવાદે અતિસંપન્ન લોકો વધુ પ્રમાણમાં ભોગવી શકે એ માટે જાતજાતનાં ઋણ સાધનો (ડેટ ઇન્સટ્રુમેન્ટ) પેદા કર્યાં છે, જે હકીકતમાં પોકળ છે, તો બીજી બાજુ અતિ ગરીબ લોકો તો બેંકિંગ વ્યવસ્થાની સાવ બહાર છે. તેમને કોઇ ઋણ આપતું નથી.

પ્રમુખ ઓબામા અને જી-૨૦ દેશોના નેતાઓ આ ટોચના એક અબજ ઉપભોક્તાઓને મદદ કરવા માટે 'સ્ટીમ્યુલસ પેકેજો' જાહેર કરે છે અને એ માટે કરદાતાઓનાં નાણાંનો ધોધ વહેવડાવે છે. આ તો 'નફાના ધણી બને ખાનગી વ્યક્તિઓ - મોટી કંપનીઓ અને ખોટ ભોગવે સરકાર' એના જેવો ઘાટ થયો. સમસ્યાનો આ સાચો ઉકેલ નથી. માર્ક્સના અનુયાયી ન હોય તેઓ પણ આવું માને છે. વિકાસશીલ દેશોની નેતાગીરી પણ આ જ ભૂલનું પુનરાવર્તન કરે છે. હાલની જે બિનકાર્યક્ષમ અસ્કયામતો છે, તેમને જિવાડવા માટે મોટા પ્રમાણમાં નાણાંકીય ડોઝ (લોન) આપે છે. જી.૨૦ દેશોની શિખર પરિષદમાં આંતરરાષ્ટ્રિય નાણાંભંડોળને એક ટ્રિલિયન ડોલર ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું છે, પણ તેના સંચાલનમાળખામાં જરૂરી ફેરફારો કરવાનો નિર્ણય ટાળવામાં આવ્યો છે. અત્યારે આંતર-રાષ્ટ્રીય નાણાંભંડોળના સંચાલન - માળખામાં અમેરિકા અને યુરોપીય દેશોનું વર્ચસ્વ છે. હાલની તેની નેતાગીરી જે ઉત્પાદકીય પરિબળો સ્થગિત થઇ ગયાં છે, તેનો નાશ કરવો જોઇએ, એવું ઠસાવી શકશે ખરી? વૈશ્વિક મૂડીવાદી બુર્ઝવા સામેનો ખરો પ્રશ્ન તો આ છે.

જી-૨૦ દેશોની શિખર પરિષદમાં આંતરરાષ્ટ્રીય નાણાભંડોળને વધુ લોકશાહી બનાવવાનો ઇરાદો જાહેર કરવામાં આવ્યો છે. પરિષદને અંતે બહાર પાડવામાં આવેલ નિવેદનમાં વધતા જતા સંરક્ષણવાદને રોકવાની જરૂરત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આ બધા શુભ આશયો છે, તેમાં બેમત નથી. પણ કેવળ શુભ આશયોની જાહેરાત પૂરતી નથી. વિકસિત દેશોનું સંગઠન (ઓર્ગેનાઇઝેશન ઓફ ઇકોનોમિક કોઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ) અને તેની નેતાગીરી આ આશયોને વ્યવહારમાં ચરિતાર્થ કરવાની જરૂરી રાજકીય ઇચ્છાશક્તિ બતાવશે ખરાં? એ યક્ષપ્રશ્ન છે.

જ્યાં સુધી વિશ્વના તળિયાના એક અબજ લોકોના હાથમાં જરૂરી ખરીદશક્તિ નહીં આવે ત્યાં સુધી આ 'અતિશય ઉત્પાદન' (ઓવર પ્રોડક્શન)ને કારણે ઊભી થયેલી સમસ્યાનો હલ નહીં આવે. ખરીદ શક્તિથી વંચિત આ એક અબજ જેટલા લોકો મહદંશે અલ્પ વિકસિત દેશોમાં રહે છે. એક બાજુ 'ઓવર પ્રોડક્શન' અને બીજી બાજુ 'અન્ડર કન્ઝમ્પશન' એવો વિરોધાભાસ કયાં સુધી ચાલી શકે? મૂડીવાદે પોતાના હિતમાં આ વિરોધાભાસનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો રહ્યો! ■

***ઇકોનોમિક ટાઇમ્સના ૭ એપ્રિલ, ૨૦૦૯માં પ્રકાશિત એમ. કે. વેણુના લેખના આધારે.***
***(મીમાંસા, ૨૭, મિથિલા સોસાયટી, આંબાવાડી, અમદાવાદ)***

**પ્રિય વાચકો,**

અમને આશા છે કે 'ખોજ'ના અંક આપને નિયમિત અને સારી સ્થિતિમાં મળતા હશે. જો એમ ના હોય તો, અથવા લવાજમ અંગે અન્ય કોઇ પ્રશ્ન હોય તો અમારી ક્ષમાયાચના સ્વીકારશો અને નીચે આપેલાં અગત્યનાં સૂચનો ધ્યાનમાં રાખશો.

- ❖ મેઇલિંગ લેબલ પર આપના ગ્રાહક ક્રમાંકની સાથે લવાજમ પૂરું થતું હોય એ મહિનો/વર્ષ આપ્યાં હોય છે, જે ધ્યાનમાં રાખી ફેરલવાજમ મોકલવાનું ચૂકશો નહીં.
- ❖ લવાજમ ભરતી વખતે પૂરું સરનામું, પીનકોડ, ટેલિફોન નંબર લખી મોકલશો.
- ❖ લવાજમની રસીદ સામાન્ય રીતે 'ખોજ'ના એ પછીના અંક સાથે મોકલીએ છીએ. લવાજમ મળ્યાનું પોસ્ટકાર્ડ જોકે તુરંત લખી દઇએ છીએ. જો આપને રસીદની તાત્કાલિક જરૂર હોય તો લવાજમ ભરતી વખતે એની સ્પષ્ટ સૂચના લખશો.
- ❖ જો આપનું સરનામું બદલાયું હોય તો અમને એની જાણ કરશો.
- ❖ કોઇ અંક ના મળ્યો હોય તો જણાવશો. અમે બીજી નકલ મોકલી આપશું.
- ❖ જો ભૂલથી આપના સરનામે બે નકલ આવતી હોય તો અમને જાણ કરશો.
- ❖ શરૂઆતનાં ચાર વર્ષોના અંકોના બબ્બે વર્ષનાં બાઉન્ડ વોલ્યુમ ઉપલબ્ધ છે. બે વર્ષના એક વોલ્યુમની કિંમત રૂ. ૨૫૦/- છે અને બહારગામના ચેકમાં રૂ. ૪૦/- ઉમેરવા વિનંતી છે.

# ગાંધી, અલવિદા ?

## Goodbye to Gandhi? Travels in The New India by Bernard Imhasly

### પરિચય : જયંતી પટેલ

આધુનિક ભારતમાં ગાંધી વિચાર,મૂલ્યો અને કાર્યશૈલી કયાં અને કેટલા પ્રમાણમાં દૃષ્ટિગોચર રહ્યાં છે તેનું તાદૃશ્ય મૂલ્યાંકન ઈમ્હાસ્લીના આ પુસ્તકમાં રજૂ થયું છે. સ્વીટ્ઝર્લેન્ડમાં જન્મેલા ઈમ્હાસ્લીએ ઝુરીચ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તથા સ્વીસ વિદેશ સેવામાં કામગીરી બજાવી છે. તેમણે યુરોપીય અખબારોના પ્રતિનિધિ તરીકે ભારતમાં રહેવાનું પસંદ કર્યું છે. ભારત જેવા વિશાળ અને બહુરંગી દેશને જાણવો-મૂલવવો એટલે પાંચ આંધળા દ્વારા હાથીને વર્ણવવા બરાબર છે, તે સ્વીકારવા છતાં તેમણે ભારતના વિવિધ પ્રદેશોના પ્રવાસ સાથે ત્યાંની રાજકીય, સામાજિક અને વૈચારિક સમસ્યાઓ તથા સંઘર્ષોનું જે મૂલ્યાંકન કર્યું છે તે દાદ માંગી લે છે. આ મૂલ્યાંકન તેમણે ગાંધીવિચાર અને કાર્યશૈલીના પરિપ્રેક્ષ્યમાં આપ્યું છે તે બાબત આ પુસ્તકને સવિશેષ પરિમાણ બક્ષે છે. લેખક સ્વીકારે છે કે આ પ્રવાસકથામાં વર્ણવેલા લોકો, પ્રદેશો કે સમસ્યાઓ ઉપરાંત, ઓરિસ્સામાં ખાણઉદ્યોગ અને આદિવાસી સંસ્કૃતિ વચ્ચેના સંઘર્ષ, તામીલનાડુમાં પ્રવર્તતા વેરના રાજકારણ, મુંબઈની પ્રાણશક્તિ અને હિંસા કે કાશ્મીરમાં છેલ્લાં પંદરેક વર્ષથી પ્રવર્તતી ઘેરા જેવી સ્થિતિને પણ સમાવી શકાઈ હોત. આમ છતાં આ પ્રવાસકથાના હેતુ સાથે સુસંગત ટુકડા હોવા છતાં, તે અપૂરતા જ રહ્યા હોત.

લેખકનો પ્રશ્ન છે કે, શું આ ગાંધીમૂલ્યો ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતાનાં ઘોતક છે? પશ્ચિમના પ્રભાવ નીચે પ્રસરી રહેલા વૈશ્વિકીકરણના ખ્યાલની ચર્ચામાં શું ભારત તેને આમેજ કરવાનો ફાળો આપી શકે તેમ છે?

વૈચારિક દૃષ્ટિએ ગાંધીની પ્રસ્તુતતા વિશે ઘણી ચર્ચા થાય છે પણ વ્યવહારમાં ગાંધી ખુદ તેમનાં કાર્યક્ષેત્રોમાં પ્રભાવક રહ્યા છે કે કેમ તેનાં લેખાંજોખાં આ પુસ્તકમાં જોવા મળે છે. ગાંધીની વિચારસૃષ્ટિ અને જીવનદૃષ્ટિ, કાર્યક્રમો અને કાર્યશૈલીમાં સમાયેલાં મૂલ્યો, કાર્યક્રમો અને ભાવી ભારતના સ્વપ્નને પડખે રાખી તે વર્તમાન સમાજકારણ, અર્થકારણ અને રાજકારણને મૂલવતા જાય છે. ગાંધીનું સાદું જીવન, નીતિમય રાજકારણ, દરેક પ્રકારની સત્તા પ્રત્યે શંકાશીલ વલણ અને સત્યાગ્રહ, દરેક જીવ પ્રત્યેની દરકાર, વિશાળ સંગઠનો કરતાં નાનાં જીવંત સામાજિક એકમોના લાભની હિમાયત,હિંસા-અહિંસાની ભૂમિકા, કોમી ઐક્ય, અસ્પૃશ્યતા નિવારણ, દરિદ્રતાની નાબૂદી, શ્રમનું ગૌરવ વગેરેને તે ચકાસતા જાય છે.

રાજમોહન ગાંધીએ કહ્યું છે તેમ, ગાંધીની મૂર્તિને પડખે બેસાડી ઈમ્હાસ્લી ભારતમાં પ્રવાસ ખેડે છે. એકવીસમી સદીના ભારતીયો ગાંધી વિષે શંકા ઉઠાવી રહ્યા છે ત્યારે આ બંને, ભારતના રોમાંચક અને કષ્ટદાયી પ્રદેશોની મુલાકાત લેતાં તે વિષે પ્રશ્નોત્તરી કરતા જાય છે.

ભારતની યુવાન પેઢીમાં ગાંધી વીસરાતા જાય છે તેનો બળાપો વ્યક્ત કરતાં અને વિદેશોમાં તેમને યાદ કરાય છે તે વાતનો ઉલ્લેખ કરતાં, ઈમ્હાસ્લીએ જર્મન અણુ વિજ્ઞાની હાઈઝનબર્ગનો પ્રશ્ન ટાંકયો છે : 'આપણે પશ્ચિમવાસીઓએ તમામ સગવડો ધરાવતું ભવ્ય અને સુંદર જહાજ સર્જ્યું છે પરંતુ તેમાં દિશાસૂચક યંત્ર નથી, પરિણામે આપણે કયાં જઈ રહ્યા છીએ તેની આપણને ખબર નથી. ટાગોર અને ગાંધીએ આ યંત્ર શોધ્યું છે. શા માટે આપણે આ દિશાસૂચક યંત્રને આપણા જહાજમાં ના ગોઠવવું, જેથી બંનેને તેમનું આખરી લક્ષ્ય હાંસલ થાય?' સાથે સાથે લેખક પ્રશ્ન કરે છે કે શું આજે પણ આ દિશાસૂચક યંત્ર માર્ગ ચીંધી રહ્યું છે? અને, પછીનાં પૃષ્ઠોમાં તે આ પ્રશ્નનો ઉત્તર શોધવા ભારતયાત્રા આદરે છે.

ઈમ્હાસ્લીએ કયાંય ગાંધીજી કે મહાત્મા શબ્દ પ્રયોજ્યો નથી. જાણે તે એક મિત્ર સાથે સંવાદ કરતા હોય તે રીતે લખે છે. પરંતુ ગાંધી વિષેનો તેમનો પ્રેમભાવ અછતો રહેતો નથી. એટલે જ કદાચ, તેઓ પોતાનો પ્રવાસ પોરબંદરથી આરંભે છે. ગાંધીના જન્મસ્થાનમાં જ પ્રવર્તતી દાણચોરી, દારૂ અને ગુંડાગીરીનું વાતાવરણ જાણે ગાંધીને નકારતું હોય તેમ લાગે. ગાંધીના સ્થાને સંતોકબેનનું શાસન એક જબરો વ્યાઘાત છે. સમગ્ર પુસ્તકમાં ઠેરઠેર આવાં વૈષમ્યને લેખકે સરસ રીતે ગૂંથી લીધાં છે. દાખલા તરીકે ગાંધી અને જીન્ના બંનેનું વતન સૌરાષ્ટ્ર, બંને વેપારી

કોમના, બંને ઇંગ્લેન્ડ જઇ બેરિસ્ટર થયા. પણ, અજ્ઞેયવાદી જીન્નાએ ઇસ્લામિક રાષ્ટ્રની સ્થાપના કરી જ્યારે ધાર્મિક ગાંધી સેક્યુલર ભારતના પ્રણેતા બન્યા! ગાંધીની પ્રતીમા ધરાવતા લંડનના પીસ પીર્ક પાસે જ બસ ઉપરનો આત્મઘાતી હુમલો, વીસમી સદીના પ્રબોધકો ટ્રોટસ્કી, ફનોન,ચે ગ્યુવેરા, કાસ્ટ્રો, સ્ટાલીન, માઓ તથા જનસંહારક હીટલરની હરોળમાં અટૂલા પડી જતા નથી? તેવો ઇતિહાસવીદ વિનય લાલનો પ્રશ્ન પણ સૂચક છે.

દાંડીયાત્રાની ઉજવણી પ્રસંગે તથા ગુજરાતના સ્થાપના દિને, ૨૦૦૨ નાં કોમી રમખાણોના પ્રેરક નહીં તો તે પ્રત્યે આંખઆડા કાન કરનાર, ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીની ગાંધી સાથેની તસવીરોમાં રજૂ થયેલા દાવાઓ પણ લેખકની નજર બહાર જતા નથી. ગાંધીની જીવનદૃષ્ટિ અને કાર્યશૈલીથી વિપરીત વર્તનારા, ગાંધીની ટીકા કરનારા પણ ગાંધીનો હવાલો આપતા રહે છે તે સૂચવે છે કે આજે પણ ગાંધી તેમને એક શૂળની માફક ખૂંચે છે. ગાંધીને તેઓ સ્વીકારતા નથી છતાં તેને નકારી પણ શકતા નથી.

પોરબંદરથી સોમનાથની સફર દરમિયાન, હિદું અને મુસ્લિમો વચ્ચેની એકતા દર્શાવતી, ઠેરઠેર આવેલી લીલી ધજા ધરાવતી માતાજીની તથા પીરની દેરીઓ, જ્યારે સોમનાથ મંદિર આવતાં મુસ્લિમ વાહન ચાલકનું અટકી જવું, સોમનાથના પ્રતીક દ્વારા ફેલાવાયેલો મુસ્લિમો પ્રત્યેનો દ્વેષ અને તેના અંગરૂપે ત્યાંથી આરંભાયેલી મોદી-અડવાણીની અયોધ્યાની રથયાત્રા અને બાબરીધ્વંસ તથા રમખાણોની વાત પણ લેખકે સંભારી છે. ગાંધીના સૌરાષ્ટ્રમાંથી જ હિંસા અને અસહિષ્ણુતાના સમર્થક મોદી અને તોગડિયા આવે છે તે વિરોધાભાસનો ઉલ્લેખ પણ લેખક ચૂકતા નથી.

રિલાયન્સના આર્થિક સામ્રાજ્યના સ્થાપક ધીરુભાઇ અંબાણીના જન્મસ્થાન ચોરવાડની મુલાકાત લેખકને બંનેની કાર્યશૈલીની તુલના કરવા પ્રેરે છે. ગાંધી ન્યાયી અને કાનૂની માર્ગે ખુલ્લેઆમ બ્રિટીશ આર્થિક અને રાજકીય સામ્રાજ્યને પડકારે છે તો ધીરુભાઇ તેની સાથે સ્પર્ધા કરી, તેના આર્થિક પાયાનાં મૂળિયાં કાતરીને ઉદ્યોગવીર બને છે. ધીરુભાઇને સાધનશુદ્ધિનો પણ છોછ નથી, 'તક આવે તો ઝડપી લેવી' એ તેમનું સૂત્ર છે.

ગુજરાતમાંથી આરંભાયેલી ગાંધીની આશ્રમ પ્રવૃત્તિ, મજૂર મહાજન, દાંડીયાત્રાની વાત કરવા સાથે વર્તમાન ગુજરાતમાં ગાંધી સ્મારકો, સંગ્રહાલયો, પ્રતીમાઓ, સંસ્થાઓની અવદશા, ગુજરાતમાં પ્રગટેલા કોમી હિંસાના દાવાનાળ જેવી શોચનીય બાબતોનું વિવેચન કરવા સાથે સારાભાઇ કુટુંબના ગાંધી સાથેના સંબંધો, અનસૂયાબહેનનો (પોતાના જ ભાઇ અંબાલાલ સામે પડી) મજૂરોની હડતાળને સાથ આપવો અને મજૂર મહાજનની સ્થાપના કરવી તથા તેમાંથી અલગ થઇ ઇલા ભટ્ટે સ્થાપેલી સંસ્થા 'સેવા'ની કામગીરી અને કાર્યશૈલીનું લેખકે વિવરણ આપ્યું છે. સારાભાઇ કુટુંબનાં મૃદુલાબેન, વિક્રમભાઇ, મૃણાલિની અને મલ્લિકાની કાર્યવાહીનું વિવેચન પણ લેખકે આપ્યું છે.

ગુજરાત તેની સવૈચ્છિક સંસ્થાઓ માટે જાણીતું છે. લેખકે સમય લઇ સર્વોદયની સંસ્થાઓ અને કાર્યને જોયાં નાણ્યાં હોત તો એમને એક હજી પણ ધબકતા ગાંધીનાં દર્શન થાત. ઉપરાંત ગુજરાતમાં અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ (એન.જી.ઓ.) વિવિધ ક્ષેત્રે કાર્યરત છે. આમાંની કેટલીક વૈયક્તિક લાભ માટે ચાલતી પેઢીઓ જેવી હશે પરંતુ આર્ચ, ગણતર, જેવી અનેક સંસ્થાઓ છે, જે પાયાનું કામ કરી રહી છે.

આ સંદર્ભમાં લેખકે રાજસ્થાનમાં દેવડુંગરીમાં કામ કરી રહેલાં અરુણા રૉયના સાથીઓ અને તેમના પ્રયાસથી અમલમાં આવેલા માહિતીના અધિકાર તથા રોજીના હક માટેનાં સફળ આંદોલનોની તેમજ મણિપુરમાં, સંસ્થાનિક કાળના સશસ્ત્ર દળોને વિશેષ સત્તાઓ આપતા કાયદા અને તેના કારણે થઇ રહેલા બેફામ અત્યાચારો તથા તે સામેની લડતનું વિગતવાર ચિત્રણ આપ્યું છે. આ કાયદો રદ કરવા આમરણ ઉપવાસ કરી રહેલાં ઇરોમ શર્મીલાની (જેમને હોસ્પિટલમાં દાખલ કરી બળજબરીથી નળીઓ વાટે પ્રવાહી ખોરાક અપાય છે અને ૧૦ માર્ચ ૨૦૦૯ ના રોજ મુક્ત કરી ફરી ધરપકડ કરાઇ છે અને તેમના સમર્થનમાં હાલ રીલે ફાસ્ટ ચાલી રહ્યા છે.) નોંધ લઇને આજે પણ ગાંધીની જ્યોતને જલતી રાખનારા લડવૈયાઓની કથની રજૂ કરી છે.

ઇમ્હાસ્લી ગાંધીશૈલીની લડતના પ્રથમ ચરણ સમા ચંપારણ્યના મોતીહારીની તથા બિહારની મુલાકાત લેતાં ત્યાંની દરિદ્રતા, આજે પણ ચાલતી જમીનદારોની (ગોરાને સ્થાને કાળા) જોહુકમી, રાજકારણીઓ સાથેની તેમની મીલીભગત અને અત્યાચારોનું ચિત્ર રજૂ કરે છે ત્યારે લાગે કે હજી આપણે ઠેરના ઠેર છીએ. બિહારના જ્ઞાતિવાદી રાજકારણ, યાદવ અને લાલુનું રાજકારણ, ચૂંટણીમાં આચરાતી ગેરરીતિઓથી ખદબદતા આ પ્રદેશમાં એક બાજુ પ્રજાની અવદશા, રસ્તાઓનો પણ અભાવ છે અને બીજી બાજુ નેતાઓના હેલીકોપ્ટરો માટે ઠેરઠેર બંધાયેલાં હેલીપેડ જેવી સ્થિતિ જોઇને ઇમ્હાસ્લીને અહીં જન્મેલા વિખ્યાત 'એનીમલ ફાર્મ'ના (પશુરાજ્ય, અનુ. જયંતી દલાલ) લેખક જ્યોર્જ ઓરવેલની યાદ આવી જાય છે. (પુસ્તકમાં ફાર્મના માલિકને ભગાડી સત્તાધીશ બનેલા ભૂંડોના રાજ્યનો ચિતાર છે. અહીં સામ્યવાદી શાસન સ્થપાય

છે. ભૂંડો સત્તાધીશ બને છે. પછી જાતભાતનાં નિયંત્રણો મુકાય છે, વિરોધીઓને ખતમ કરી દેવામાં આવે છે, અન્ય પ્રાણીઓના હકો પર તરાપ મારવામાં આવે છે. ભૂંડો અન્ય કરતાં વધુ હિસ્સો પડાવે છે અને તેને વાજબી ઠેરવવા એવી દલીલ કરે છે કે અમે આ જનતાના હિતમાં કરી રહ્યા છીએ.)

પરિણામે, બિહારમાં ગાંધીશૈલી ત્યજીને નક્સલવાદીઓ દ્વારા શરૂ થયેલા હિંસક આંદોલનનો વધતો જતો વ્યાપ નજરે ચઢે છે ત્યારે હજી પણ ગાંધીમાર્ગે પરિવર્તન માટે મથતા પ્રકાશ (ચૂંટણીમાં તેમનો પરાજય થયેલો) અને પ્રભાત ઝાની કોશિશો રણમાં વીરડી જેવી લાગે છે.

નાગપુરની મુલાકાતમાં રા.સ્વ.સંઘ (આર.એસ.એસ.)નું અધિવેશન અને બીજા દિવસે આંબેડકરના બુદ્ધ ધર્મ અપનાવવાના દિવસની ઉજવણીનો સમારોહ વર્ણવતાં લેખક એક બાજુ ભારતીય સમાજમાં ઊભરી રહેલાં હિંદુવાદી-નાઝીવાદી બળો તથા બીજી બાજુ હિંદુ સમાજમાં રહેલી અસ્પૃશ્યતા સામે વિકસતા બંડની વિસંવાદિતાને મૂકી આપે છે. ત્યાંથી સહેજ દૂર વર્ધામાં ગાંધી આશ્રમની અને ગાંધીના સ્વપ્નના ભારતની તુલના કરે છે. ગાંધીના સ્વાવલંબી ગ્રામ અર્થકારણને સ્થાને નહેરુએ અપનાવેલી ઉદ્યોગીકરણની નીતિને કારણે સર્જાયેલી ખેતીક્ષેત્રની અવદશાનો ચિતાર આપતાં લેખક જણાવે છે કે સેવાગ્રામ જ્યાં આવેલું છે તે વિદર્ભમાં જ માત્ર છેલ્લાં પાંચ વર્ષમાં કપાસ ઉગાડતા બે હજાર ખેડૂતોએ આત્મહત્યા કરી છે! ખેતી ક્ષેત્રની અવગણનાને કારણે શહેરીકરણનો બોજ વધ્યો છે. દર વર્ષે ૮૦ લાખ લોકો મજૂરીના બજારમાં ફેંકાય છે, જેમાંથી માત્ર પાંત્રીસ લાખને જ ઉદ્યોગો કામ આપી શકે છે.

સાયબરાબાદના પ્રકરણમાં હૈદ્રાબાદ-આંધ્રમાં નાયડુ સરકારે માઇક્રોસોફ્ટવેર તરફ દોટ મૂકી અને જમીનધારાની સુધારણા અને તેના અમલ તથા ગ્રામ્ય વિસ્તારોની અવગણના કરી સર્જેલી વિષમતાનો ઉલ્લેખ કરતાં, લેખક આ વિસ્તારમાં વધી રહેલી નક્સલવાદી પ્રવૃત્તિ તથા તેના નેતા ગદર (વિઠ્ઠલ રાવ)ના વિચારો અને કામગીરીનું વર્ણન કરે છે. હાથમાં ઢોલકી લઇ તેના ઉપર થાપ આપતાં તથા પગે ઘૂંઘરું બાંધી, પોતાના વકતવ્ય સાથે ગીતો લલકારતા આ નેતાની લોકપ્રિયતાનો ચિતાર તેઓ આપે છે. (લેખકે ગદરનાં કેટલાંક ગીતો પણ રજૂ કર્યાં છે.) નાયડુ સરકારના પરાજય બાદ સત્તા પર આવેલી કોંગ્રેસ સરકાર દ્વારા નક્સલવાદીઓ સાથે સમાધાન સાધવા સરકારે કરેલા પ્રયાસોનો પણ લેખક ઉલ્લેખ કર્યો છે. ગદર સાથે હિંસા વિરુદ્ધ અહિંસાની ચર્ચા પણ રજૂ કરી છે. 'સાચું સ્વરાજ થોડાએક લોકો સત્તાધીશ બને તેથી નહીં આવે. પરંતુ સત્તાનો દુરુપયોગ થાય ત્યારે તેની સામે પ્રતિકાર કરવાની ક્ષમતા આમ જનતા પ્રાપ્ત કરશે ત્યારે આવશે.'- જેવા ગાંધીસુત્ર સાથે, લોકશાહી શાસનની સુધારણા માટે હૈદ્રાબાદમાં જ કાર્યરત 'ફાઉન્ડેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ' સંસ્થાની કામગીરીની મુલવણી લેખકની નજર બહાર રહી ગઇ લાગે છે.

આ સાથે બેંગ્લોરની મુલાકાતમાં નારાયણ-સુધા મૂર્તિના ઇન્ફોસીસની કાર્યપ્રણાલી, તેમનાં વેતનમાળખાં (૧-૧૫નો તફાવત) અને આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રે કાર્યરત ઇન્ફોસીસ ફાઉન્ડેશન તથા ગામ, તાલુકા તથા જિલ્લા સ્તરે લોકશાહીકરણની દિશામાં કાર્યરત રમેશ રામનાથનની 'જનાગ્રહ' સંસ્થાને તેઓ ગાંધીના અનુગામી તરીકે જુએ છે.

ગાંધીની અહિંસાને સ્થાને, વિશ્વમાં બીજા ક્રમની સૈન્ય સંખ્યા ધરાવતા અને અણુ કલબના સભ્ય બની ચૂકેલા ભારતની નીતિમાં આવેલા પરિર્વતનને નોંધતાં લેખક જણાવે છે કે અણુ બોમ્બના વિસ્ફોટ સાથે ભારતે એવું સમીકરણ જાહેર કર્યું કે 'અહિંસા નપુંસકતા બરાબર છે ' રા. સ્વ.સંઘના વડા શેષાદ્રીએ કહ્યું કે 'અમે પાઠ શીખ્યા છીએ કે વિશ્વ આ (હિંસાની) ભાષા જ સમજે છે'. ૨૦૦૬માં ભારત અણુ કલબમાં પ્રવેશતાં, 'વૈશ્વિક અણુ-નિઃશસ્ત્રીકરણની' વાત પણ પડતી મૂકવામાં આવી છે. અહીં પ્રશ્ન થાય કે, વર્તમાન વિશ્વની વાસ્તવિકતામાં રાજ્યની ભૂમિકા, શસ્ત્રસજ્જતા અને આંતરિક સમસ્યાઓના ઉકેલમાં અહિંસક માર્ગના સ્વીકાર વચ્ચે કોઇ વિસંવાદિતા છે?

અણુધડાકા સમયે વાજપાઇને પડખે જ ઊભેલા, ભારતની શસ્ત્રસજ્જતા અને મિસાઇલ કાર્યક્રમોમાં અગત્યની ભૂમિકા ભજવનાર; ભારતના વાઇસરોયોના નિવાસસ્થાન સમા રાજભવનમાં વસવા છતાં, એક ઝૂંપડીમાં બેસી પોતાનાં વક્તવ્યો તૈયાર કરતા, ગાંધી પ્રત્યે શ્રદ્ધા ધરાવતા, ભારતને દરિદ્રતાના કળણમાંથી બહાર લાવવાનું સ્વપ્ન સેવતા, ગ્રામ વિસ્તારોને પણ શહેરો જેવી સુવિધાઓ અર્પવા ઇચ્છતા, ભારતના રાષ્ટ્રપતિપદ પર પહોંચેલા એક માછીમારના પુત્ર, અબુલ પકીર જૈનુલઆબેદીન અબ્દુલ કલામ સાથેની મુલાકાતમાં લેખક હિંસા-અહિંસાનો પ્રશ્ન ઉઠાવે છે ત્યારે અબ્દુલ કલામ તેમને 'કરડવું નહીં પણ ફુંફાડો તો રાખવો'ની બોધકથા કહે છે. લેખકની દૃષ્ટિએ અબ્દુલ કલામનું ગાંધીના શાંતિ સંદેશ અને આધુનિક રાજ્યની હિંસા માટેની સજ્જતા સાથેનું સમાધાન અયોગ્ય લાગે છે. લેખકને ગાંધીની અંતિમયાત્રા પ્રસંગે લશ્કરી દબદબા સાથે અપાયેલી વિદાય ખૂંચે છે ત્યારે રામચન્દ્ર ગાંધીનો ઉત્તર છે કે 'સૈનિકોની બંદૂકો જમીન તરફ નમેલી હતી, આ તો અહિંસાને હિંસાનાં પ્રણામ હતાં.'

છેલ્લા પ્રકરણમાં લેખક ગાંધીના વંશજો ગાંધીના વિચારોને કઇ રીતે મૂલવે છે તેનું રસપ્રદ વિવરણ રજૂ કરે છે. ગાંધીનાં ચાર સંતાનો અને પંદર પ્રપૌત્ર-પ્રપૌત્રીઓમાંથી આજે નવ (હવે આઠ) હયાત છે. તેઓ સહુ એક કે બીજી જાહેર પ્રવૃત્તિ સાથે સંલગ્ન છે. દ.આફ્રિકાની રંગભેદની નીતિ સામેની લડતમાં સક્રિય ભૂમિકા ભજવનારાં પ્રપૌત્રી ઇલા તો નેલસન મન્ડેલાની સરકારમાં પ્રધાન હતાં. દેવદાસ ગાંધીનાં ચાર સંતાનો, રામુ (રામચન્દ્ર), રાજમોહન, તારા અને ગોપાલનો સંપર્ક સાધીને લેખકે તેમની સાથે બેઠક યોજી; ગાંધી વિષે વિચારવિમર્શ કર્યો છે. રામુ ફિલસૂફ છે, રાજમોહન ઇતિહાસવીદ છે, તારા ભટ્ટાચાર્ય ગાંધી ખાદી પ્રવૃત્તિમાં ગળાડૂબ છે, ગોપાલ તે સમયે બંગાળના ગવર્નર હતા. ગોપાલ આ બેઠકમાં હાજર ન હતા પરંતુ તેમણે પોતાના વિચારો દર્શાવતો લેખ મોકલી આપ્યો હતો.

ગોપાલને ગાંધીની પ્રસ્તુતતાની ચર્ચા ‘એક પ્રાણવાન, વિનોદી, સંક્ષોભક, ઉપદેશક, અકળામણ પેદા કરનાર, કાળજી ધરાવતા પારસમણિને એક કંટાળાજનક વ્યકતી બનાવી દેવા’ જેવી જણાય છે. તે માને છે કે આ, ‘જે વેચાઉ નથી તેનું વેચાણ કરવાની કોશિશ કરવા જેવું છે. ગાંધી મફતમાં મળે છે છતાં તે વ્યક્તિઓ, સંસ્થાઓ અને સમાજ પાસેથી વર્તનમાં એવા પરિવર્તન માટેની ઊંચી અપેક્ષા રાખે છે કે જેની કીમત બહુ મોટી છે.’ રામુ, ગાંધીની પ્રતીમાઓ કે ચલણી નોટો પર ગાંધીની છબીના વિરોધી નથી. તે માને છે કે આથી ખોટું વર્તન કરનારનો આત્મા ડંખશે. જ્યારે ગોપાલ માને છે કે ભ્રષ્ટાચાર આચરનારાઓને આથી કોઇ ફરક પડતો નથી.

તારાએ આજે પણ પ્રવર્તમાન અસમાનતા, દરિદ્રતાનો ઉલ્લેખ કર્યો જેને સમર્થન આપતાં ગોપાલે જણાવ્યું  હતું કે વચનો હજી અપૂર્ણ રહ્યાં છે.

રાજમોહને જણાવ્યું કે ભારતના એક રાષ્ટ્ર તરીકેના અસ્તિત્વને નકારતાં જહોન સ્ટેર્ચી કે ચર્ચીલના પ્રત્યુત્તરમાં ગાંધીએ ભારતને એકતા ધરાવતા રાષ્ટ્ર તરીકેની ઓળખ બક્ષી, કરોડો લોકોને તેમની સાથે ઐક્ય અનુભવતા કર્યા તથા વિવિધ કોમો અને જૂથોને એક તંતુમાં બાંધ્યા. વધુમાં, રાજમોહને રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચેની ભેદરેખા રજૂ કરતાં જણાવ્યું કે ગાંધી રાષ્ટ્રપિતા હતા અને નહીં કે રાજ્યના. રાજ્ય દમનકારી છે અને સત્યાગ્રહ તેની સામેના પ્રતિકારનું શસ્ત્ર છે. રામુએ ઉમેર્યું કે સત્યાગ્રહ અહિંસક પ્રતિકારનું સાધન હોવા ઉપરાંત તેમાં સત્યની ખોજ અને તેને વળગી રહેવાની વાત પણ સમાયેલી છે.

ગોપાલની માન્યતા છે કે ગાંધીમાર્ગે ચાલનારાઓએ જો દરિદ્ર કિસાનોની સમસ્યાઓ હાથ ધરી હોત તો નકસલવાદના પ્રસારને રોકી શકાયો હોત. રાજમોહને રાજ્યની વધતી જતી દખલ, ગ્રામકેન્દ્રી સમાજને સ્થાને ઉદ્યોગીકરણ માટેની દોડ, ગાંધીવિચારથી વિપરીત દિશામાં દોરી જાય છે તેવું મંતવ્ય વ્યકત કર્યું. તેની સાથે સંમત થતાં રામુએ જણાવ્યું કે ઉદ્યોગો પ્રત્યેનો ગાંધીનો ભય અતિશયોક્તિપૂર્ણ હશે અને ગામડા વિષેનો તેમનો ખ્યાલ રંગદર્શી હશે પણ આ બંને ખ્યાલો તેમની મૂળભૂત પ્રતીતિની પેદાશ છે. તેઓ દૃઢપણે માનતા હતા કે કારખાનાં, અમલદારશાહી કે બજારમાં આર્થિક પ્રવૃત્તિનું કેન્દ્રીકરણ વ્યક્તિની સ્વાયત્તતા પર તરાપ મારે છે અને તે એક પ્રકારની હિંસા છે.

ગાંધી સામાજિક ભેદભાવના વિરોધી હતા અને દલિતોના ઉત્કર્ષ માટે સચિંત હતા છતાં દલિતોનો ગાંધી પ્રત્યેનો રોષ જોતાં, શું ગાંધી હિંદુ-મુસ્લિમ ઐક્યની માફક આ બાબતમાં પણ નિષ્ફળ ગયા છે? તેવા સવાલના પ્રત્યુત્તરમાં રામુએ જણાવ્યું કે દલિતોની દૃષ્ટિએ વર્ણવ્યવસ્થા હિંદુધર્મના અવિભાજ્ય અંશરૂપ છે. પરિણામે હિંદુધર્મ સાથે સંકળાયેલી કોઇપણ બાબત પ્રત્યે તેમને ભારે રોષ છે. જ્યારે ગાંધી પોતે મૂલતઃ હિંદુ હોવાનું કબૂલ રાખતા હતા. ગાંધીને સ્વીકારનારાઓ હિંદુધર્મની ઘણી બાબતોને પણ સ્વીકારી લે છે. પરિણામે આ સ્થિતિ સર્જાઇ છે. રાજમોહને પણ જણાવ્યું કે ગાંધીવાદીઓ અને હિંદુ અગ્રવર્ગ દલિતોને એ પ્રતીતિ કરાવવામાં નિષ્ફળ રહ્યા છે કે આ ભેદભાવ નાબૂદ કરવા માટે અમે કટીબદ્ધ છીએ. ઉપરાંત, ગાંધી જે સાંસ્કૃતિક અને ઐતિહાસિક પરિવેશમાં લડત આપી રહ્યા હતા તે પણ લક્ષમાં રાખવાની જરૂર છે. તેમનું પ્રથમ લક્ષ્ય બ્રિટીશ સામ્રાજ્યની ચુંગાલમાંથી મુક્તિ હતું અને તે માટેની લડતની વ્યૂહરચનામાં બહુમતી હિંદુઓનો સાથ જરૂરી હતો. આ બહુમતીને ઉદ્યુક્ત કરવા હિંદુ ધર્મનાં પ્રતીકોનો ઉપયોગ જરૂરી હતો. રામુએ તેમાં ઉમેરણ કરતાં જણાવ્યું કે ગાંધીની દૃષ્ટિએ દલિતો પણ હિંદુ હતા અને તેમને તે અલગ કરવા ચાહતા ન હતાં પરિણામે તેમનું વલણ સુધારાવાદી રહ્યું. તેમણે કોશિશ કરી અને નિષ્ફળ ગયા. (મારી દલીલ રહી છે કે, રાષ્ટ્રીય આંદોલનમાં હિંદુ પ્રતીકોના ઉપયોગને કારણે ભારતમાં વિકસતાં સેક્યુલર અને પ્રબોધન એનલાઇટનમેન્ટ-ના આંદોલનને ધક્કો પહોંચ્યો હતો.)

રાજમોહને ભારતના અણુ બોમ્બના ધડાકાને ગાંધીના સીધેસીધા ઇન્કાર બરાબર ગણાવ્યો અને રામુએ તેમાં પૂર્તિ કરતાં જણાવ્યું કે આ દર્શાવે છે કે આપણે ભારતીયો અને પાકિસ્તાનીઓ, હિંદુઓ અને મુસ્લિમો એકબીજાને નેસ્તનાબૂદ કરવાની હદે જવા જેટલા એકબીજાને ધિક્કારીએ છીએ. આપણે તેમાં ગૌરવ લેવાને બદલે શરમાવા જેવું છે.

લેખક સમાપનમાં નાંધે છે કે ગાંધી નાગરિક સમાજમાં હજી કયાંક કયાંક ધબકે છે પણ રાજકારણમાંથી તેમને હાંકી કાઢવામાં આવ્યા છે. ગાંધીમાં, વાસ્તવવાદ (અર્થલીનેસ) અને અધ્યાત્મવાદ, સાદાઇ અને સુરુચિતા, દૃઢતા અને વ્યવહારીપણું, સહિષ્ણુતા અને આવેશપૂર્ણ જુસ્સો, ગામડિયાપણું અને વૈશ્વિકતા જેવા ભારતીય વિરોધાભાસોનો સરવાળો છે. પરંતુ આ માનવીએ પોતાના જીવનને એક સ્ફટીક જેવું બનાવી પારદર્શક સંદેશો પણ આપ્યો છે. આમ છતાં આજે પણ ભારત અનેકવિધ અવાજોનો શંભુમેળો છે જે આકર્ષક, ઉત્તેજક અને અકળામણ પ્રેરક (એકઝાસ્પરેટીંગ) છે.

ભારતમાં ગાંધી કયાં અને કેટલા પ્રમાણમાં મરી પરવાર્યા છે કે જીવંત છે, પ્રસ્તુત રહ્યા છે કે નહીં, તેનું વર્ણનાત્મક અને વિવેચનાત્મક ચિત્ર આ પુસ્તકમાં લેખકે સુપેરે રજૂ કર્યું છે. અલબત્ત, પુસ્તકના અંતે નામ-વિષય સૂચિની ગેરહાજરી સાલે છે. પુસ્તકમાં એટલી વ્યક્તિઓ, વિચારો, સંસ્થાઓ, પ્રવૃત્તિઓ અને સંઘર્ષોની કથની અને વિવેચન લેખકે ઠાંસી ઠાંસીને ભર્યાં છે કે બે ત્રણ પાનાંમાં તેની વાત કરવી લેખકને અન્યાય કરવા બરાબર ગણાય. આમ છતાં આ પરિચય વાંચીને મૂળ પુસ્તક વાંચવાની પ્રેરણા થાય તો આ પ્રયાસની સાર્થકતા ગણાશે.

એ હકીકત પણ લક્ષમાં રાખવા જેવી છે કે જ્યારે કોઇ વિચારક પ્રવર્તમાન પરિસ્થિતિમાં પરિવર્તન ઝંખતો આંદોલનકાર બને છે, ત્યારે તેના વિચારો અને પરિવર્તનની વ્યુહરચના વચ્ચે ક્યારેક વિસંવાદ પણ જન્મે છે. તેને, પોતાના હેતુઓની સિદ્ધિ માટેની વ્યુહરચના પ્રવર્તમાન ઐતિહાસિક અને પ્રજાના સાંસ્કૃતિક સંદર્ભમાં કામ કરવાનું હોય છે. પરિણામે, તેનાં શાશ્વત મૂલ્યો અને કાર્યક્રમો વચ્ચે અસંગતતા જણાય. તેના સંદેશમાં કેટલુંક સમયાધીન હોય તો કેટલુંક સમયાતીત હોય. આ સાચું કે ગાંધીએ આ બંને વચ્ચેની સાંકળ જાળવી રાખવાની જાગૃતિ સતત દર્શાવી છે. પરંતુ તેમના વિચારો કે કાર્યપદ્ધતિમાં કેટલુંક કાલગ્રસ્ત હોય, કેટલુંક અસ્વીકાર્ય અને કેટલુંક વિવાદાસ્પદ પણ હોય. આમ છતાં, ગાંધીની અનેક વાતો આજે પણ માત્ર ભારત જ નહીં, વિશ્વની પ્રજાઓ માટે પણ પ્રસ્તુત અને માર્ગદર્શક છે તે વાતનો ઇન્કાર થઇ શકે નહીં.■

**Goodbye to Gandhi? Travels in The New India by Bernard Imhasly (published in German as Abschied van Gandhi?) Translated by Ritu Khanna Penguin/ Viking 2007. p. 195. Rs. 425**

*(૧૦, કાદમ્બરી સોસાયટી, સુરેન્દ્ર મ. રોડ, અમદાવાદ)*

---

**વાર્તા**

# વિવેક

**કર્દમ ર. મોદી**

વર્ષો પહેલાં સ્વર્ગસ્થ કવિશ્રી ઉમાશંકર જોશીએ વિશ્વરાજ્યની કલ્પના એક કવિતામાં વહેતી મૂકેલી. જેના અંતર્ગત સમગ્ર વિશ્વના માણસો એક જ રાજ્યના નાગરિક હોય તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી હતી. આવું થવાથી પ્રજા-પ્રજા વચ્ચેના, દેશ-દેશ વચ્ચેના અને સંસ્કૃતિ-સંસ્કૃતિ વચ્ચેના સીમાડા નાશ પામે, જેના પરિણામે મનુષ્યની માનસિક સંકુચિતતા અને પ્રજા-ધર્મ-ભાષા-દેશ અને સંસ્કૃતિને લગતા ગૂંચવાડા પણ નાશ પામે. ખરેખર, આ એક ઉદાત્ત ભાવના અને કલ્પના હતી. પરંતુ વર્તમાન વિશ્વની કડવી વાસ્તવિકતાઓને જોતાં કવિએ કરેલી આ કલ્પના આદર્શવાદી લાગે અને મહદ્અંશે અસંભવ પણ લાગે.

મને પણ એવું જ લાગેલું. મારામાં પણ વિશ્વરાજ્યની કલ્પના વિશે નકારાત્મક ખ્યાલો જ દૃઢ થયેલા હતા. આથી એ વિશે વધારે વિચારવાની તૈયારી પણ નહોતી. પરંતુ એક નાની સરખી ઘટનાએ મારા ભ્રમને તોડી નાખ્યો અને લાગ્યું કે કયાંક વિશ્વરાજ્ય પણ અસ્તિત્વ ધરાવે છે અને એ ક્યાંક એટલે અમારા નાના વિવેકના મનોજગતમાં.

વિવેક આશરે ત્રણ વર્ષનો થયો ત્યારે તેનામાં સામાન્ય સમજણનો આવિર્ભાવ થતો જોયો. જુદી-જુદી વસ્તુઓ, વ્યક્તિઓ અને ઘટનાઓ માટે તે અભિપ્રાય આપવા લાગ્યો ત્યારે બધાં માતા-પિતાની જેમ અમે પણ ખુશ થવા લાગ્યાં. પરંતુ એના શબ્દો પર ધ્યાનથી વિચાર કરતાં અમને જણાયું કે વિવેકને આનંદ મેળવવા માટે ફૂટેલા માટલાનાં ઠીકરાં પણ કાફી છે. એને ફોન, ફ્રીજ, ટી.વી. ની કશી અનિવાર્યતા નથી. એ જ રીતે ઘરમાં આવતી વ્યક્તિઓ કે સંબંધીઓ એને માટે માત્ર અને માત્ર માણસો જ હતાં. એ બધાંની સાથે હળીમળીને રમતો અને બધાંને મજા કરાવતો. ત્યારે એને એ જાણવું જરૂરી નહોતું કે સામેની વ્યક્તિ આપણી જ્ઞાતિની છે કે આપણા જ સમાજની છે કે આપણા જ ધર્મની

છે. સામેની વ્યકિત સ્ત્રી છે કે પુરુષ છે એ પણ એને માટે મહત્ત્વનું નહોતું. બસ, માણસ છે અને એ કાફી છે.

રસ્તે જતાં મંદિર, મસ્જિદ કે ચર્ચ આવે ત્યારે અમને એ પૂછે અને અમે કહીએ કે અહીં લોકો પ્રાર્થના કરવા જાય છે. એ આનો અર્થ એવો કરતો કે ગમે તે માણસ ગમે ત્યાં પ્રાર્થના કરવા જઇ શકે. એને કોઇ રોકે નહીં. એ અમને મંદિર, મસ્જિદ કે ચર્ચ અંદરથી જોવાનું કહે ત્યારે અમે એને પ્રાર્થના કરવાનું સ્થળ તરીકે વર્ણવીને જ બતાવતાં.

ત્યાર બાદ અમારે ઘરે ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ અને અમેરિકાથી કેટલાક મિત્રો આવ્યા ત્યારે એને લાગ્યું કે આ દુનિયામાં જુદી-જુદી જાતના માણસો તો જરૂર છે પણ એ બધા મુક્ત રીતે એકબીજાને મળી શકે છે અને આવન-જાવન પણ કરી શકે છે. એને ભેટમાં મળેલી વસ્તુ માટે એ એવું યાદ રાખે કે આ ઓસ્ટ્રેલિયાવાળા કાકાએ આપેલી અને આ અંકલેશ્વરવાળા કાકાએ આપેલી. ઘરમાં આવતા પત્રો બાબતે પણ એ અચૂક પૂછે કે, ''આ પત્ર કાયાંથી આવ્યો? હમણાંથી પેલા ફ્રાન્સવાળા કાકાનો કાગળ નથી આવતો. એમની બદલી થઇ છે કે શું?'' ત્યારે હું કહું કે, ''હા. હમણાં ફ્રાન્સમાં પ્રાથમિક શિક્ષકોનો બદલીનો કેમ્પ થયો છે આથી એ બીજે ગયા હશે.''

સૈનિકો અને બંદૂકો બાબતે વાર્તા સાંભળી-સાંભળીને એણે એવું માની લીધેલું કે એનો ઉપયોગ ચોર, લૂંટારા માટે કરવાનો હોય છે અને સૈનિકોનું કામ ચોરોને ભગાડી મૂકવાનું હોય છે. અમારા માટે કશું કહેવાનો અવકાશ જ નહોતો. કયારેક એ જ અમને ફરમાઇશ કરે કે મને જ એકાદ નાની બંદૂક લાવી આપોને, મારેય થોડા ચોર- લૂંટારાને મારી હટાવવા છે. અમે એને દિવાળીની પ્રતીક્ષા કરવાનું કહીએ.

ક્રમશઃ બનતા એક પછી એક અનુભવોને આધારે અમને એ બાબતની ખાતરી થઇ ગઇ કે વિવેકના મનમાં કવિ શ્રી ઉમાશંકર જોશીનું વિશ્વરાજ્ય ખરેખર અસ્તિત્વ ધરાવતું હતું. વિવેકને મન દેશો કે પ્રજાઓ કે સંસ્કૃતિ કે ભાષા વચ્ચેના કોઇ સીમાડા અસ્તિત્વ ધરાવતા નહોતા એના મતે કોઇપણ માણસ આ દુનિયમાં મુક્ત વિહાર કરવા માટે મુક્ત છે અને આ દુનિયા કોઇપણ માનવીની છે.

પરંતુ સમય અને ભરતી કોઇની રાહ જોતાં નથી તેમ કાળચક્રની ગતિ સાથે સાથે વિવેક પણ મોટો થતો ગયો. વાંચતાં શીખી ગયો. વધારે 'સમજતો' થઇ ગયો. જિજ્ઞાસા અને પ્રશ્નોત્તરી વધી. ટી.વી.માં ભારત-પાકિસ્તાનની ક્રિકેટમેચ અને તેની હારજીતની ઉજવણી તેણે જોઇ. ખાસ તો એણે એથેન્સમાં યોજાયેલી ઓલિમ્પિક ટી.વી.માં જોઇ. એની સાહસિક અને દિલધડક રમતો (ખાસ કરીને જિમ્નાસ્ટીક) અને એના વિજેતા દેશો વગેરે વિશે એણે પૂછવાનું ચાલુ કર્યું, જે ઓલિમ્પિક બતાવીને માણસમાં પડેલી શક્યતાઓનું દર્શન કરાવવાનો અમારો હેતુ હતો એ દર્શન કરતાં કરતાં એ પાંચ વર્ષના માસૂમ ભૂલકાએ એ પણ જાણી લીધું હતું કે આ દુનિયા એક નથી પણ એના ઓછામાં ઓછા બસો ને બે ટુકડા થયેલા છે. અહીં 'વિશ્વરાજ્ય'ની સમાપ્તિનો મૃત્યુઘંટ વાગ્યો હતો.

ત્યાર પછી એણે કેટલીક ઐતિહાસિક વ્યક્તિઓનાં જીવન વિશે જાણ્યું અને ઐતિહાસિક ફિલ્મો પણ જોઇ ત્યારે એને ખબર પડી કે હજુ પણ દેશોના ટુકડા થવાનો ઘટનાક્રમ અટક્યો નથી. અને કશા જ વાંક-ગુના વગર માણસોને લડવા માટે તૈયાર કરીને લશ્કર બનાવીને બે દેશો વચ્ચે ઊભા રાખવામાં આવે છે. સૈનિકોનો ઉપયોગ ચોર-લૂંટારા માટેનો છે જ નહીં, એ એને ખાતરી થઇ ગઇ. થોડાં વર્ષો પૂર્વે અમેરિકાએ ઇરાક પર હુમલો કરીને સદ્દામની સત્તા છીનવી લીધી ત્યારે એણે લાગલાગટ પ્રશ્ન કર્યો કે, . . .'પણ પપ્પા, અમેરિકાવાળા આવું કરી જ કઇ રીતે શકે?' હું ચૂપ રહ્યો. મારામાં એનું વિશ્વરાજ્ય બચાવવાની શક્તિ નહોતી.

હવે વિવેક છ વર્ષનો થઇ ગયો છે. વાંચતાં-લખતાં 'બરાબર' શીખી ગયો છે. છાપાં નિયમિત જુએ છે, ટી.વી. ના સમાચારો વિશે પૃચ્છા પણ કરે છે. યુનિફોર્મ પહેરીને નિયમિત શાળાએ જાય છે. જયાં તેને વિશ્વનો નકશો બતાવવામાં આવે છે. જુદાજુદા દેશોની સીમા અને ક્ષેત્રફળના આંકડાઓની  ભૂમિતિમાં કદાચ ખબર ન પડે એ માટે નકશાના વિવિધ ભાગોને વિવિધ રંગોથી રંગવામાં આવ્યા છે, જેથી એને શંકા ન રહે કે આ દુનિયા અવિભાજિત નથી. વળી, વર્ગશિક્ષક દ્વારા 'તારું નામ શું છે?' એ પ્રશ્નના પુનરાવર્તન દ્વારા એ એને સતત જણાવવામાં આવે છે કે એ 'વિવેક' છે (માણસ નથી). વળી ગામ, તાલુકો, જિલ્લો, રાજ્ય, દેશ અને ક્યારેક તો ખંડ વિશે પૂછી-પૂછીને એના સામાન્ય જ્ઞાનને ચકાસવામાં આવે છે.

આજે એને ખાતરી થઇ ગઇ છે કે પોતે કયા ભૂભાગ પર ઊભો છે અને પોતાનું નામ શું છે? વળી, વિશ્વરાજ્યનું તો હવે એના મનમાં ખંડેર પણ બચ્યું નથી. આથી એનું ભૂગોળનું જ્ઞાન પ્રશંસનીય ગણાય છે! ■

*(સેંટ ઝેવિયર્સ, દેડિયાપાડા, જિ-નર્મદા ૩૯૩ ૦૪૦)*

***Among the traditions we must count as the most important is what we may call the 'moral framework' (corresponding to the institutional 'legal framework') of a society. This incorporates the society's traditional sense of justice or fairness, or the degree of moral sensitivity it has reached. This moral framework serves as the basis which makes it possible to reach a fair or equitable compromise between conflcting interests where this is necessary. It is, of course, itself not unchangeable, but it changes comparatively slowly. Nothing is more dangerous than the destruction of this traditional framework. (Its destruction was consciously aimed at by Nazism.) In the end its destruction will lead to cynicism and nihilism, i.e. to the disregard and the dissolution of all human values.***

***Karl Popper (1963)***

***Freedom of thought, and free discussion, are ultimate Liberal values which do not really need any further justification. Nevertheless, they can also be justified pragmatically in terms of the part they play in the search for truth.***

***Truth is not manifest; and it is not easy to come by. The search for truth demands at least***


***(a) imagination***

***(b) trial and error***

***(c) the gradual discovery of our prejudices by way of (a), of (b), and of critical discussion.***

***Karl Popper (1963)***

RNI No. GUJMUL/2007/21517



Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

- Rabindranath Tagore - Gitanjali

Khoj - Jeevan Ek Avirat Khoj May-June 2009 Volume 3 Issues 3
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development,
E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara